# શ્રદ્ધાનાં સુમન

કુમારપાળ દેસાઈ



જીવનમાં શ્રદ્ધાની સુગંધ પ્રગટાવતાં પ્રસંગપુષ્પો

# શ્રદ્ધાનાં સુમન

કુમારપાળ દેસાઈ


પ્રાપ્તિસ્થાન

**ગૂર્જર સાહિત્ય ભવન**

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001

ફોન : 079-22144663, 22149660

e-mail : goorjar@yahoo.com. web : gurjarbooksonline.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ, સિટી સેન્ટર પાસે, સીમા હૉલ સામે,

100 ફૂટ રોડ, પ્રહ્‌લાદનગર, અમદાવાદ ૩૮૦૦૧૫

ફોન : 26934340, 98252 68759 - gurjarprakashan@gmail.com

કિંમત : રૂ. 120 પહેલી આવૃત્તિ : 2016

**SHRADDHA NA SUMAN**
by Kumarpal Desai
Published by Gurjar Granth Ratna Karyalaya, Ahmedabad-1

© કુમારપાળ દેસાઈ

પૃષ્ઠ : 10+150
ISBN : 978-93-
નકલ : 1250

પ્રકાશક : **ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
અમરભાઈ ઠાકોરલાલ શાહ : રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ,
અમદાવાદ-380001 ફોન : 22144663,
e-mail : goorjar@yahoo.com
****

મુદ્રક : **ભગવતી ઑફસેટ**
સી/૧૬, બંસીધર એસ્ટેટ, બાલડોલપુરા, અમદાવાદ-380 004



**પ્રકાશક**

**અર્પણ**

ધર્મનિષ્ઠ અને સેવાભાવી
આનંદી અને કર્મયોગી
**શ્રી હેમંતભાઈ બ્રોકર**
તથા
**શ્રી હંસાબહેન બ્રોકરને**
અર્પણ

## આરંભે

આતંકવાદથી જાગેલા આક્રંદથી ઘેરાયેલું આ વિશ્વ દ્વેષો, ક્લેશો, જાતિઓ અને દેશોમાં વિભાજિત થઈ રહ્યું છે અને ખુદ માનવ-અસ્તિત્વ સામે એક પડકાર ઊભો થયો છે. ટૅક્નોલૉજીની આંગળીએ ચાલતી માનવબુદ્ધિ અને પર્યાવરણનો નૃશંસ વિનાશ કરી રહેલા માનવી સામે આજે અનેક પ્રશ્નો છે. આપણાં સઘળાં માનવમૂલ્યો દ્રાવણપાત્રમાં આવીને ઠર્યાં છે અને એવે સમયે મનુષ્યજાતિની ઉચ્ચ અને ઊર્ધ્વ ભાવનામાં શ્રદ્ધા રોપે એવાં કેટલાંક સુમન અહીં પ્રસ્તુત કર્યાં છે.

આ પ્રસંગોમાં વિષયોનું વૈવિધ્ય છે, પરંતુ એ બધામાંથી એક સૂર તો માનવતાનો પ્રગટે છે. માનવીના ભીતરના વિશ્વથી માંડીને બહારની દુનિયા સુધીના સઘળા સંબંધોને સ્પર્શે તેવા વિચારો આ પ્રસંગોમાંથી પ્રાપ્ત થશે.

આ પૂર્વે લખાયેલાં 'મોતીની માળા', 'તૃષા અને તૃપ્તિ', 'ઝાકળ બન્યું મોતી', 'ઝાકળભીનાં મોતી', 'ફૂલની આંખે, ઝાકળ-મોતી' જેવાં મૌલિક રીતે જીવન જોવાની દૃષ્ટિ આપનારાં પુસ્તકોની માફક આ 'શ્રદ્ધાનાં સુમન'ને પણ વાચકો આવકારશે.

આ પુસ્તકના પ્રકાશન માટે શ્રી મનુભાઈ શાહે ખૂબ જહેમત ઉઠાવી છે, તેમનો આભારી છું.

આશા રાખું છું કે આ પુસ્તક સહુ કોઈને એકાદ નાનકડું પ્રેરણાકિરણ આપી જશે.

**૨૨-૭-૨૦૧૬** **કુમારપાળ દેસાઈ**

અમદાવાદ



## અનુક્રમ


| | |
|---|---|
| ૧. અપ્રગટને પામવા પ્રયત્ન કરવો પડે ! | 1 |
| ૨. તમારી કોટડીના દરવાજા ખુલ્લા રાખો | 3 |
| ૩. શાંતિ ઉછીની કે ઉધાર મળતી નથી ! | 5 |
| ૪. જુશિયાએ સ્વર્ગમાં મંદિરો જોયાં ! | 8 |
| ૫. પ્રસન્નતા છલકાઈ ઊઠી | 10 |
| ૬. આશીર્વાદ કે તમારું ગામ ઉજ્જડ થાય ! | 12 |
| ૭. એક બોલે ત્યારે બીજાએ શું કરવું ? | 15 |
| ૮. ફકીરી અને સોદાગીરીમાં ભેદ છે ! | 17 |
| ૯. મનની હવાની દિશા બદલી નાખો | 19 |
| ૧૦. આશ્રમને જોઈએ સેવા અને સંપત્તિ | 21 |
| ૧૧. કાંટામાં ગુલાબ ખીલવતી દૃષ્ટિ | 23 |
| ૧૨. મુક્તિ તરફ મુખ માંડનારા ક્યાં? | 25 |
| ૧૩. કીર્તિ છોડે તે કલ્યાણ પામે ! | 27 |
| ૧૪. ઈશ્વરભક્તિ વિના આસક્તિ મળશે ! | 29 |
| ૧૫. પરમાત્માને કોતરવા પીડા સહેવી પડે | 31 |
| ૧૬. લયલાને જોવા મજનૂની આંખ જોઈએ ! | 33 |
| ૧૭. ઓરડામાં મધરાતે સૂરજ ઊગ્યો ! | 35 |
| ૧૮. દીવાના થઈએ તો દેવ મળે | 37 |
| ૧૯. શેતાન પણ હું અને ખેડૂત પણ હું | 39 |
| ૨૦. તમે ઠોકર મારી, તે હું ગ્રહણ કરું ! | 41 |
| ૨૧. સ્વર્ગ અને નરક હાજરાહજૂર છે ! | 43 |
| ૨૨. લીલાં સાથે સૂકાં પાંદડાં જોઈએ ! | 45 |
| ૨૩. મૈત્રી સદા હૃદયમાં વસે છે ! | 47 |
| ૨૪. જીવન ફરિયાદથી કે ઈશ્વરની યાદથી ! | 49 |
| ૨૫. શૂન્યને મળે છે શૂન્ય ! | 51 |

૨૬. ભોજનને ભીતર સાથે સંબંધ છે, ભાઈ ! 53
૨૭. કૃષ્ણની હાજરીમાં રથ ભસ્મીભૂત થયો ! 55
૨૮. મારી માતાને આ ગમશે કે નહીં ? 57
૨૯. પગને બદલે પાંખો ધરાવતો પુરુષ ! 59
૩૦. સામાન્ય કામમાં સહાય ન લઈએ 61
૩૧. ફી આપવી તે મારું કર્તવ્ય છે 63
૩૨. જીવનરીતિ જ મૃત્યુ પછીની ગતિ ! 65
૩૩. મારા જેવો હકીમ ક્યાં ? 67
૩૪. સત્ય સજ્જન માટે હોય 69
૩૫. જીવ-સેવા એ જ શિવ-સેવા છે ! 71
૩૬. ભીતરમાં થોડી આગ બાકી છે ખરી ? 73
૩૭. આળસુના જીવનમાં અસ્તાચળ જ હોય ! 75
૩૮. ધરતીના લોક આકાશ તરફ જુઓ ! 77
૩૯. ઈર્ષા કે ભય કદી ઉત્કૃષ્ટ બનાવશે નહીં ! 79
૪૦. સદ્તત્ત્વોમાં શ્રદ્ધા એ સાહસ છે ! 81
૪૧. દાન આપતાં માથું ઝૂકી જાય છે ! 83
૪૨. મારા કરતાં કૂતરો વધુ ક્ષમાશીલ 85
૪૩. અધિક સંગ્રહ અંતે કષ્ટદાયી બને છે ! 87
૪૪. મારું મન બેચેન રહેશે ! 89
૪૫. ફકીરી એ વેદના નહીં, પણ મોજ છે ! 91
૪૬. ઇચ્છાની દોડ અંતે દુઃખ લાવે છે 93
૪૭. પ્રાણથી પણ અમૂલ્ય આ ખજાનો છે ! 95
૪૮. ઈશ્વરને મારા પર પણ વિશ્વાસ છે ! 97
૪૯. જે એકલો ખાય, એને કૂતરો કરડે છે ! 99
૫૦. જીવ બચાવવો તે મારો ધર્મ છે 101
૫૧. સંપત્તિ સાથે અહંકાર ત્યાગવો જોઈએ ! 103
૫૨. સિદ્ધિથી ઘમંડ પ્રગટ ન થવો જોઈએ ! 105





૫૩. ખુદાની બંદગી કરી હોત તો ! 107
૫૪. કવિતા લખે, પ્રજાનું પેટ ભરાતું નથી ! 109
૫૫. એટલે મને ઈશ્વરે એક આંખ આપી છે ! 111
૫૬. આજે અરણ્યમાં, તો કાલે અયોધ્યામાં ! 113
૫૭. જુગારી અને પૂજારીને સરખી સજા ! 115
૫૮. ધન-દોલત અંધ બનાવે છે 117
૫૯. જેવા સંસ્કાર હશે, તેવું ફળ મળશે ! 119
૬૦. દુઃખનું પોટલું બદલવા દોડાદોડી ! 121
૬૧. પુરોહિત રાવણના રામને આશીર્વાદ ! 123
૬૨. મારાં કરતાં તમે વધુ યોગ્ય છો ! 125
૬૩. માર મારનારને મીઠાઈ ખવડાવો 127
૬૪. સંઘર્ષ જ સત્ત્વ અને શક્તિ આપે છે 129
૬૫. 'હું' સર્વસ્વ નથી, પણ શૂન્ય છું 131
૬૬. પરમાત્મા પરિશ્રમ માગે છે 133
૬૭. પ્રાણ લેશે પણ આત્મા નહીં લઈ શકે 135
૬૮. તારી માફક દુનિયા નાસમજ છે ! 137
૬૯. હું મારા સ્વભાવને છોડી શકું નહીં ! 139
૭૦. એ પ્રકાશ કદી બુઝાતો નથી ! 141
૭૧. જાતમહેનતથી જ જાત સ્વસ્થ બનશે 143
૭૨. એ પહેલાં હતો, એવો આજે નથી 145
૭૩. જુઓ ! અત્યારે પણ એ જ ઉંમર છું ! 147
૭૪. મનને નિર્મળ કરવાનો ઉપાય 149

## ❑ કુમારપાળ દેસાઈ ❑

### સાહિત્યસર્જન

**વિવેચન :** શબ્દસંનિધિ * ભાવન-વિભાવન * શબ્દસમીપ * સાહિત્યિક નિસબત
**ચરિત્ર :** લાલ ગુલાબ * મહામાનવ શાસ્ત્રી * અપંગનાં ઓજસ * વીર રામમૂર્તિ * સી. કે. નાયડુ * ફિરાક ગોરખપુરી * લોખંડી દાદાજી * લાલા અમરનાથ * આફતોની આંધી વચ્ચે સમૃદ્ધિનું શિખર * માનવતાની મહેંક * જીવતરની વાટે, અક્ષરનો દીવો * તન અપંગ, મન અડિખમ * માટીએ ઘડ્યા માનવી
**પત્રકારત્વ :** અખબારી લેખન * **અનુવાદ :** નવવધૂ (આફ્રિકન લેખક ઑસ્ટિન બુકેન્યાની નાટ્યકૃતિનો અનુવાદ) * **નવલિકાસંગ્રહ :** એકાંતે કોલાહલ
**સંપાદન :** સાહિત્ય અને પત્રકારત્વ * નર્મદઃ આજના સંદર્ભમાં * બાળસાહિત્ય સંગોષ્ઠિ * એકવીસમી સદીનું બાળસાહિત્ય * અદાવત વિનાની અદાલત * એક દિવસની મહારામી * હું પોતે (નારાયણ હેમચંદ્ર) * The unknown life of Jesus Christ * ચંદ્રવદન મહેતા નાટ્યશ્રેણી ભા. ૧ થી ૫
**ચિંતન :** ઝાકળ ભીનાં મોતી ૧-૨-૩ * મોતીની ખેતી * માનવતાની મહેક * તૃષા અને તૃપ્તિ * શ્રદ્ધાંજલિ * જીવનનું અમૃત * દુઃખની પાનખરમાં આનંદનો એક ટહુકો * મહેંક માનવતાની * ઝાકળ બન્યું મોતી * ક્ષણનો સાક્ષાત્કાર * ફૂલની આંખે, ઝાકળ મોતી * ક્ષણનો ઉત્સવ * પ્રસન્નતાનાં પુષ્પો * શ્રદ્ધાનાં સુમન * જીવનનું જવાહિર * મનની મિરાત * શીલની સંપદા
**બાળસાહિત્ય :** વતન, તારાં રતન * ડાહ્યો ડમરો * કેડે કટારી, ખભે ઢાલ * બિરાદરી * મોતને હાથતાળી * ઝબક દીવડી * હૈયું નાનું, હિંમત મોટી * નાની ઉંમર, મોટું કામ * ભીમ * ચાલો, પશુઓની દુનિયામાં ૧-૨-૩ * વહેતી વાતો * મોતીની માળા * વાતોનાં વાળુ * ઢોલ વાગે ઢમાઢમ * સાચના સિપાહી * કથરોટમાં ગંગા
**હિંદી પુસ્તકો :** अपाहिज तन, अडिग मन * आनंदघन * **અંગ્રેજી પુસ્તકો :** Jainism : The Cosmic Vision * The Brave Heart * A Pinnacle of Spirituality * Our life in the context of five Anuvrat and Anekantwad * Influence of Jainism on Mahatma Gandhi * Tirthankara Mahavir * Glory of Jainism * Non-violence : A way of life * Stories from Jainism.

**(તથા સંશોધન, સંપાદન તેમજ હિંદી અને અંગ્રેજીમાં અન્ય ત્રીસ પુસ્તકો)**

# શ્રદ્ધાનાં સુમન

*

**કુમારપાળ દેસાઈ**

## ૧ અપ્રગટને પામવા પ્રયત્ન કરવો પડે !

ગંગાના પાવન કિનારે આવેલા નાનકડા ગામમાં હજારો યાત્રાળુઓ એકત્રિત થયા હતા. શ્રદ્ધા અને ભક્તિ સાથે આ યાત્રાળુઓ ગંગાતટે ઘૂમતા હતા. એવામાં એક વિચિત્ર પ્રકૃતિના સાધુ આવી ચડ્યા. એમણે સંન્યાસીનો ભગવો વેશ ધારણ કર્યો હતો, પણ એની પાછળ એમનો આશય સંન્યસ્ત તરફ આદરને બદલે એનો ઉપહાસ કરવાનો હતો. એમણે સોનેરી ફ્રેમવાળાં કીમતી ચશ્માં પહેર્યાં હતાં. ખભા પર મોટો થેલો હતો. એમાં કેટલાંક અંગ્રેજી સામયિકો અને થોડાંક પુસ્તકો હતાં.

આ 'સાધુ'એ તો લોકોને ભેગા કરીને આધ્યાત્મિક પ્રવચન આપવા માંડ્યું. લોકો જિજ્ઞાસાથી એમની આસપાસ એકઠા થયા. 'સાધુ' બોલ્યા,

"અરે ! ભોળા ભક્તો ! તમે છેતરાશો નહીં. ઈશ્વરને નામે તમને ઊઠાં ભણાવવામાં આવે છે."

કેટલાક લોકો સાંભળવા ઊભા રહ્યા. જિજ્ઞાસાને કારણે લોકોની ભીડ પણ એકઠી થઈ એટલે પેલા સાધુએ પોતાની વાત આગળ ચલાવી.

"જુઓ, ઈશ્વરના નામે તમે સાંભળેલા ચમત્કારો એ ચમત્કારો નથી, પણ અકસ્માત છે. આજનું વિજ્ઞાન આ બધી પુરાણી માન્યતાઓને પડકાર ફેંકી રહ્યું છે."

ટોળામાંથી એક જણાએ પૂછ્યું, "તો શું ઈશ્વર નથી ?"

સાધુએ જવાબ આપ્યો, "ના. નથી જ. આ તો અજ્ઞાનીઓને છેતરવા માટે ઊભી કરાયેલી કલ્પના છે. જો ઈશ્વર હોય, તો તમે બતાવો." આમ કહીને પેલા સાધુએ પડકાર ફેંક્યો ને ગર્વથી છાતી કાઢીને ઊભા રહ્યા.

આ ટોળામાં એક શિક્ષક પણ હતા, એમણે સાધુને વળતો પ્રશ્ન કર્યો,

"તમે હિમાલયનું સૌથી ઊંચું શિખર એવરેસ્ટ જોયું છે ખરું?"

સાધુએ કહ્યું, "ના. નથી જોયું."

શિક્ષકે કહ્યું, "તમે નથી જોયું, માટે એવરેસ્ટ નથી એમ કઈ રીતે કહી શકાય ? એવરેસ્ટ તો છે જ, પરંતુ તમારે એના પર આરોહણ કરવું પડે. ત્યાં સુધી પહોંચો તો દેખાય. અહીં બેઠા નજરે ન પડે. આમ ઈશ્વર તો છે જ. માત્ર એને તમારે તમારામાં શોધવા માટે પ્રયત્ન કરવો જોઈએ."

*

માનવીએ ઈશ્વરની શોધ ભીતરમાં કરવાને બદલે બહારની દુનિયામાં કરી. પરિણામે ભીતરની ભાવના ભુલાઈ ગઈ અને બાહ્ય પ્રદર્શનો અને આડંબરો ઘણાં વધ્યાં. ઈશ્વરને પામવા માટે અંતર્મુખતા આવશ્યક છે, જ્યારે આજે બહિર્મુખ બાબતો જ મુખ્ય બની. ઈશ્વરને મેળવવા અધ્યાત્મની લગની હોવી જોઈએ. આમ હોય તો જ હૃદયમાં વસતા ઈશ્વરની ઓળખ થાય.



# ૨ તમારી કોટડીના દરવાજા ખુલ્લા રાખો

સ્વામી વિવેકાનંદે દેશમાં અને વિદેશમાં આધ્યાત્મિક ચેતનાની જાગૃતિનું કાર્ય કર્યું. ભારતીય પ્રજાને એના ધર્મ અને સંસ્કૃતિ માટે ગૌરવ લેતી કરી. જે અંગ્રેજોએ ભારતને માત્ર રાજાઓ, મદારીઓ અને કોબ્રાના દેશ તરીકે ઓળખ્યો હતો, એ પશ્ચિમી જગતને ભારતીય પ્રચંડ આધ્યાત્મિક શક્તિનો પરિચય આપ્યો. સ્વામી વિવેકાનંદ પાસે સમાજના તમામ સ્તરના લોકો આવતા. પોતાની શંકા કે જિજ્ઞાસા પ્રગટ કરતા અને સ્વામીજી એનું સમાધાન શોધી આપતા.

એક દિવસ સ્વામી વિવેકાનંદ પાસે એક યુવાન આવ્યો. એણે અકળામણ અનુભવતાં કહ્યું, "સ્વામીજી, હું આશ્રમોમાં ગયો, પલાંઠી લગાવીને સાધના કરવા બેઠો. દિવસોના દિવસો સુધી સાધના કરી, પણ મારા હૃદયને સહેજે શાંતિ મળી નહીં.

"કોઈ પ્રભાવક સંત વિશે સાંભળું એટલે તરત જ શ્રદ્ધાનાં સુમન લઈને એ સંતની પાસે દોડી જતો. એમની પાસે હું ચિત્તશાંતિની યાચના કરતો. તેઓનો ઉપદેશ સાંભળતો, પણ ત્યાંય મને શાંતિ ન મળી. પાર વિનાનું તીર્થાટન કર્યું, પરંતુ જીવનમાં અશાંતિ એટલી જ રહી."

સ્વામી વિવેકાનંદે પૂછ્યું, "આ સિવાય બીજા કોઈ પ્રયત્નો કર્યા ખરા ?"

યુવાને કહ્યું, "હા, મારી કોટડી બંધ કરીને હું બેસી ગયો.

મારા ઘરમાં કોઈ ન પ્રવેશે. આ બધું કરવા છતાં ક્યાંય શાંતિ મળી નહીં."

વિવેકાનંદે કહ્યું, "આ જ તમારી મોટી ભૂલ છે. તમારી કોટડીના દરવાજા બંધ ન રાખશો. એને પૂરેપૂરા ખુલ્લા રાખજો. કોઈ અભાવગ્રસ્ત આવે તો એને આવકાર આપજો. દરવાજાની બહાર નીકળીને આસપાસ વસતા દુઃખી, રોગી અને ભૂખ્યા લોકોની ભાળ મેળવજો અને યથાશક્તિ એમની સેવા કરજો. જે નિરક્ષર અને અજ્ઞાની હોય તેમને હેતથી ભણાવજો. આમ કરશો તો તમને જરૂર શાંતિ મળશે."

*

માનવીની અધ્યાત્મયાત્રા માટે પહેલી જરૂર જીવનસાધનાની છે. અન્ય વ્યક્તિઓને સહાયભૂત થઈને જ એને જીવનનો મર્મ હાથ લાગશે. માનવસેવા, જીવનસાધના અને નેકદિલના આત્મસમર્પણ પર આધ્યાત્મિક ઇમારત રચાવી જોઈએ. અધ્યાત્મમાં પ્રવેશનારાએ પહેલાં માનવસેવાની સમજ મેળવવાની છે. માત્ર મોક્ષની મોટીમોટી વાતો કરવાથી કશું નહીં વળે. મોક્ષ મેળવવા માટે પહેલાં માનવકલ્યાણનો વિચાર કરવો જોઈએ.



## 3 શાંતિ ઉછીની કે ઉધાર મળતી નથી !

વિશાળ સામ્રાજ્ય અને અઢળક સંપત્તિ વચ્ચે જીવતા રાજવીના ચિત્તમાં ભારે અજંપો હતો. સુખને નામે ઓળખાતી સઘળી સામગ્રી એમની પાસે હતી. વિશાળ સામ્રાજ્ય હતું પણ શોધવા છતાંય એમને કોઈ દુશ્મન જડતો નહીં. કલ્પના કરી ન હોય એવી રીતે રાજ્યલક્ષ્મીનો ધોધ વહેતો હતો. રાજપરિવારમાં સુલેહ-સંપ હતો અને રાજકુમારનો ભાવિ રાજારૂપે આનંદભેર ઉછેર થતો હતો. આ બધું હોવા છતાં રાજાને માનસિક શાંતિ ન હતી.

ક્યારેક એ વિચારે ચડી જતા કે જીવનભર પુરુષાર્થ કરીને પ્રાપ્ત કરવા જેવી સઘળી સામગ્રી મેળવી, છતાં મનમાં કેમ ખાલીપો લાગે છે ? વિજય કે સમૃદ્ધિ મળે છે, પણ હૃદયમાં એનો કોઈ ઉલ્લાસ કેમ જાગતો નથી ? ઉત્સવો અને મહોત્સવો યોજાય છે, પણ એનાથી મનમાં કેમ કશી પ્રસન્નતા થતી નથી?

રાજાએ રાજગુરુને આ વાત કરી, ત્યારે ગુરુએ એક યોગીનું નામ કહ્યું કે જેની પાસે અપાર સિદ્ધિઓ છે. અન્યની ઇચ્છાપૂર્તિ કરવાની શક્તિ છે. એનું યોગબળ એવું છે કે એની પાસે જનાર કદી નિરાશ થઈ પાછો ફર્યો નથી.

રાજાએ વિચાર્યું કે યોગીરાજ પાસેથી કોઈ યંત્ર, મંત્ર કે તંત્ર લઈને મારા જીવનની અશાંતિ દૂર કરું. રાજા યોગીરાજ પાસે

ગયા અને ભીતરની અપાર બેચેનીની વાત કરી. યોગીરાજે એમને પછીના દિવસે આવવાનું કહ્યું.

રાજા વહેલી સવારે યોગીની કુટીર પાસે પહોંચી ગયા. યોગીએ એમને કહ્યું કે બહાર તડકામાં આખો દિવસ બેસી રહો. રાજા એમની આજ્ઞાને અનુસરીને ગ્રીષ્મની ગરમીમાં કુટિરની બહાર આખો દિવસ બેસી રહ્યા. યોગી સ્વયં કુટિરમાં બેઠા હતા. રાજાને આ પસંદ પડ્યું નહીં, પરંતુ પોતે શાંતિને શોધતા હતા તેથી સહેજે અકળાયા નહીં. સાંજ પડી.

યોગી પાસે ગયા એટલે યોગીરાજે કહ્યું કે હવે કાલે વહેલી સવારે આવી જજો. બીજા દિવસે રાજા ફરી યોગીરાજ પાસે આવ્યા. યોગીએ એમને ભૂખ્યા રહેવાનું કહ્યું અને પોતે નિરાંતે ભોજન આરોગવા લાગ્યા.

રાજા અકળાઈ ગયા. મનમાં વિચાર્યું કે આ મહાત્મા કેવા સ્વાર્થી અને ક્ષુદ્ર છે. મને બળબળતા તાપમાં બેસાડ્યો અને પોતે કુટિરની ઠંડકમાં રહ્યા. મને ભૂખ્યો રાખીને પોતે ભરપેટ ભોજન કર્યું. જો એમની બધી આજ્ઞાનું પાલન કરું તો-તો મરી જઈશ.

આથી સાંજ પડી એટલે રાજાએ યોગીરાજની રજા માગી અને બોલ્યા, "બે દિવસ થયા, પણ મને કશી પ્રાપ્તિ થઈ નથી. મને એમ લાગે છે કે હું જે સિદ્ધિ ઇચ્છું છું, તે તમે આપી શકો તેમ નથી, માટે હવે જાઉં છું."

રાજાની વાત સાંભળી યોગીરાજ ખડખડાટ હસી પડ્યા અને બોલ્યા, "અરે રાજન, મેં તમને બધું આપ્યું છે, પરંતુ તમે



કશું લીધું નહીં. એમાં મારો કોઈ દોષ નથી."

આ વાત સાંભળીને રાજાને અપાર આશ્ચર્ય થયું. એ જોઈને યોગીરાજે કહ્યું, "જુઓ, પહેલાં તમને આખો દિવસ ગરમીમાં બેસાડ્યા અને હું નિરાંતે કુટિરમાં બેઠો, બીજે દિવસે તમને ભૂખ્યા રાખ્યા અને મેં સ્વયં ભોજન કર્યું. એનો અર્થ જ એ કે હું ભોજન કરું એનાથી તમારી ભૂખ મટવાની નથી. હું સાધના કરું તેનાથી તમને શાંતિ મળે નહીં. તમે જે રીતે પુરુષાર્થ કરીને સત્તા અને સંપત્તિ પામ્યા, તે જ રીતે તમારા જ પ્રયત્નો તમને શાંતિ આપી શકશે. શાંતિ ન તો ઉછીની મળે છે કે ન તો મંત્ર-તંત્ર આપી શકે છે."

## ૪ જુશિયાએ સ્વર્ગમાં મંદિરો જોયાં !

સંતોનાં સ્વપ્ન કેવાં હોય ? એ સ્વપ્નોમાંય એમના ઉમદા જીવનનું પ્રતિબિંબ હોય. એમાં કોઈ અજંપો કે અતૃપ્તિ ન હોય, એને બદલે આધ્યાત્મિક આનંદ હોય.

વિખ્યાત યહૂદી સંત જુશિયા મીઠી નીંદર માણી રહ્યા હતા ત્યારે એમને એક સ્વપ્ન આવ્યું. તેઓ ભ્રમણ કરતા-કરતા છેક સ્વર્ગમાં પહોંચી ગયા. સ્વર્ગની સૃષ્ટિ જોઈને એમનું હૈયું નાચી ઊઠ્યું.

"ઓહ ! કેવી રમણીય પ્રકૃતિ અને કેવાં સુંદર ઉદ્યાનો !" સ્વર્ગભૂમિ જોઈને એમનું હૈયું નાચવા લાગ્યું. ઠેરઠેર રંગબેરંગી પુષ્પો નજરે પડતાં હતાં અને આહ્લાદક શાંતિનો અનુભવ થતો હતો. એવામાં એમણે એક મંદિર જોયું અને મનમાં પારાવાર આશ્ચર્ય થયું.

"અરે ! આ સ્વર્ગમાં મંદિર શા માટે ? ધરતી પર તો મંદિરની જરૂર છે, કારણ કે તેમાં ઉપાસના કરીને વ્યક્તિ સ્વર્ગ પામવા ચાહતી હોય છે, પરંતુ સ્વર્ગમાં વળી મંદિર શાને ? અહીં વળી કોની ઉપાસના કરવાની હોય અને એ દ્વારા બીજું શું મેળવવાનું હોય ? સ્વર્ગ મળે એટલે સઘળું મળી જાય. અહીં વળી આ મંદિરમાં કોની પ્રાર્થના થતી હશે ?"

સંત જુશિયા તો ઊંડા વિચારમાં પડી ગયા. આસપાસ



નજર દોડાવી તો દૂર દેવદૂત દેખાયો એટલે એની પાસે પહોંચી ગયા. એમણે દેવદૂતને કહ્યું,

"અમે પૃથ્વી પર તો આકર્ષક મંદિરો બનાવીએ છીએ. એમાં સ્વર્ગપ્રાપ્તિ માટે ઈશ્વરની ઉપાસના કરીએ છીએ. પરંતુ તમે અહીં મંદિર શા માટે બંધાવ્યું ? સ્વર્ગમાં આવે તે સંત અને આવ્યા પછી એને વળી કોની સેવા-પૂજા કે પ્રાર્થના કરવાની હોય?"

દેવદૂતે જુશિયાની જિજ્ઞાસા જોઈને ઉત્તર આપતાં કહ્યું, "સંતની પ્રાર્થનામાં જ સ્વર્ગ સમાયેલું છે. સ્વર્ગ તો ક્યાંય નથી. સંત સ્વર્ગમાં આવે છે એ તો ભ્રમ છે. હકીકતમાં સંત જ્યાં જાય છે ત્યાં સ્વર્ગ સર્જાય છે."

જુશિયાનું સ્વપ્ન પૂર્ણ થયું પણ સાથે એને એક સત્ય લાધી ગયું.

## ૫ પ્રસન્નતા છલકાઈ ઊઠી !

વ્યાધિની અસહ્ય વેદનાને કારણે મિથિલાપતિ નમિરાજ અત્યંત બેચેન હતા. એમના શરીરના દાહને ઠારવા માટે રાજરાણી ચંદનલેપ કરતી હતી, પરંતુ એ ચંદનલેપ સમયે રાજરાણીનાં સુવર્ણકંકણોનો અવાજ નમિરાજથી સહન થઈ શક્યો નહીં. અકળાયેલા નમિરાજની વાત સાંભળતાં જ રાણીએ એક કંકણ રાખીને બીજાં સુવર્ણકંકણો બાજુએ મૂક્યાં.

એકાએક કંકણનો અવાજ બંધ થતાં નમિરાજ બોલી ઊઠ્યા, “અરે! શાને ચંદનવિલેપન બંધ કર્યું. જલદી કરો.”

રાજરાણીએ સમજાવ્યું કે ચંદનવિલેપન તો કરી રહી છું, પરંતુ કંકણનો અવાજ બંધ થયો તેથી આપને આવું લાગ્યું. હાથમાં એક જ સુવર્ણકંકણ રાખ્યું તેથી એનો કર્કશ અવાજ શાંત પડ્યો છે. એક કંકણ હોય ત્યારે ઘર્ષણ કેમ હોઈ શકે ?

આ ઘટનાએ નમિરાજને વિચારતા કરી મૂક્યા. એમણે વિચાર્યું કે બે હોય ત્યાં વાદ થાય, વિવાદ થાય, વિગ્રહ થાય, કલહ અને કંકાસ થાય. એક સુવર્ણકંકણ હોય તો ઘર્ષણ ક્યાંથી હોય, એમ સાચું સુખ તો એકલા રહેવામાં છે. બગડે બેથી તે આનું નામ.

શરીરની વ્યાધિથી વ્યથિત નમિરાજ ઊંડા વિચારમાં ડૂબી ગયા. એમણે વિચાર્યું કે આ રોગ તો દેહને થયો છે, આત્માને નહીં. ભલે મારી આજુબાજુ રાજવૈભવ અને રાજરાણીઓ હોય,



પણ હકીકતમાં તો સાચું સુખ એકલા હોવામાં છે.

નમિરાજ વિચારમાં ઊંડે ને ઊંડે ઊતરતા ગયા. વિચાર્યું કે આ દેહ મારો નથી અને આ મહેલ પણ મારો નથી. હું તો એકલો છું. મારું સાચું રૂપ આ એકલવાયાપણામાં ઓળખાય. દેહથી પણ ભિન્ન એવો આત્મા છે અને એ એકલો આત્મા જ મારો સાથી છે. બે થાય એટલે બધું બગડે. બેનો સંયોગ થાય એટલે મારું-તારું શરૂ થાય. જડ અને ચેતન બે ભેગાં થાય એટલે બંધન થયું જ સમજો. આથી સાચી શાંતિ, આનંદ અને મુક્તિ એકલતામાં વસેલાં છે.

મિથિલાપતિ નમિરાજ એ એકલતાનો અનુભવ કરવા લાગ્યા. આ એકલતાએ એમના અંતરનાં દ્વાર ખોલી નાખ્યાં. થોડી વાર પૂર્વે એમના ચહેરા પર રોગને કારણે વ્યાધિની વેદના હતી તેને સ્થાને પ્રસન્નતાની રેખાઓ ઊપસી આવી.

એકલપણાના નિજાનંદમાં નમિરાજ ડૂબી ગયા. દેહની વ્યાધિ કે વૈભવની તૃષ્ણા સઘળું વીસરાઈ ગયું.

# ૬ આશીર્વાદ કે તમારું ગામ ઉજ્જડ થાય !

ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનો સમન્વય સાધનારા ગુરુ નાનક બાલ્યાવસ્થાથી જ ચિંતન-મનનમાં ડૂબેલા રહેતા હતા. એમણે વિવિધ સંપ્રદાયના સાધુઓનો સત્સંગ કર્યો તેમ જ હરદ્વાર, અયોધ્યા, પટણા, લાહોર, બગદાદ અને મક્કા-મદીના જેવાં સ્થળોની યાત્રા કરી. તેઓ કરતારપુરમાં સ્થાયી થયા, તે પૂર્વે એમણે પુષ્કળ ભ્રમણ કર્યું હતું.

ગુરુ નાનક એક ગામમાં પ્રવેશ્યા. સંતના આગમનને કારણે આખા ગામમાં આનંદનું વાતાવરણ ફેલાઈ ગયું. લોકોએ ગુરુ નાનકની ચિંતનશીલ વાણીનું આકંઠ પાન કર્યું. એમની પાસેથી નામસ્મરણનું મહત્ત્વ સમજ્યા અને પરમાત્મ-પ્રાપ્તિ માટે આંતરિક સાધનાની ઓળખ મેળવી.

ગ્રામજનો અત્યંત ધન્યતા અનુભવતા હતા. ગુરુ નાનકદેવે વિદાય લીધી, ત્યારે છેક ગામના પાદર સુધી વિદાય આપવા આવ્યા અને આંખોમાં આંસુ સાથે ગુરુ નાનકદેવ પાસે યાચના કરી,

"આપ જરૂર આ ગામમાં પુનઃ પધારશો. અમને આપના કોઈ આશીર્વાદ આપો."

ગુરુ નાનકે કહ્યું, "હે પ્રિય ગ્રામજનો, મારા આશીર્વાદ છે કે તમારું ગામ ઉજ્જડ બને."

ગુરુ નાનકની વાણી સાંભળતાં જ સહુ આશ્ચર્ય અને



આઘાતની લાગણી અનુભવવા લાગ્યા. આ તે આશીર્વાદ કે શાપ? ગામ આબાદ બનવાના આશીર્વાદ પાઠવવાને બદલે ઉજ્જડ બનવાના આશીર્વાદ આપ્યા ?

ગુરુ નાનકનો એક શિષ્ય અકળાઈ ઊઠ્યો. એણે ગુરુને પૂછ્યું પણ ખરું,

"ગુરુદેવ, આટલા બધા પ્રેમાળ ગ્રામજનોને આપે આવા આશિષ આપ્યા ? એમણે ભાવપૂર્વક કેવો સરસ આદર-સત્કાર કર્યો. એકાગ્ર બનીને આપની વાણી સાંભળી અને એના બદલામાં આવો શાપ?"

ગુરુ નાનકે કહ્યું, "આ ગામ સજ્જનો અને ભાવનાશાળીઓનું ગામ છે. અહીં આટલા બધા ઉદાર દિલવાળા અને ધાર્મિક વૃત્તિવાળા લોકો એકઠા થયા છે. જો આ ગામ ભાંગી પડે, તો એ બધા બીજાં ગામોમાં જશે અને એ ગામોને એમની સજ્જનતા અને ધર્મપરાયણતાનો લાભ મળશે. માટે આ ગામ ઉજ્જડ થાય તેમ કહ્યું. શુભનો સંગ્રહ ન હોય, શુભની વહેંચણી હોય. "

ગુરુદેવની આ અવળવાણીનો મર્મ પામતાં શિષ્યો આનંદ પામ્યા. થોડા સમય બાદ એક બીજા ગામમાં ગુરુ નાનક અને એમના શિષ્યસમુદાયને જુદો જ અનુભવ થયો. એ ગામમાં આદર-સત્કારને બદલે અપશબ્દો મળ્યા. ફૂલના હાર પહેરાવવાને બદલે કાંકરા અને પથ્થરોનો વરસાદ વરસ્યો. આવે સમયે ગુરુ નાનકદેવે વિદાય લેતી વખતે ગામવાસીઓને કહ્યું, "તમારું ગામ ખૂબ આબાદ બનો. અહીંના એકેય માણસને ગામ છોડવાનું મન ન થાય તેવું બનો."

શિષ્યોને વળી આશ્ચર્ય થયું. આવા ધૂર્ત, શઠ અને દુષ્ટ લોકોથી ભરેલા ગામને આવા આશીર્વાદ અપાય ખરા ?

શિષ્યોની મૂંઝવણ પારખીને ગુરુ નાનકદેવે કહ્યું, "આ ગામ આબાદ થાય, તો અહીંના અધમ લોકો અહીં જ રહે. એ બહાર જાય નહીં અને એમની અધમતા ફેલાવે નહીં અને સમાજ અનિષ્ટ અને ઉપદ્રવથી બચી શકે."



## ૭ એક બોલે ત્યારે બીજાએ શું કરવું ?

એક પાગલખાનામાં બે પાગલ રહે.

પાગલ ક્યારેક એવું કરે કે ડાહ્યાઓ પણ વિચારમાં પડે.

આવા બે પાગલ ઊંડા વિચારમાં ડૂબ્યા હતા. એક બોલે, બીજો સાંભળે. બીજો બોલવાનું શરૂ કરે, ત્યારે પહેલો સાંભળે.

ઇલાજ કરનાર ડૉક્ટરને આ વિચિત્ર રીત લાગી. બંને એકસાથે કેમ બોલતા નથી ? બોલતા-બોલતા કેમ જીભાજોડી કે બાઝંબાઝી પર આવી જતા નથી ?

ડૉક્ટરને આશ્ચર્ય થયું. કાન સરવા કરીને પાગલની વાતો સાંભળવા લાગ્યા. મજાની વાત તો એ કે આ બેની વાતમાં કશો મેળ નહિ. એક પોતાની કંઈક વાત કરે. બીજો એના જીવનની કોઈ ઘટના કહે.

ડૉક્ટરે વિસ્મય પામતાં બંને પાગલને પૂછ્યું કે "તમારા બેયની વાત જુદી છે, એમાં કશો મેળ નથી, છતાં તમે શા માટે વારાફરતી બોલો છો ? તમે બેય સાથે બોલી શકો છો, તો પછી એમાં વાંધો શું ?"

પેલા પાગલોએ જવાબ આપ્યો,

"અમને બોલવાની રીતભાતનો પૂરેપૂરો ખ્યાલ છે. જ્યારે એક બોલે ત્યારે બીજાએ ચૂપ રહેવું જોઈએ. જેણે બીજાની વાત સાંભળવી હોય એણે મૌન સેવવું જોઈએ."

હકીકતમાં જોઈએ તો જમાનાની રફતાર આજે એવી છે કે બધા જ એકસાથે બોલે છે. એક વ્યક્તિ બીજી વ્યક્તિને મળશે ત્યારે માત્ર "હું"નું જ કીર્તન કરશે. દરેક માણસ પોતાની વાતમાં એટલો ડૂબેલો છે કે એ બીજાની સાથે સંવાદ સાધવા જાય છે, છતાં એકોક્તિ જ કરતો હોય છે. પોતાનાં સુખદુઃખ, પોતાની બડાઈ, પોતાની તબિયત કે પોતાની સિદ્ધિ-પ્રસિદ્ધિ જ - બીજાની અનિચ્છા હોય છતાં તેના પર લાદતો હોય છે.

જે બીજાને જાણવા ચાહે છે, એણે પોતે મૌન સેવવું પડશે. જે "અમે"નો ભાવ અનુભવવા માગે છે, એણે "હું"ને છોડવું પડશે, આથી "હું" ઓગળી ગયા પછી સાચા પ્રેમનો પ્રારંભ થાય છે.

જ્યાં "હું" છે, ત્યાં વિવાદ છે. જ્યાં "અમે" છે, ત્યાં સંવાદ છે.



## ૮ ફકીરી અને સોદાગીરીમાં ભેદ છે !

રાત-દિવસ વેપાર કરીને અઢળક સંપત્તિ મેળવનાર સોદાગરને સતત એક ચિંતા સતાવ્યા કરતી. એને થતું કે પરસેવો નહીં, કિંતુ લોહી રેડીને મેળવેલી આ સંપત્તિ કોઈ લૂંટારો લૂંટી તો નહીં જાય ને ? સંપત્તિ ચાલી જતાં પોતે કેવો બેહાલ બની જશે, એનો વિચાર કરતાં એ કમકમી ઊઠતો હતો. સંપત્તિની સાચવણ માટે દિવસે ચિંતિત અને રાત્રે બેચેન રહેતો હતો.

સોદાગરને થયું કે આના કરતાં તો ફકીર બનવું સારું ! ફકીરને કશું જાળવવાની ચિંતા ન હોય. બાદશાહ છીનવી લેશે કે લૂંટારા લૂંટી લેશે એનો ડર ન હોય. દિવસ મસ્તીથી ગુજરે અને રાતની ઊંઘ શાંતિથી મળે. આથી આ સોદાગર ફકીર (દરવેશ) બન્યો. ધીરેધીરે એની આસપાસ શિષ્યો ઘેરાવા લાગ્યા. એના ત્યાગને જોઈ લોકો આકર્ષાવા લાગ્યા.

એક દિવસ આ ફકીર મર્મી સંત આજર કૈવાન પાસે ગયો અને પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું, "જ્યારે હું અમીર હતો, ત્યારે સતત ભયભીત રહેતો હતો. સંપત્તિ છીનવાઈ જવાનો ભય મને રાત-દિવસ સતાવતો હતો. હવે સોદાગરમાંથી દરવેશ બન્યો છું ત્યારે રાત્રે નિરાંતે સૂઈ શકું છું."

દરવેશની વાત સાંભળીને સંત આજર કૈવાન માર્મિક રીતે હસ્યા ! દરવેશને આ હાસ્યની પાછળ કોઈ રહસ્ય છુપાયેલું લાગ્યું. એમણે આજર કૈવાનને પૂછ્યું કે "મારી પ્રસન્નતાના

પ્રત્યુત્તરમાં આપ શા માટે આવી રીતે હસ્યા ?" આજર કૈવાને વાત ટાળવા કોશિશ કરી, પરંતુ દરવેશે હાસ્યનો મર્મ જાણવા જીદ પકડી. એના અતિ આગ્રહને કારણે આજર કૈવાને કહ્યું,

"સોદાગીરી અને ફકીરીમાં ભેદ હોય છે એની તને ખબર છે ખરી ? સોદાગર હતો ત્યારે ચોર તારા ધનને લૂંટી જતા હતા, પણ ફકીર થયા પછી તું રૈયતને લૂંટીશ, તારો વેશ જોઈને પ્રજા તને મહાન ગણશે અને તારી સલાહને શિરે ચડાવશે. પણ ભાઈ, આ ફકીરી એ દુનિયાથી ભાગીને આરામથી ઊંઘ મેળવવા માટે નથી. અસલી ફકીરીમાં તો ખુદાને માટે રાતદિવસ જાગવાનું-તડપવાનું હોય છે."

આ ઘટના દર્શાવે છે કે ફકીરી અને સોદાગીરીમાં મોટું અંતર છે. સોદાગીરી છોડીને માત્ર ફકીરીનો વેશ લેનાર એની સોદાગીરી ફકીરીને નામે ચાલુ પણ રાખે તેવું બને. ફકીરનો વેશ એ એને આપોઆપ સન્માન બક્ષે, પરંતુ આવું સન્માન એ સોદાગરને શોભે, ફકીરને નહીં. સાચો ફકીર તો રાતદિવસ ખુદાની ખોજમાં બેચેન બનીને જીવતો હોય છે.



# ૯ મનની હવાની દિશા બદલી નાખો

ઘરના એક ખૂણામાં આસન પાથરીને એકાગ્ર ચિત્તે ધ્યાન કરવા બેઠેલા સાધકને એનાં પત્નીનો સાદ સંભળાયો કે હજી સુધી દૂધવાળો આવ્યો નથી, તો જરા બહાર જઈને દૂધ લઈ આવો.

સાધક દૂધ લઈને પાછો આવ્યો અને એકાંત ખૂણે ફરી સાધનાનો પ્રારંભ કર્યો. એવામાં એના નાના પુત્રે આવીને હઠ પકડી કે ગઈકાલે તમે જે કૅડબરી લાવ્યા છો, તેમાં એક બાકી રહી ગઈ, તે મારે ખાવી છે, આમ કહીને એ સાધકના ગળે વળગી પડ્યો. સાધક પરેશાન થઈ ગયો અને એને લાગ્યું કે ઘરમાં બેસીને ધ્યાન કરવું અતિ કઠિન છે. ચિત્તની એકાગ્રતા વિના મંત્રશક્તિ જાગે કઈ રીતે અને એ જાગે નહીં તો ફળપ્રાપ્તિ થાય કઈ રીતે ?

આથી શાંતિ મેળવવા માટે ઘર ત્યજીને એ વનમાં ગયો અને એક વૃક્ષ નીચે આસન પાથરીને મંત્રજાપ કરવા લાગ્યો. થોડી વારમાં વૃક્ષ પર આવીને પક્ષીઓ બેઠાં અને કોલાહલ કરવા લાગ્યાં. આ કોલાહલથી સાધકની એકાગ્રતામાં કિંચિત્ ભંગ થયો, પરંતુ એવામાં ઉપરથી પક્ષીનું ચરક પડતાં એ અકળાઈ ઊઠ્યો અને ધ્યાનભંગ થયો. એણે વિચાર્યું કે ઘરમાંય સાધના કરવી શક્ય નથી અને વનમાંય સાધના કરવી શક્ય નથી.

શાંત ચિત્તે એકાગ્રતા સાધી શકાય, એવી આ ભવમાં શક્યતા જ નથી, આથી બહેતર એ છે કે આ ભવનો ત્યાગ કરીને બીજા

ભવમાં પોતાની રીતે સાધના કરું. આ માટે એણે દેહત્યાગ કરવાનો નિશ્ચય કર્યો અને આસપાસથી કાષ્ઠ એકઠાં કરીને ચિતા તૈયાર કરી. એનો વિચાર હતો કે આ ચિતા સળગાવી એમાં આત્મવિલોપન કરવું, પણ એ સુખ ક્યાં નસીબમાં લખાયું હતું ! એ લાકડાંના ઢગલા પર બેસી ચિતા પેટાવવા જતો હતો, ત્યાં જ એને અવાજ સંભળાયો. "ઊભા રહો. અહીં બળી મરશો નહીં."

સાધકને થયું વનમાં અને ઘરમાં તો અશાંતિ મળી, પણ આ ચિતામાં બળી મરવાની પણ શાંતિ મળતી નથી. એક વૃદ્ધ એની પાસે આવ્યો અને બોલ્યો, "ભાઈ, સળગતી ચિતામાં તમે પ્રાણત્યાગ કરવા માગો છો, તેની સામે મારો કોઈ વાંધો નથી, પરંતુ અત્યારે હવા અમારી ઝૂંપડીઓ બાજુ વહી રહી છે અને અમારા માટે તમારા સળગી ગયેલા દેહની દુર્ગંધ અસહ્ય બની રહેશે. માટે થોડી વાર થોભી જાવ, હવાની દિશા બદલાવા દો. હવાની દિશા બદલાશે એટલે બધું ઠીક થઈ જશે."

'હવાની દિશા બદલાવા દો' એ શબ્દો સાંભળીને સાધક વિચારમાં પડ્યો. એણે વિચાર્યું કે મારે મારા મનની દિશા બદલવાની જરૂર છે. બહાર રહેતા મનને ભીતરમાં સ્થિર કરવાની જરૂર છે, આથી એ ચિતા પરથી ઊતરી ઘેર આવ્યો અને એણે મનને ભીતરમાં લીન કરીને ધ્યાન કરવાનો પ્રયાસ કર્યો અને સફળ થયો.



## ૧૦ આશ્રમને જોઈએ સેવા અને સંપત્તિ

મથુરાની નજીક આવેલા એક ગામમાં રહેતા વૈદ્યરાજની આસપાસના વિસ્તારમાં ઘણી ખ્યાતિ હતી. એમની પાસે દૂર-દૂરનાં ગામોમાંથી દર્દીઓ ચિકિત્સા માટે આવતા હતા. વૈદ્યરાજના જ્ઞાનને કારણે એમનો આશ્રમ સદૈવ દર્દીઓથી ખીચોખીચ ભરેલો રહેતો હતો.

એક વાર એક જ રોગથી પીડિત એવા બે દર્દી એમની પાસે ઉપચારાર્થે આવ્યા. આ બેમાં એક દર્દી નગરશ્રેષ્ઠીનો પુત્ર હતો અને બીજો સામાન્ય ખેડૂતનો દીકરો હતો. વૈદ્યરાજે બંનેની વ્યાધિપરીક્ષા કરીને કહ્યું, "આ દર્દના ઉપચાર માટે પચાસ સોનામહોરો થશે. જો આટલી સોનામહોરો આપો તો ઉપચાર થઈ શકે."

વૈદ્યરાજની વાત સાંભળીને ખેડૂત ગભરાઈ ગયો અને વિચારવા લાગ્યો કે આટલી મોટી રકમ એ કઈ રીતે આપી શકશે? એના શરીરે પરસેવો છૂટી ગયો. ચહેરા પર ગભરામણ તરી આવી.

આ જોઈને વૈદ્યરાજે કહ્યું, "ઉપચાર માટે આટલી રકમ આવશ્યક છે; પરંતુ તારે રકમને બદલે આ આશ્રમમાં રહીને બીજા દર્દીઓની સેવા કરવાની છે. તારા પુત્રના ઉપચારનું આ મૂલ્ય ચૂકવવાનું રહેશે !"

ખેડૂતે શાંતિનો શ્વાસ લીધો; પરંતુ શ્રેષ્ઠી વિચારવા લાગ્યો

કે આ ખેડૂતના પુત્રની વિનામૂલ્યે સારવાર અને પોતાને પચાસ સોનામહોરો ? આ તે કેવું ? એને મનોમન થયું કે આ વૈદ્યરાજ મારી સાથે છેતરપિંડી કરી રહ્યા છે. એણે વૈદ્યરાજ સમક્ષ પોતાની શંકા પ્રગટ કરી, ત્યારે વૈદ્યરાજે કહ્યું,

"જુઓ, મારે માટે બંને રોગી સમાન છે અને મેં રોગની ચિકિત્સાની દૃષ્ટિએ મૂલ્ય કહ્યું છે. મૂલ્ય સમાન છે, પણ તમારા બંનેની ક્ષમતા ભિન્ન છે. મેં એ પ્રમાણે મારી રકમ માગી છે. તમારી પાસે ધન છે, જેનાથી આશ્રમમાં હું ઔષધિ મંગાવી શકું, જ્યારે ગરીબ ખેડૂત સંપત્તિ આપી શકે તેમ નથી, પણ સેવા કરી શકે તેમ છે, આથી એની સેવાથી આશ્રમના દર્દીઓને લાભ થશે અને આશ્રમનો એટલો ખર્ચ ઓછો થશે. આશ્રમને સંપત્તિ અને સેવા બંનેની જરૂર હોય છે. બેમાંથી એક અપૂરતું ગણાય."

નગરશ્રેષ્ઠીને વૈદ્યરાજના ચિકિત્સા-મૂલ્યનો ભેદ સમજાયો.



# ૧૧ કાંટામાં ગુલાબ ખીલવતી દૃષ્ટિ

ધોમધખતા તાપમાં ત્રણ મજૂરો પથ્થર તોડી રહ્યા હતા. નજીકમાં એક દેવાલય તૈયાર થતું હતું, અને ત્રણે એનું કામ કરી રહ્યા હતા.

રસ્તા પરથી એક રાહદારી પસાર થતો હતો. એણે પહેલા મજૂરને પૂછ્યું, "અરે ભાઈ ! આ તું શું કરે છે ?"

થાકેલા અવાજે મજૂરે ઊંડા દુઃખ સાથે કહ્યું, "જુઓ ને, હું પથ્થર તોડી રહ્યો છું. પથ્થરને તોડવાનું કામ કરી-કરીને હવે તો પારાવાર કંટાળી ગયો છું. પણ બીજું કરુંય શું ?"

રાહદારી બીજા મજૂર પાસે ગયો. એને પણ એ જ પ્રશ્ન પૂછ્યો. બીજા મજૂરે જવાબ આપ્યો :

"ભાઈ ! પાપી પેટની આ પીડા છે. પેટને ખાતર આવી વેઠ કરવી પડે છે. શું કરીએ ? જીવવા માટે ક્યાંક જોતરાવું તો પડે ને ?"

રાહદારી ત્રીજા મજૂર પાસે ગયો. ત્રીજા મજૂરના શરીર પરથી પરસેવો વહેતો હતો. તાપ અકળાવનારો હતો, પણ એ મજૂર તો આનંદથી ગીત ગાતો જાય અને પથ્થર તોડતો જાય.

રાહદારીએ પૂછ્યું, "અરે ભાઈ ! તમે શું કરો છો ?"

ગીતના ગાનની મસ્તીમાં અને હથોડાના ઘાના અવાજમાં પહેલી વાર તો રાહદારીની વાત મજૂરને સંભળાઈ નહિ. એણે

ફરી પ્રશ્ન પૂછ્યો ત્યારે પોતાના ગીતને વચમાં અટકાવીને ત્રીજા મજૂરે જવાબ આપ્યો, "જુઓ ! હું મંદિર બનાવું છું."

આ જવાબ આપતી વખતે એ મજૂરના ચહેરા ઉપર આનંદ અને ઉલ્લાસ ઊછળતો હતો. એના હૃદયમાંથી ગીત વહેતું હતું. એની આંખોમાં નવસર્જનની ચમક હતી.

જગતમાં આવા ત્રણ પ્રકારના માણસો જોવા મળશે. કેટલાક પોતાના કામને વેઠ ગણે છે. જીવનને બોજો માને છે. ચિંતાનો ભાર ઉપાડી રાત-દિવસ ચાલ્યા કરે છે.

બીજા પ્રકારના લોકો કામને જીવનની જરૂરિયાત માને છે. જીવવા માટે કમાવું જરૂરી અને કમાવું હોય તો કામ જરૂરી - એવા ગણિત સાથે આનંદ કે વિષાદની કોઈ પણ લાગણી સિવાય જીવન વ્યતીત કરે છે.

જ્યારે કેટલાક પોતાના કાર્યમાંથી સર્જનનો આનંદ માણે છે. આવો આનંદ બધી જગ્યાએ અને સર્વ કાર્યમાં હોય છે. પરંતુ ખરી જરૂર તો એનો અનુભવ કરી શકે તેવા હૃદયની છે.

ત્રણ મજૂરોએ આપેલા ઉત્તરો જીવન પ્રત્યેનાં ત્રણ દૃષ્ટિબિંદુઓ સૂચવે છે. જીવન તો એનું એ જ છે; પરંતુ ખરું મહત્ત્વ તો જીવન જોનારની દૃષ્ટિનું છે. આ દૃષ્ટિ જ વિષાદ આપી શકે તેમ આનંદ પણ આપી શકે.

જીવન જોવાની દૃષ્ટિ જેવી હોય તેવી સૃષ્ટિ લાગે. આ દૃષ્ટિ એવી પણ હોય કે જે ગુલાબને કાંટા બનાવી દે અને એવી પણ હોય કે કાંટામાં ગુલાબ ખીલવી દે.



# ૧૨ મુક્તિ તરફ મુખ માંડનારા ક્યાં ?

મધુર રમણીય પ્રભાતે એક મુમુક્ષુએ અકળાઈને ભગવાન બુદ્ધને કહ્યું,

"પ્રભુ ! મને આ જગતનો ખેલ સમજાતો નથી. આપ કહો છો કે બધાને મોક્ષ મળી શકે. જો મોક્ષ સહુ કોઈને મળતો હોય તો પછી કેમ કોઈનેય પ્રાપ્ત થતો નથી ?" ભગવાન બુદ્ધના પ્રશાંત ચહેરા પર હાસ્યની એક લકીર ઊપસી આવી. એમણે જિજ્ઞાસુને કહ્યું કે "તું એક કામ કર. આ નગરમાં જા અને તપાસ કર કે કોની શી-શી ચાહના છે ? દરેક વ્યક્તિ શું મેળવવા મથે છે ?"

મુમુક્ષુ તો રાજા પાસે ગયો, તો રાજાએ કહ્યું કે "બસ, હું તો રાત-દિવસ એક જ ઇચ્છા રાખું છું અને તે દુશ્મનનો પરાજય, મારા રાજ્યનો વધુ ને વધુ વિસ્તાર કરવો, એ જ મારું જીવનધ્યેય છે. એ માટે લડવા તૈયાર છું. પ્રાણ આપવા તૈયાર છું."

ગામના શ્રેષ્ઠીને મળ્યો તો એણે કહ્યું કે "મારી તો એટલી ચિંતા છે કે આ અઢળક ધન કઈ રીતે સાચવવું ? આમાં ને આમાં તો મને અનિદ્રાનો રોગ લાગુ પડ્યો છે."

કોઈ યુવાનને પૂછ્યું તો એ બોલી ઊઠ્યો કે "જીવનને આવા હેતુથી બાંધવું જોઈએ નહિ. જીવન એ તો વહેતા ઝરણા જેવું છે. ગાતાં પંખી જેવું છે. મોજમજા ઉડાવો, ગાતા જાઓ. બસ, આ જ આપણું તો જીવન."

કોઈ રૂપસુંદરીને મળ્યો. તો એ નમણી નારીએ જવાબ આપ્યો કે "જીવન એટલે જ રૂપની જાળવણી, બીજું વળી શું?"

સાધુસંતોને મળ્યો. કોઈ મંદિર બંધાવવાના ખર્ચની ચિંતામાં પડ્યા હતા, કોઈ આશ્રમની વ્યવસ્થામાં ગૂંથાયેલા હતા. કેટલાક સેવકોની સેવાચાકરીમાં બંધાયેલા હતા. કોઈએ કહ્યું કે ખર્ચ વધ્યો છે; હવે એના નિભાવની ચિંતા વધતી જાય છે.

યુવાન પાછો આવ્યો. એણે જોયું તો કોઈને યશની ઝંખના હતી, કોઈને પદની ચાહના હતી, કોઈ ધન માટે, તો કોઈ વૈભવ માટે વલખાં મારતા હતા.

મુમુક્ષુ ભગવાન બુદ્ધ પાસે આવ્યો. એણે કહ્યું કે "પ્રભુ ! મારા પ્રશ્નનો ઉત્તર મળી ચૂક્યો છે." ત્યારે ભગવાન બુદ્ધના મુખમાંથી વાણી સરી ગઈ :

"મોક્ષ તો સહુ કોઈને મળી શકે છે. મુક્તિ તો છે જ, પણ એ તરફ મુખ માંડનારા ક્યાં છે ?"



## ૧૩ કીર્તિ છોડે તે કલ્યાણ પામે !

મહાપ્રભુ ચૈતન્ય સદાય ભક્તિમાં મસ્ત રહેતા હતા. એમના એક પરમ મિત્ર રઘુનાથ શિરોમણિ હતા. બંને વચ્ચે એવી દોસ્તી કે જાણે પુષ્પ અને પરિમલ. રઘુનાથ શિરોમણિએ ન્યાયશાસ્ત્ર પર એક સુંદર ટીકા લખી. એમણે એ પોતાના પરમ મિત્ર ચૈતન્યદેવને ઉમંગ અને ઉત્સાહથી બતાવી. ચૈતન્યદેવ મિત્રની વિદ્વત્તાથી પ્રસન્ન થયા અને કહ્યું કે, "સાચે જ અદ્‌ભુત છે !"

રઘુનાથ શિરોમણિના અંતરના શબ્દો બહાર સરી પડ્યા. એમણે કહ્યું, "મિત્ર ! આ ટીકા તો મને ભારતભરનો એક શ્રેષ્ઠ પંડિત બનાવશે. મારી કીર્તિ વિશ્વમાં ફેલાઈ જશે. સાચે જ મારું જીવતર સફળ થયું. મારો શ્રમ સાર્થક બન્યો."

ચૈતન્યદેવે મિત્રને કહ્યું કે તેઓ પણ ન્યાયશાસ્ત્ર પર આવી એક ટીકા લખી રહ્યા છે. રઘુનાથના હૃદયમાં ફાળ પડી. એ ચૈતન્યદેવના ઘેર ગયા અને એમની પાસેથી પુસ્તક લઈને વાંચવા લાગ્યા, પણ જેમ પુસ્તક વાંચે તેમ એમનો ચહેરો વધુ ને વધુ કાળો પડતો ગયો. એમના મુખ પર ઘેરો વિષાદ છવાઈ ગયો. જાણે નૂર ઊડી ગયું હોય એવો તેમનો દેખાવ લાગવા માંડ્યો.

ચૈતન્યદેવ મિત્રનો મનોભાવ કળી ગયા. એમણે રઘુનાથને પૂછ્યું, "કેમ, આટલા બધા વિચારમાં પડી ગયા ?"

રઘુનાથે કહ્યું, "મિત્ર ! તારી ટીકા આગળ મારી ટીકા તો કૂતરાંય નહિ સૂંઘે. મને એમ હતું કે મારી ટીકાથી ભારતભરમાં

કીર્તિ મેળવીશ પણ તારી ટીકા વાંચતાં એમ લાગે છે કે હવે એ વાત સ્વપ્નવત્ બની જશે. ઓહ ! મારી વર્ષોની મહેનત સાવ વ્યર્થ ગઈ !"

ચૈતન્યદેવ કશું બોલ્યા નહિ. એ રાત્રે બંને મિત્રો જલવિહાર કરવા નીકળ્યા. પૂર્ણિમાની ચાંદનીમાં નાનીશી હોડીમાં બંને નીકળ્યા. બંને વાતોમાં ડૂબી ગયા. એવામાં ચૈતન્યપ્રભુએ કપડામાં વીંટાળેલી એક પોથી બહાર કાઢી અને નદીના જળમાં પધરાવી દીધી.

રઘુનાથ શિરોમણિના વિસ્મયનો પાર ન રહ્યો. એમણે પૂછ્યું, "મિત્ર ! આ તેં શું કર્યું ? પાણીમાં પોથી કેમ પધરાવી દીધી ?"

હળવું સ્મિત કરતાં ચૈતન્યપ્રભુએ કહ્યું : "રઘુનાથ ! એ તો તેં જોયેલી ન્યાયશાસ્ત્ર પરની મારી ટીકા હતી. એને મેં પાણીમાં પધરાવી દીધી."

રઘુનાથ કહે, "અરે ! એવી સુંદર ટીકાને તેં પાણીમાં પધરાવી દીધી ? આવું કેમ કર્યું ?"

ચૈતન્ય મહાપ્રભુએ કહ્યું, "જે ગ્રંથ મારા મિત્રની કીર્તિને હણી નાખે, તે ગ્રંથ શા કામનો ! જે ગ્રંથે તારા દિલ પર ઘા કર્યો, તેનો મેં પાણીમાં ઘા કર્યો."

રઘુનાથ ચૈતન્યદેવના ચરણોમાં ઢળી પડ્યા. ત્યારે ચૈતન્યદેવે કહ્યું, "રઘુનાથ ! મારી કીર્તિ મારા મિત્રની અપકીર્તિ બને તે હું કેવી રીતે સહન કરી શકું ?"



# ૧૪ ઈશ્વરભક્તિ વિના આસક્તિ મળશે !

ચરિત્રની પવિત્રતા, મનોહારી રૂપ, ઊંડી ધાર્મિક ભાવના, આકસ્મિક રહસ્યમય સમાધિ અને જગન્માતાની નિષ્કપટ પ્રાર્થનાને કારણે સ્વામી રામકૃષ્ણ સહુને માટે શાશ્વત આનંદનું સ્થાન હતા.

બાલ્યાવસ્થામાં તેઓ ગદાધરના નામથી પ્રસિદ્ધ હતા અને જગતમાતાના પોકારને કારણે એમણે ઘરનો ત્યાગ કર્યો હતો તેમ જ એના ગહન ચિંતનમાં લીન રહેતા હતા. દક્ષિણેશ્વર મંદિરનું ઉદ્યાન સંન્યાસીઓ અને ભક્તોથી ભરેલું રહેતું. કેશવચંદ્ર સેન, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર અને બંકિમચંદ્ર ચેટરજી જેવા વિચારકો એમને મળવા આવતા અને એમના ઉપદેશામૃતથી પોતાની આધ્યાત્મિક પિપાસા શાંત કરતા.

એક અનુયાયીએ સ્વામી રામકૃષ્ણ પરમહંસને પૂછ્યું, "ઠાકુર, સંસાર કેવો છે ? કોઈ એને સર્વસ્વ માને છે અને કોઈ એને અસાર માને છે. આ સંસારમાં અમારે જીવવું કઈ રીતે?"

સ્વામી રામકૃષ્ણ પરમહંસે કહ્યું, "જુઓ, સંસારનાં સઘળાં કામ કરવાં પણ મન ઈશ્વરમાં રાખવું. માતા-પિતા, પત્ની અને પુત્ર - એ બધાંની સાથે રહેવું અને એમની સેવા કરવી. પોતાના આત્મીયજનોની માફક એમની સાથે વર્તવું, કિંતુ માનવું કે આમાંનું આપણું કોઈ નથી."

ભક્તજને કહ્યું, "ઠાકુર, આ તો એક મ્યાનમાં બે તલવાર રાખવા જેવી વાત થઈ. આવું કઈ રીતે શક્ય બને ?"

સ્વામી રામકૃષ્ણ પરમહંસે કહ્યું, "જરા જુઓ, કોઈ ધનવાનને ત્યાં કામ કરતી કામવાળી ઘરનાં બધાં જ કામ કરે છે, પણ એનું મન તો એના પોતાના ગામડામાં આવેલા ઘરમાં પરોવાયેલું હોય છે. પોતાના શેઠનાં સંતાનોને એ પ્રેમથી ઉછેરે છે. રમાડે છે. વખત આવે 'મારો રામ' 'મારો હરિ' કહે છે પણ વખત આવે સમજે છે કે આમાંનું આપણું કોઈ નથી. કાચબીને તમે પાણીમાં તરતી જુઓ છો, પણ એનું મન તો કાંઠા પર પડેલાં ઈંડાં પર હોય છે."

"તો પછી સંસારમાં ઈશ્વરભક્તિનો અર્થ શો ?"

સ્વામી રામકૃષ્ણે કહ્યું, "ઈશ્વરભક્તિ વિના સંસાર ચલાવવા જશો તો આસક્તિમાં સપડાશો. આપત્તિ, સંતાપ કે શોક જાગતાં તમે અધીરા બની જશો. હાથે તેલ લગાડીને ફણસ ચીરવું જોઈએ, નહિ તો તેનું દૂધ હાથે ચોટી જાય. ઈશ્વરભક્તિરૂપી તેલ પ્રાપ્ત કર્યા બાદ જ સંસારકાર્યમાં પડવું જોઈએ."

સ્વામી રામકૃષ્ણ પરમહંસે જીવનમાં અલિપ્તતાની વાત કરી છે. માનવી સંસારમાં જેટલો વધુ લિપ્ત બનશે એટલો વિશેષ વ્યાકુળ બનશે. જીવનના આવેગોથી એ જેટલો ઊછળશે એટલી મોટી પછડાટ એને ખાવી પડશે. વૃત્તિઓના વાવાઝોડા એ જેટલા વધુ અનુભવશે એટલો એના જીવનના આનંદનો વિનાશ કરશે. જીવનમાં અદાકાર બનીને જીવવાનું નથી કિંતુ જીવનના દિગ્દર્શક બનીને એને દૂરથી પામવાનું છે.



## ૧૫ પરમાત્માને કોતરવા પીડા સહેવી પડે !

એક મોટો કુસ્તીબાજ મલ્લ હતો. બંને હાથે સિંહની આકૃતિનાં છૂંદણાં છૂંદાવવા ગયો. એણે છૂંદણાં છૂંદનારને કહ્યું, "જુઓ, જ્યારે સિંહ સૂર્યરાશિમાં હતો એ વખતે મારો જન્મ થયો છે. આથી બહાદુરી અને શૂરવીરતામાં હું સિંહ જેવો છું. આ બંને હાથે મને સિંહની આકૃતિ કાઢી આપો."

પેલાએ હાથમાં સોય લઈને સહેજ શરીર પર ભોંકી કે મલ્લ આ સહન કરી શક્યો નહિ. એણે કહ્યું, "અલ્યા ઊભો રહે. પહેલાં કહે તો ખરો કે તું શું કરે છે ?"

પેલાએ કહ્યું, "કેમ વળી ! સિંહની પૂંછડી કાઢવી શરૂ કરી છે."

આ હતો તો મલ્લ, પણ માત્ર મુક્કાબાજી જ કરી જાણે. આવી પીડા એનાથી ખમાતી નહોતી. છતાં બહાદુરીનો ડોળ કરતાં કહ્યું, "અલ્યા એ, તું કઈ દુનિયામાં જીવે છે ? આજની દુનિયામાં તો કૂતરા અને ઘોડાની પૂંછડીઓ કાપવાની ફૅશન ચાલે છે. આજે બાંડો સિંહ બળવાન ગણાય છે, માટે પૂંછડીની કોઈ જરૂર નથી. બીજા અવયવો કાઢ."

પેલાએ ફરી પાછી મલ્લના હાથ પર સોંય ભોંકી. મલ્લથી એની વેદના સહન ન થઈ. એ તરત બોલી ઊઠ્યો, "એય, હવે પાછું શું કાઢે છે ?"

છૂંદણાં છૂંદનારે મનમાં મરકતાં કહ્યું, "અરે મહાબળવાન મલ્લરાજ ! તમે પૂંછડીની ના પાડી, તો હવે સિંહની કમરનો ભાગ ચીતરું છું."

પેલા મલ્લે હસતાં-હસતાં કહ્યું, "તું કોઈ કવિતા ભણ્યો છે ખરો ? આપણા મોટામોટા કવિઓએ સિંહની પાતળી કમરને તો અલંકાર તરીકે ઉપયોગમાં લીધી છે. કોઈ અત્યંત પાતળી ચીજ બતાવવી હોય તો તેઓ સિંહની કમરની ઉપમા આપે છે. આ પાતળી કમર તો માત્ર ઉપમા તરીકે જ વપરાય. એવી પાતળી કમર કાઢવાની જરૂર નથી."

છૂંદણાં છૂંદનારે છૂંદવું બંધ કર્યું. સોય બાજુ પર મૂકી અને છેવટે કહ્યું, "હે મલ્લરાજ ! આપ પધારો. તમે વાત કરો છો મોટી, પણ છે એ સઘળી ખોટી. ભલે તમે મોટા મલ્લ હો, પણ સોયની પીડા સહન કરી શકતા નથી."



# ૧૬ લયલાને જોવા મજનૂની આંખે જોઈએ

લયલા અને મજનૂ. એવાં પ્રેમી કે બંને પળનોય વિરહ સહન કરી શકે નહિ. એવામાં મજનૂને વિરહ સહેવાનો વારો આવ્યો. વિરહના તાપમાં મજનૂ તરફડવા લાગ્યો. આખો દિવસ રસ્તા પર રઝળવા લાગ્યો. લયલાના નામની બૂમો લગાવવા માંડ્યો. જ્યાં-જ્યાં લયલા સાથે ફર્યો હતો, ત્યાં બેસીને કલ્પાંત કરવા લાગ્યો. ઘોર અંધારી રાતે પણ ઊંઘમાંથી ઝબકી જતો અને લયલાના નામની વેદનાભરી ચીસો પાડતો.

ગામના રાજાને મજનૂના બેહાલની ખબર પડી. એને વિરહી મજનૂ પર દયા આવી. મજનૂને પોતાની પાસે બોલાવ્યો, અને પ્યારથી એનો વાંસો પંપાળતાં કહ્યું, "અલ્યા મજનૂ ! તું તો ખરો પ્રેમી છો. આખો દિવસ લયલા-લયલા કર્યા કરે છે, નથી રાત જોતો, નથી દિવસ, નથી પૂરું ખાતો-પીતો."

મજનૂએ કહ્યું : "લયલા વિના એક પળ એકસો વર્ષ જેવી લાગે છે. લયલા વિના મારું હૈયું તરફડે છે. મારો આત્મા ઝૂરી-ઝૂરીને આંસુ સારે છે."

રાજા ખડખડાટ હસી પડ્યો અને બોલ્યો, "અરે મજનૂ ! જોઈ તારી લયલા ! આમ શું ગાંડો થઈ ગયો છે ! તને લયલા-લયલા કરતો જોઈને મને થયું કે લાવ, એક વાર લયલાને જોઉં તો ખરો કે તે કેવી સુંદર છે ? મેં તારી લયલાને જોઈ. એ તો સાવ સામાન્ય છોકરી છે. મને તો એમ હતું કે તું આટલો બધો

વલોપાત કરે છે તો કેવીય સુંદર રમણી હશે ! ખરેખર તારા જેવો બેવકૂફ મેં કોઈ બીજો જોયો નથી. હવે ચાલ, મારી સાથે.”

રાજા મજનૂને પોતાના અંતઃપુરમાં લઈ ગયો. એમાંથી સુંદરીઓ બોલાવી. એમને બતાવતાં મજનૂને કહ્યું, “જો મજનૂ ! તારી લયલા તો આ સુંદરીઓનાં રૂપ અને કામણ આગળ કશીય વિસાતમાં નથી. તારા માટે આપણા રાજ્યમાંથી આ બાર સુંદરીઓ આણી છે. આમાંથી એકને પસંદ કરી લે. લયલાની પાછળ ખુવાર થવાનું રહેવા દે.”

મજનૂ ખડખડાટ હસી પડ્યો. એણે કહ્યું : “આમાંની એકેય સુંદરી મારી લયલાની તોલે આવી શકે તેવી નથી.”

રાજા તાડૂકી ઊઠ્યો અને બોલ્યો, “શું બેવકૂફ જેવી વાત કરે છે ? તારી લયલાના ચહેરામાં, આંખમાં કે હોઠ પર આવી નજાકત છે જ ક્યાં ?”

મજનૂએ ઉત્તર આપ્યો, “મહારાજ ! લયલાની સુંદરતા જોવી હોય તો એ માટે મજનૂની આંખ જોઈએ. જો મજનૂની આંખ નહિ હોય તો લયલાની સુંદરતા તમને દેખાશે નહિ.”



## ૧૭ ઓરડામાં મધરાતે સૂરજ ઊગ્યો !

ભક્ત અબૂબન. બધાં પર સમાન દૃષ્ટિ રાખે. હોંશે-હોંશે સહુની સેવા કરે. પારકાના ભલામાં પોતાનું ભલું જુએ. લક્ષ્મીનો મોહ નહિ. સત્તા મેળવવાની કોઈ લાલસા નહિ. બસ, રાત-દિવસ માનવની સેવા-શુશ્રૂષા કરે જાય.

એક વખતે મધરાતે અચરજ જોયું. ઊંઘમાંથી એકાએક ઊઠેલા ભક્ત અબૂબને ઓરડામાં ચોતરફ પ્રકાશ-પ્રકાશ જોયો. મધરાતે આવું અજવાળું ક્યાંથી ? જાણે પોતાના ઓરડામાં સૂરજ ઊગ્યો હોય !

અબૂબને ચારે તરફ નજર ફેરવી. જોયું તો એક ખૂણામાં બેસીને દેવદૂત સોનેરી પુસ્તકમાં કંઈક લખી રહ્યા હતા. ભક્ત અબૂબન પથારીમાંથી ઊભા થયા. દેવદૂતની નજીક ગયા. જઈને પૂછ્યું, “અરે ! આપ આ મધરાતની વેળાએ દિવ્ય પુસ્તકમાં શું લખી રહ્યા છો ?”

દેવદૂતે ઊંચે જોયું. એણે જવાબ વાળ્યો, “આ પુસ્તકમાં ઈશ્વરના સાચા ચાહકોનાં નામ લખું છું. જે મનુષ્યો સાચા દિલથી ઈશ્વરને પ્રેમ કરે છે એમનાં નામ એકઠાં કરું છું.”

ભક્ત અબૂબને નિખાલસતાથી પૂછ્યું, “શું આમાં મારું નામ લખ્યું છે ખરું ?”

“ના.” દેવદૂતે જવાબ આપ્યો.

અબૂબન કહે, “ઈશ્વરના ચાહક તરીકે મારું નામ ન લખ્યું

હોય, તો કશી હરકત નથી. પરંતુ એટલું લખી લો કે અબૂબન બધાં માનવીઓને હૃદયથી પ્યાર કરે છે."

એટલામાં તો દેવદૂત અદૃશ્ય થયો. બીજી મધરાતે ફરી એ પાછો આવ્યો. એણે સોનેરી પુસ્તક અબૂબનની નજર સામે મૂક્યું. ભક્ત અબૂબને જોયું કે પુસ્તકમાં જેટલા ઈશ્વરભક્તોનાં નામ લખ્યાં હતાં, એમાં એનું નામ સૌથી પહેલું લખાયેલું હતું.

ભક્ત અબૂબન આશ્ચર્યથી આ જોઈ રહ્યો. દેવદૂત કહે, "જનસેવક એ જ સાચો પ્રભુસેવક છે. જનતાને પ્યાર કર્યા વિના પ્રભુનો પ્યાર નથી મળતો."

આપણે ઈશ્વરની ઉપાસનાને આગવો અધિકાર બનાવી દીધી છે. એને આશ્રમોની આણ આપી છે. મંદિરો અને દેરાસરોની લક્ષ્મણરેખામાં મર્યાદિત કરી દીધી છે. મંદિરને ચાહનાર પોતાની મોટાઈ બતાવવા માનવની ઉપેક્ષા કરવા લાગ્યો છે. પરમાત્માને પામવાનો પ્રયત્ન કરનાર પરના આત્માઓને પામર ગણી આડું મોં ફેરવી લે છે. આવો ઈશ્વરભક્ત અન્ય સહુ કોઈને નશ્વર માનીને એમની નરાતર ઉપેક્ષા કરે છે.

મુખેથી પરમાત્મા સર્વવ્યાપક હોવાની વાત કરે છે, પણ હૃદયમાં તો એ માને છે કે પરમાત્મા માત્ર એક જ સ્થળે, અને તેય મારા આત્મામાં જ વ્યાપ્ત છે. બાકી બધે દુરાત્માની જ લીલા છે!

પ્રભુનો સાચો ભક્ત કોઈ મઠમાં કે મંદિરમાં નહિ મળે. કોઈ આશ્રમમાં નહિ જડે. એ તો આ જગતના કોઈ ખૂણે એકલો બેઠોબેઠો સંસારની વચ્ચે રહીને નિજાનંદની મસ્તીથી ભક્તિભાવનો એકતારો બજાવતો હશે !



## ૧૮ દીવાના થઈએ તો દેવ મળે

એક નવયૌવના એના પતિના વિરહે સુકાઈને કાંટો થઈ ગઈ હતી. એટલામાં ખબર આવી કે પતિ આવે છે ! પણ રે નિષ્ઠુર સાસુ-સસરા ! નવયૌવનાને એકાંતમાં મૂકી પોતે એકલાં-એકલાં દીકરાના સામૈયે ચાલ્યાં ગયાં !

પ્રેમદીવાની યૌવનાનું અંતર તલસી રહ્યું છે. આખરે એ દીવાલ ઠેકી પતિને મળવા દોડી. આ વખતે બાદશાહ અકબર શિકારેથી પાછો ફરતો હતો. સંધ્યાટાણું થઈ જવાથી મગરિબની નમાજ પઢવા ગાલીચો પાથરીને એ બેઠો હતો.

પ્રેમદીવાની બાઈ દોડતી એ ગાલીચા પરથી પસાર થઈ ગઈ. એના પગની ધૂળથી ગાલીચો રજે ભરાયો.

બાદશાહ કહે : "જાઓ એને અભી ને અભી હાજર કરો."

નવયૌવનાને ત્યાં હાજર કરવામાં આવી.

બાદશાહે પૂછ્યું : "આ બેઅદબી કરનાર તું હતી ?"

સ્ત્રી કહે : "મને ખબર નથી, જહાંપનાહ ! હું મારા પતિની સૂરતમાં મગ્ન હતી. કદાચ હું જ હોઉં, પણ હજૂર ! આપ એ વખતે શું કરતા હતા ?"

"નમાજ પઢતો હતો."

"કોની નમાજ ? અલ્લાહની ? છતાં આપે મને જોઈ ? આપે રજોટાયેલો ગાલીચો જોયો ? એક માટીના માનવીમાં હું મસ્તાન બની ને દુનિયાના બાદશાહને ભૂલી ગઈ, તો આપ

નમાજમાં હતા, ને મારા જેવી નાચીજ ઓરતની હસ્તી વીસરી શક્યા નહિ ? હજૂર ! દીવાના થયા વગર કોઈ દેવ અંતરમાં આવતા નથી !"

અકબર બાદશાહ ચૂપ થઈ ગયો.

આ પ્રસંગનો મર્મ એ છે કે સાચી ભક્તિમાં દુન્યવી લાલસા નહિ, પણ મસ્તીભર્યું દીવાનાપન હોય છે. કશી ઇચ્છા કે આકાંક્ષા વિનાનું આત્મસમર્પણ હોય છે. ભૌતિક માંગણીને બદલે પ્રભુ પ્રત્યેની મમતા અને મગ્નતા જ માત્ર હોય છે. ઘણા માનવીઓ ભક્તિના ઓઠા હેઠળ માગણીની માયા રચે છે ! માગણીની લાગણી તો સદા વણછીપી રહે છે. એક માગણી પૂરી થાય કે બીજી હાજરાહજૂર ! વર મળે, તો પછી ઘર મળે. ઘર મળ્યું તો વળી સુખી સંસાર મળે ! માગનાર તો સદાય ભૂખ્યો જ હોય છે. એની ભૂખનો કોઈ છેડો કે અંત હોતો નથી ! લાલસા અને વાસના તો સળગતા અગ્નિને સતત ઉશ્કેરતા ઘી જેવી છે, જે હૃદયને સદાય બળબળતું અને ભડભડતું રાખે છે.

ભક્તિમાં માગવાનું નથી, આપવાનું છે ! લેવાનું નથી, દેવાનું છે ! માગવાની ચાહના છોડી દેનારો માનવી મહામાનવ બની જશે. માગવાની લાચારીને જો પોષવામાં આવે તો માનવીનું હૃદય કાયર, પૂજા સ્વાર્થી અને ભક્તિ ભિક્ષા જેવી બનશે. જે માગવાનું મૂકીને ચાહનાથી પરમાત્માની આરાધના કરે છે એ સાચો આસ્તિક. બાકી જે પોતાની કામનાઓ પૂરી કરવા ભક્તિની ધૂન મચાવે છે, તે આસ્તિકતાનું ચામડું ઓઢી ફરતા નાસ્તિક છે.



## ૧૯ શેતાન પણ હું અને ખેડૂત પણ હું

એક ચિત્રકાર પર કલાની દેવી અતિ પ્રસન્ન હતી. એ ચિત્રકાર વ્યક્તિની મુખાકૃતિ એવી હૂબહૂ બનાવતો કે ન પૂછો વાત ! એક દિવસ એને મન થયું કે એક એવી વ્યક્તિનું ચિત્ર બનાવું કે જેની આંખમાં પરમાત્માની ઝલક હોય, ખુદાઈ નૂર હોય, ઈશ્વરના અણસાર સમાં સ્નેહ, મૈત્રી, કરુણા અને પવિત્રતા નીતરતાં હોય. ચિત્રકાર ઠેરઠેર ફરવા લાગ્યો. જેની આંખમાં ઈશ્વરનો અણસાર હોય, તેવા માનવીની શોધ કરવા લાગ્યો. ઘણા સાધુસંત જોયા. મોટામોટા ધર્મવીર અને દાનવીર જોયા. મહેલો ને ઝૂંપડીઓ ફેંદી વળ્યો. બધા ધર્મની વાત કરે, પણ આંખમાં ખુદાઈ નૂર ન મળે. ફરતાં-ફરતાં જંગલમાં ગયો. એક ખેડૂતને ખેતી કરતો જોયો.

મોજથી પ્રભુભક્તિ કરતો જાય ને હળ હંકારતો જાય. ચિત્રકારને એની આંખોમાં ખુદાઈ નૂર જોવા મળ્યું. ઈશ્વરીય ગુણોની ઝલક સાંપડી. ચિતારાએ આવી વ્યક્તિનું ચિત્ર બનાવ્યું અને ઠેરઠેર પ્રશંસા પામ્યું. આ વાતને થોડાં વર્ષ વીતી ગયાં. ચિત્રકારને એવો વિચાર આવ્યો કે ખુદાઈ નૂરનું ચિત્ર તો બનાવ્યું, હવે જેની આંખમાં શેતાન વસતો હોય એવી વ્યક્તિનું ચિત્ર બનાવવું. એણે આવી વ્યક્તિની શોધ શરૂ કરી.

જેમ દરેક વ્યક્તિમાં પરમાત્માની ઝાંખી જોવા ન મળી, તેમ એને શયતાનિયતની ઝલક પણ જોવા ન મળી. શેતાન તારી અસલી જાતને આબાદ છુપાવી છે ! ચોર-લૂંટારા જોયા. ખૂની-

હત્યારા જોયા. આખરે એક ક્રૂર હત્યા કરનારો કેદી જોયો. ફાંસીના માંચડે ચડવાના એના દિવસો ગણાતા હતા. એનો ચહેરો ખૂબ વિકરાળ, અવાજ ભયાનક, આંખ જુઓ તો જાણે નીતરતી દાનવતા ! ચિતારો પીંછી લઈને ચિત્ર બનાવવા બેસી ગયો. આબાદ ચિત્ર બનાવ્યું. એની આંખમાં શેતાન તો શું, પણ હત્યા અને હિંસાની વણછીપી તરસ પ્રગટતી હતી ! કારમા હત્યાકાંડે જાણે માનવશરીર ધારણ કર્યું ન હોય !

કુશળ ચિત્રકાર બંને ચિત્રો લઈને ખૂંખાર કેદી પાસે ગયો અને એનું ચિત્ર બતાવ્યું. કેદી એકીટસે પોતાનું ચિત્ર જોઈ રહ્યો, પછી ચિત્રકારે એને ખુદાઈ નૂરવાળા ખેડૂતનું ચિત્ર બતાવ્યું. કેદી તો એ જોઈને ખડખડાટ હસવા લાગ્યો. આશ્ચર્યચકિત થયેલા ચિત્રકારે પૂછ્યું, "અરે ! આટલું બધું હસે છે કેમ ?"

કેદી કહે, "શું હસું નહિ, ત્યારે રડું ?"

ચિત્રકાર બોલ્યો, "આ ચિત્ર તો ઈશ્વરની ઝાંખી કરાવતા ખેડૂતનું છે."

"એ જોઈને જ હસવું આવે છે ને !"

"શા માટે ?" ચિત્રકારે પૂછ્યું.

કેદી કહે, "અરે ! ભલા ભાઈ ! પેલું વિકરાળ ચિત્ર મારું છે, તેમ આ ચિત્ર પણ મારું જ છે. હું જ એ ખેડૂત હતો !"

ચિત્રકાર સ્તબ્ધ બની ગયો. એને ખ્યાલ આવ્યો કે એક જ માનવીના દિલમાં દેવ અને દાનવ બંને વસે છે. પ્રેમરૂપી પાંડવો અને ક્લેશરૂપી કૌરવો સાથે રહે છે. જે આંખમાંથી પરમાત્મા પ્રગટ થાય છે, તે આંખમાંથી શેતાન પણ પ્રગટ થઈ શકે છે !



## ૨૦ | તમે ઠોકર મારી, તે હું ગ્રહણ કરું ?

જ્યેષ્ઠબંધુ ધૃતરાષ્ટ્રની ઉપેક્ષા અને અહંકારી દુર્યોધનના વ્યવહારથી મહાત્મા વિદુર અત્યંત વ્યથિત રહેતા હતા. નીતિવેત્તા મહાત્મા વિદુરને કૌરવોનો પાંડવો પ્રત્યેનો દુર્વ્યવહાર પસંદ પડતો નહિ. એક સમય એવો આવ્યો કે આવી પરિસ્થિતિથી તેઓ ગૂંગળામણ અનુભવવા લાગ્યા અને વિચાર્યું કે આવા લોકો સાથે રહેવાથી અને એમનું અન્ન ખાવાથી ચિત્ત પર દૂષિત પ્રભાવ પડશે, આથી પત્નીને લઈને હસ્તિનાપુર નગરની બહાર વનમાં કુટિર બાંધીને રહેવા લાગ્યા. ભોજન માટે જંગલમાંથી જે કંઈ ફળફળાદિ મળતાં, તેનાથી સંતુષ્ટ રહેવા લાગ્યા અને પોતાનો મોટા ભાગનો સમય સત્કાર્ય અને ઈશ્વર-સ્મરણમાં વ્યતીત કરવા લાગ્યા.

એ સમયે પાંડવોના દૂત તરીકે ભગવાન શ્રીકૃષ્ણ વિષ્ટિ માટે હસ્તિનાપુર આવ્યા હતા અને અભિમાની તથા સત્તાલોભી દુર્યોધને એમની સમાધાનની વાતોનો સદંતર અસ્વીકાર કર્યો. આ સમયે મહારાજ ધૃતરાષ્ટ્ર અને ગુરુ દ્રોણાચાર્યે ભગવાન શ્રીકૃષ્ણને પોતાના આતિથ્યનો સ્વીકાર કરવા કહ્યું; પરંતુ એને બદલે શ્રીકૃષ્ણ નગરની બહાર જંગલમાં ઝૂંપડીમાં વસતા વિદુરને ત્યાં ગયા અને ભોજનની ઇચ્છા પ્રગટ કરી.

વિદુરને અતિ સંકોચ થયો કે કઈ રીતે જંગલમાં મળતી શાકભાજી શ્રીકૃષ્ણને ભોજનમાં આપી શકાય ? આથી એમણે

શ્રીકૃષ્ણને પૂછ્યું, "આપ ભૂખ્યા હતા, ભોજનનો સમય પણ થયો હતો અને ધૃતરાષ્ટ્રે આપને ભોજન માટે આગ્રહ પણ કર્યો હતો, તેમ છતાં આપે એમની ભોજન ગ્રહણ કરવાની વિનંતીનો અસ્વીકાર કેમ કર્યો ?"

શ્રીકૃષ્ણે કહ્યું, "મહાત્મા વિદુર, જે ભોજનને અયોગ્ય માનીને આપ નગર છોડીને જંગલમાં આવ્યા, એ ભોજન મારે માટે ઉચિત કઈ રીતે ગણાય ? તમે એવું કઈ રીતે વિચાર્યું કે જેમના અન્નને તમે ઠોકર મારી, એમના અન્નને હું ગ્રહણ કરીશ."

આ સાંભળી વિદુર ભાવવિભોર બની ગયા. એમને સમજાયું કે શ્રીકૃષ્ણની ભૂખને પદાર્થોથી નહિ, પણ ભાવનાથી તૃપ્ત કરી શકાય અને શ્રીકૃષ્ણે પ્રસન્ન ચિત્તે મહાત્મા વિદુરને ત્યાં ભોજન લીધું.



## ૨૧ સ્વર્ગ અને નરક હાજરાહજૂર છે !

એક સમ્રાટને સ્વર્ગ જોવાની ઇચ્છા જાગી. નરક નિહાળવાની તાલાવેલી થઈ. એણે સ્વર્ગ અને નરકની વાતો તો ઘણી સાંભળી હતી, પણ વાતોથી એ સંતુષ્ટ થયો નહોતો, કારણ કે કોઈ સ્વર્ગને અમુક પ્રકારનું બતાવે તો કોઈ વળી જુદા જ પ્રકારનું કહે. એવું જ નરકની બાબતમાં પણ બન્યું.

જે કોઈ સાધુ, સંત, મહાત્મા કે ફકીર મળે એ સહુને સમ્રાટ પૂછે છે કે મારે સ્વર્ગ અને નરક પ્રત્યક્ષ જોવાં છે. તમે તો જ્ઞાન અને ધ્યાનમાં પારંગત છો, એની મદદથી મને આ સ્વર્ગ અને નરક બતાવો. મહાત્માઓની મુશ્કેલી વધી ગઈ. એમણે સ્વર્ગ અને નરકની વાતો તો ઘણી કરી હતી, પણ કદીય નજરોનજર નિહાળ્યાં નહોતાં.

સમ્રાટને ખબર મળી કે એના નગરની બહાર એક ઝેન ફકીર આવ્યા છે. કહે છે કે એમની પાસે સાધનાથી મેળવેલી અદ્ભુત સિદ્ધિઓ છે. સમ્રાટ ઝેન ફકીરને સામે ચાલીને મળવા ગયો અને કહ્યું કે આપ મને સ્વર્ગ અને નરક બતાવો. એની વાતો સાંભળીને તો હું ધરાઈ ચૂક્યો છું, પણ હવે આ વાત નજરોનજરમાં રૂબરૂ કરવી છે.

ફકીરે કહ્યું : "તને જરૂર બતાવું." અને આટલું બોલી ફકીરે સમ્રાટને કહ્યું,

"ભલે તું મોટા રાજનો સમ્રાટ હોય, પણ તેં તારા અસલી

ચહેરાને કદી અરીસામાં જોયો છે ખરો ? તારા જેવા કદરૂપા ચહેરાવાળો બિહામણો માનવી મેં ક્યાંય જોયો નથી. તારા ચહેરા પર માખીઓ બણબણે છે. તને જોઈને મને સૂગ ચડે છે. ચાલ હટી જા, મારા રસ્તામાંથી.”

સમ્રાટના ક્રોધનો જ્વાળામુખી ફાટી ઊઠ્યો. એની આંખો અંગારા વરસાવવા લાગી. હોઠ ક્રોધથી ફફડવા માંડ્યા. મનમાં ગુસ્સો ફૂંફાડા મારવા લાગ્યો અને મ્યાનમાંથી તલવાર કાઢીને એ ફકીરનું ડોકું ઉડાડી દેવા માટે તલવાર વીંઝવાની તૈયારી કરતો હતો, ત્યાં જ ફકીરે કહ્યું, “સમ્રાટ ! બસ, આ જ છે નરક. જોઈ લે, તારી જાતને અરીસામાં અને તને નરકનો અહેસાસ મળી જશે. આંખોમાં ક્રોધ, અંતરમાં અપમાન અને મનમાં સતત સળગતી તારી બદલો લેવાની ભાવના. બસ, આને જોઈશ એટલે તને નરક નજરોનજર દેખાશે.”

સમ્રાટ શાંત થયો. સ્વસ્થ થયો. પસ્તાવો થયો અને ધીરે-ધીરે એના ચહેરા પર બળબળતા ક્રોધના સ્થાને હાસ્યની હસમુખી લકીર પથરાઈ ગઈ. પેલા ફકીરે કહ્યું, “બસ જોઈ લે. આ જ છે સાચું સ્વર્ગ.”

સમ્રાટ ફકીરના ચરણોમાં નમી પડ્યો. આમ સ્વર્ગ અને નરક એ ક્યાંય બહાર નથી, કિંતુ માનવીના અંતરમાં છે. મોટા ભાગના માનવી સતત મોટા સ્વર્ગ અને નરકની વચ્ચે આંટાફેરા મારતા હોય છે. ઘણા માત્ર નરકમાં વસતા હોય છે અને કોઈ વિરલા જ જીવનમાં સાચા સ્વર્ગને પામતા હોય છે.



## ૨૨ લીલાં સાથે સૂકાં પાંદડાં જોઈએ !

એક ઝેન ફકીર કુશળ માળી હતો. બાગકામનો એ ઊંડો જાણકાર હતો. ફૂલ-છોડને એ એવી માવજત આપતો કે એ બધાં હસી ઊઠતાં.

એક વાર સમ્રાટને એવું મન થયું કે પોતાનો પુત્ર આ ફકીર પાસે બાગકામ શીખે. સમ્રાટે એના પુત્રને બાગકામ શીખવા માટે મોકલી આપ્યો. આ ફકીર જે કંઈ શીખવે તે સમ્રાટનો પુત્ર શબ્દશઃ પોતાના મહેલના માળીઓને કહી દે. સમ્રાટની પાસે માળીઓનો કોઈ તૂટો ન હોય, તેથી સમ્રાટનો પુત્ર જે કંઈ કહેતો એ એકેએક વાતનું બરાબર પાલન થતું. હજારો માળીઓ એની વાત પ્રમાણે કામ કરવા લાગી જતા.

આમ ત્રણેક વર્ષ વીતી ગયાં. એક દિવસ આ ફકીરને સમ્રાટનો બગીચો જોવાની ઇચ્છા થઈ. એ બગીચો જોવા આવ્યો અને જોયું તો તદ્દન સ્વચ્છ અને સુયોજિત બગીચો હતો. એકેએક બાબતનું ઝીણવટથી ધ્યાન રાખવામાં આવ્યું હતું. ક્યાંય કોઈ ત્રુટિ નજરે નહોતી પડતી.

પણ કોણ જાણે કેમ ફકીરના ચહેરા પર ક્યાંય આનંદ ના મળે. જેમજેમ બગીચો જોતો જાય તેમતેમ વધુ ને વધુ ઉદાસ થતો જાય. સમ્રાટના પુત્રને પણ આશ્ચર્ય થયું કે બગીચો એવી બેનમૂન રીતે બનાવ્યો છે કે એમાં કશી ત્રુટિ નથી તેમ છતાં ગુરુના ચહેરા પર કેમ કશો આનંદ જણાતો નથી ?

બગીચો જોયા પછી ફકીરે સમ્રાટના પુત્રને માત્ર એટલું જ કહ્યું, "રાજકુમાર ! હજી વધુ ત્રણ વર્ષ તમારે વિદ્યા શીખવી પડશે."

રાજકુમાર સ્તબ્ધ થઈ ગયો. એણે પૂછ્યું, "આપની એકેએક વાતનું મેં યથાર્થ પાલન કર્યું છે. બગીચાની ત્રુટિ તો આપે બતાવી નથી અને તેમ છતાં હજી ત્રણ વર્ષ મારે શીખવું પડશે એમ કેમ કહો છો ?"

ઝેન ફકીર ઉત્તર આપવાને બદલે બગીચાની બહાર દોડ્યા અને કચરામાંથી થોડાં પાંદડાં લઈને ઊંચે હવામાં ઉડાવી દીધાં. બગીચામાં ક્યાંય નીચે ખરી પડેલું સૂકું પાંદડું દેખાતું ન હતું. તેને બદલે ઘણાં પાંદડાં દેખાવા માંડ્યાં અને ઝેન ફકીરે કહ્યું, "બસ, હવે વાત પૂરી થઈ છે. માત્ર લીલાં પાંદડાં હોય તે ખોટું છે. સૂકાં ખરેલાં પાન પણ હોવાં જોઈએ."

માનવી જીવનમાં માત્ર હરિયાળી જુએ છે પણ એની સાથે જ વેરાનભૂમિ રહેલી હોય છે. એ જીવનમાં સતત સુખને જોવાનો પ્રયાસ કરે છે, પરંતુ આ સુખની સાથે દુઃખ રહેલું હોય છે. જીવનમાં એવું કોઈ સુખી નથી કે જેમાં દુઃખનો અંશ ના હોય. જીવનમાં એવું કોઈ દુઃખ નથી કે જેમાં સુખ ક્યાંય છુપાયેલું ના હોય.

હકીકત એ છે કે સુખ દુઃખમાં પલટાય છે અને દુઃખ સુખમાં પલટાય છે, આપણે એને અલગ-અલગ વિચારીએ છીએ. છતાં ઝીણવટથી જોઈએ તો એ શોધી નહિ શકાય કે ક્યાંથી સુખ શરૂ થયું, ક્યાંથી દુઃખ શરૂ થયું !



## ૨૩ મૈત્રી સદા હૃદયમાં વસે છે !

૧૮૨૧માં લંડનમાં જન્મેલા અલેકઝાન્ડર કિન્લોક ફાર્બસે આજથી દોઢસો વર્ષ પહેલાં ગુજરાતી ભાષા અને સાહિત્યના ક્ષેત્રમાં અત્યંત મહત્ત્વનું પ્રદાન કર્યું. આ ફાર્બસ સાહેબને અમદાવાદના ઇતિહાસ વિશે જાણવાની ઇચ્છા જાગી. અમદાવાદના ઇતિહાસના જાણકાર વિદ્વાનની શોધ શરૂ કરી અને એ માટે કવિ દલપતરામનું નામ સૂચવાયું.

પહેલી જ મુલાકાતથી દલપતરામથી પ્રભાવિત થયા. દલપતરામ રોજ બે કલાક ફાર્બસને ભણાવતા અને બાકીનો સમય ઐતિહાસિક ગ્રંથોની માહિતી મેળવવામાં ગાળતા. દલપતરામનો પગાર વધતો ગયો. ફાર્બસે ગુજરાતી વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના કરી અને એમાં દલપતરામે ખૂબ સાથ આપ્યો.

સમય જતાં ફાર્બસ સાહેબને ઇંગ્લૅન્ડ પાછા જવું પડ્યું. એમને સ્થાને કર્ટિઝ આવ્યા. કર્ટિઝે જોયું કે ફાર્બસ જવાથી દલપતરામે પણ એ કામ છોડ્યું હતું, પરંતુ દલપતરામની ગેરહાજરીને પરિણામે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનું કામ શિથિલ બની ગયું. કર્ટિઝને થયું કે દલપતરામ હોય તો જ આ કામ બરાબર ચાલે. આથી એમણે દલપતરામને આ સંસ્થામાં જોડાવા માટે વિનંતી કરી.

સોસાયટીના કામમાંથી વીસ રૂપિયાનો પગાર મળતો હતો,

જ્યારે દલપતરામને એ વખતે બીજે બસો રૂપિયાનો પગાર મળતો હતો, આથી દલપતરામે ના પાડી. કર્ટિઝને યાદ આવ્યું કે દલપતરામ અને ફાર્બસ વચ્ચે ગાઢ મૈત્રી હતી. બંને અવારનવાર સાથે બહારગામ પણ જતા હતા. આથી એમણે ઇંગ્લૅન્ડમાં રહેલા ફાર્બસને પત્ર લખ્યો અને કહ્યું કે દલપતરામને તમે વિનંતી કરો તો કદાચ આ કામ સ્વીકારે.

ફાર્બસે દલપતરામને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં જોડાઈ જવાનું કહ્યું. દલપતરામે પોતાના મિત્રની વાતનો તત્કાળ સ્વીકાર કર્યો અને કર્ટિઝસાહેબને કહ્યું,

"ફાર્બસસાહેબની મૈત્રી એ તો મારા જીવનનું અભિન્ન અંગ છે. આવી મિત્રતાથી જગતમાં બીજી કોઈ મહાન વસ્તુ નથી. એમના બોલ એ મારે માટે બ્રહ્મબોલ ગણાય. એને હું અવગણી શકું નહિ."

આમ કહીને દલપતરામે વીસ રૂપિયાના પગારે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં કામ કરવાનું સ્વીકાર્યું.

સાચી મૈત્રીમાં કદી ધનનો માપદંડ હોતો નથી અથવા તો લાભ-ગેરલાભનો કોઈ ખ્યાલ હોતો નથી. મૈત્રી એ હૃદયમાં વસે છે અને તેથી જ એક હૃદયની આજ્ઞા બીજું હૃદય સાનંદ સ્વીકારે છે.



## ૨૪ | જીવન ફરિયાદથી કે ઈશ્વરની યાદથી !

સૂફી સંત બાયજીદ. ઈશ્વરભક્તિમાં સદા મસ્ત રહે. ગમે ત્યાં જાય, ગમે તે કરે, પણ હૃદયમાં સતત પ્રભુનું રટણ ચાલ્યા કરે.

એક વાર પોતાના ભક્ત-સાથીઓ સાથે રસ્તા પરથી પસાર થતા હતા. સંત બાયજીદના પગ ચાલે, પણ મન તો ઈશ્વરભક્તિમાં ડૂબેલું હતું.

રસ્તામાં એક પથ્થર હતો. સંત બાયજીદના પગે તે વાગ્યો. પગમાંથી લોહી વહેવા માંડ્યું. સંત જમીન પર બેસી ગયા.

પગમાંથી લોહી વહ્યું, પણ સંતે પગને સહેજે હાથ અડાડ્યો નહિ. એ બંને હાથ જોડીને, માથું આકાશ ભણી ઊંચું રાખી પ્રભુનો અહેસાન માનવા લાગ્યા.

સંતની આ રીતથી એના સાથીઓ વિચારમાં ડૂબી ગયા. એક ભક્ત તો બોલી ઊઠ્યો :

"અરે ! આપ આ શું કરો છો ? તમે જમીન પર બેસી ગયા તો અમે માન્યું કે પગે વાગેલા ઘાની ફિકર કરશો. આ પગમાંથી તો લોહી વહ્યે જાય છે, પરંતુ તમે તો હાથ જોડીને પ્રભુની પ્રાર્થનામાં મગ્ન છો."

સંત બાયજીદે કહ્યું, "સાથીઓ ! હું તો ઈશ્વરનો પાડ માનું છું. કેટલો બધો ઉપકારી છે એ !"

એક સાથીએ સામો પ્રશ્ન કર્યો : "આમાં પાડ શેનો માનવાનો? ઈશ્વરને તો તમારે પાઠ ભણાવવો જોઈએ. તમે એની યાદમાં ડૂબેલા હતા, અને તમને ઠેસ વાગી... તો વાંક કોનો ? વળી જુઓ તો ખરા, કેટલું બધું લોહી વહી ગયું ?"

સંત બાયજીદ બોલ્યા : "તમને સાચા કારણની ખબર નથી. આ તો શૂળીનો ઘા સોયે ગયો છે. એણે જરૂર મને ફાંસીએથી બચાવી લીધો છે. ફાંસીના ફંદા આગળ આ ઠેસની શી વિસાત ? ખરેખર એ કેટલો કૃપાળુ છે !"



## ૨૫ શૂન્યને મળે છે શૂન્ય !

એક માનવી ભારે કંજૂસ હતો.

મનમાં મોટામોટા મનોરથો કરે પરંતુ કશુંયે આપવાનું હોય તો તૈયાર નહિ.

એક વાર એ કથા સાંભળવા ગયો.

કથાકાર ઈશ્વરની મહત્તાનું ગાન કરતા હતા. પ્રભુની કૃપા કેટલી અસીમ છે એનું વર્ણન કરતા હતા.

કથાકારે કહ્યું, "પ્રભુ કેટલો ઉદાર છે ! આપણે એક કણ આપીએ તો ભગવાન એ સો કરીને પાછા આપે છે."

કંજૂસને કથાકારની વાતમાં રસ પડ્યો. એને થયું કે ભગવાન એટલો દયાળુ છે કે એકના સો કરીને પાછા આપે છે, તો જો પોતે એને મીંડું આપે તો ભગવાન નવ્વાણું તો આપે ને !

વાત તર્કપૂર્ણ હતી. કંજૂસે પોતાની દલીલ ભગવાન આગળ રજૂ કરી. એકને સો મળે તો શૂન્ય આપનારને નવ્વાણું મળવા જ જોઈએ.

ભગવાને કંજૂસને સમજાવતાં કહ્યું, "તેં ગણિત ગણ્યું છે પણ ખોટું ગણ્યું છે."

કંજૂસ કહે, "કેમ ?"

ભગવાને કહ્યું, "તેં આપેલો દાખલો એ સરવાળાનો દાખલો નથી, પરંતુ ગુણાકારનો છે. તેથી તું એક આપીશ તો સોએ

ગુણાકાર કરીને એકસો આપીશ. પરંતુ જો તું શૂન્ય આપીશ તો હું પણ શૂન્ય આપીશ. શૂન્યને સોએ ગુણવાથી શૂન્ય જ આવે સમજ્યો ને !"

સાચે જ ઈશ્વર થોડું આપનારને ઘણું આપે છે, પરંતુ આજે માનવીની નજર આપવા કરતાં લેવા પર વધારે છે. વહેંચવા કરતાં મેળવવા પર વધારે છે. પોતાના સુખના કૂંડાળામાં ફેરફુદરડી ફરતા માનવીને બીજા માટે કશું કરવાનું સૂઝતું નથી, ત્યારે વળી ઈશ્વરને સમર્પણ કરવાનું ક્યાંથી સૂઝે ?



## ૨૬ ભોજનને ભીતર સાથે સંબંધ છે, ભાઈ !

સંત સરયૂદાસજીનું આગમન થતાં જ અમદાવાદના એ યજમાનના ઘરના વાતાવરણમાં એક નવો ઉત્સાહ જાગ્યો.

એ ગૃહસ્થે યોજેલા ભંડારામાં ઠેર-ઠેરથી અનેક સાધુસંતો આવ્યા હતા. યજમાન સહુ સાધુસંતોને આદરપૂર્વક પ્રણામ કરીને આવકારતા હતા અને ભોજન માટે સ્થાન ગ્રહણ કરવા વિનંતી કરતા હતા.

ભોજનમાં આ ધનવાને સરસ મજાનો કંસાર કરાવ્યો હતો અને એ કંસાર થાળીમાં પીરસી તેઓ ઊભી વાઢીએ ઘી રેડતા હતા. સાધુ-સંન્યાસીઓ ગૃહસ્થની ભક્તિથી ઘણા પ્રસન્ન જણાતા હતા. સંત સરયૂદાસની પાસે એ ગૃહસ્થ કંસાર અને ઘી પીરસવા આવ્યા ત્યારે સંતે કહ્યું,

"હું આવાં કંસાર-ઘી ખાતો નથી."

યજમાન આશ્ચર્ય પામ્યા. એમણે પૂછ્યું, "તો આપ ભોજનમાં શું લેશો ?"

સંત સરયૂદાસજીએ કહ્યું, "ભાઈ, મારે તો ભોજનમાં લૂખો-સૂકો રોટલો જોઈએ. જો તારી પાસે રોટલો હોય તો લાવ."

યજમાને પારાવાર આશ્ચર્ય અનુભવતાં કહ્યું, "અરે, આપ આવો સરસ કંસાર અને ચોખ્ખું ઘી છોડીને શા માટે સૂકો રોટલો માગો છો ?"

જાણે એની વાત સાંભળી ન હોય, તેમ સંત સરયૂદાસજીએ

કહ્યું, "ભાઈ, તારા ઘરમાં કોઈ દર્પણ છે ? જરા લાવ તો."

યજમાન દર્પણ લઈને આવ્યા. તેના પર સંત સરયૂદાસજીએ થોડો કંસાર મૂકવા કહ્યું. પછી ઘી રેડવા જણાવ્યું અને આખા દર્પણ પર એ કંસાર લગાડીને યજમાનને પૂછ્યું, "આમાં તમને તમારું મુખ દેખાય છે ખરું ?"

યજમાને કહ્યું, "ના, મહારાજ, આવા કંસાર અને ઘીથી ચીકણા બનેલા દર્પણમાં મારું મુખ કઈ રીતે દેખાય."

મહારાજે દર્પણ પરથી કંસાર દૂર કર્યો અને એના પર સૂકા રોટલાનો ભૂકો નાખ્યો અને યજમાનને કહ્યું, "હવે દર્પણમાં તમારું મુખ દેખાય છે ખરું ?"

યજમાને કહ્યું, "હા મહારાજ, દર્પણ પર રોટલાનો ભૂકો નાખ્યો હોવા છતાં મારું મુખ હું જોઈ શકું છું."

સંત સરયૂદાસે કહ્યું, "ભાઈ, જેવું આ દર્પણનું છે તેવું જ આત્મદર્શનનું છે. જેને આત્મદર્શન કરવું છે તેને કંસાર-ઘીને બદલે રોટલો ખાવો જોઈએ. આવા કંસાર-ઘી તો આત્મદર્શનની આડે આવે અને ચિત્તશુદ્ધિ થવા દે નહિ. જ્યારે આ રોટલાનું રુક્ષ ભોજન તો ચિત્તના દોષો દૂર કરીને ચિત્તશુદ્ધિ કરે છે. ભોજનને ભીતર સાથે સંબંધ છે ભાઈ."

યજમાનને સંત સરયૂદાસના ભોજનનું રહસ્ય સમજાયું.



## ૨૭ કૃષ્ણની હાજરીમાં રથ ભસ્મીભૂત થયો !

પાંડવો અને કૌરવો વચ્ચે કુરુક્ષેત્રના મેદાન પર ખેલાયેલું મહાયુદ્ધ પૂર્ણ થયું. એ પછી ગદાયુદ્ધમાં દુર્યોધનને ભીમસેને હણી નાખ્યો. પાંડવો પોતાની છાવણી તરફ જવા નીકળ્યા, ત્યારે માર્ગમાં કૌરવોની છાવણી આવી. પાંડવોએ એમનો રથ ત્યાં અટકાવ્યો અને ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું, 'પાર્થ, તારાં ધનુષ્ય-બાણ લઈને પહેલાં તું રથમાંથી નીચે ઊતર પછી હું ઊતરીશ.' શ્રીકૃષ્ણનાં વચનો સાંભળતાં અર્જુનને પારાવાર આશ્ચર્ય થયું, કારણ કે અત્યાર સુધી રથમાંથી પ્રથમ શ્રીકૃષ્ણ ઊતરતા હતા અને પછી અર્જુન ઊતરતો હતો. આજે શ્રીકૃષ્ણે આવું કેમ કહ્યું હશે !

શિષ્ય ગુરુની આજ્ઞાનું અનુસરણ કરે, એ રીતે અર્જુન પહેલાં રથમાંથી નીચે ઊતર્યો પછી શ્રીકૃષ્ણે નીચે ધરતી પર પગ મૂક્યો. એકાએક રથની પતાકાનો કપિ અદૃશ્ય થઈ ગયો અને આખોય રથ ભડકે બળવા લાગ્યો. જોતજોતામાં તો રથના એક પછી એક ભાગ પર આગ ફેલાવા લાગી અને રથનો ધ્વજ, ધૂંસરી, લગામ અને અશ્વ બધું જ બળીને ખાખ થઈ ગયું.

પાંડવો આશ્ચર્યચકિત બની ગયા. સૌ એકીટસે રથની ચોમેર ફેલાયેલી અગ્નિજ્વાળા જોતા હતા. અર્જુન તો સ્તબ્ધ થઈ ગયો. એકાએક આવું કેમ બન્યું, એ કોઈને સમજાયું નહિ.

સૌની દૃષ્ટિ ભગવાન શ્રીકૃષ્ણ તરફ ગઈ. તેઓ તો મૌન

ધારણ કરીને આ ઘટના નિહાળી રહ્યા હતા. અર્જુને એમને અકળાઈને પૂછ્યું, 'મુરારિ, મારો દિવ્ય રથ આમ એકાએક ભસ્મીભૂત શા માટે થઈ ગયો ? જેના પર ઊભા રહીને મેં કુરુક્ષેત્રનો મહાસંગ્રામ જીત્યો, તે રથને એકાએક થયું શું ? યુદ્ધના મેદાનમાં બાણોની વર્ષા વચ્ચે જેને કશું થયું નહોતું, એવો રથ આવી રીતે વિનાશ પામે તે હું સમજી શકતો નથી. હું અતિ વ્યગ્ર બન્યો છું. કૃપા કરીને મારા મનનું સમાધાન કરો.'

શ્રીકૃષ્ણે હળવા હાસ્ય સાથે કહ્યું, 'સવ્યસાચી, એ સંપત્તિ અગ્નિદેવની હતી, એ એણે પાછી મેળવી લીધી છે. તારો રથ તો તેનાં દિવ્યાસ્ત્રો સાથે ક્યારનોય બળી ગયો હતો; પરંતુ હું તેના પર બેઠો હતો, ત્યાં સુધી એ અકબંધ રહ્યો હતો. મેં ધરતી પર પગ મૂક્યો, એની સાથે બ્રહ્માસ્ત્રની દાહક શક્તિથી એ ભસ્મીભૂત થઈ ગયો. તારું યુદ્ધકાર્ય હવે પૂર્ણ થયું છે માટે.'

શ્રીકૃષ્ણના ઉત્તરથી કુશાગ્રબુદ્ધિ અર્જુનના મનનું સમાધાન થયું અને એનો ગર્ભિત અર્થ સમજાઈ ગયો. જ્યાં સુધી ભગવાન આપણા જીવનરથમાં બિરાજેલા છે, ત્યાં સુધી આપણે સંરક્ષિત અને સુરક્ષિત છીએ. જે ક્ષણે ભગવાન રથનો ત્યાગ કરશે, એ ક્ષણે એ રથ ભડભડ બળી જશે.



## ૨૮ મારી માતાને આ ગમશે કે નહિ ?

બંગાલના ડેરા ઇસ્માઈલખાન શહેરમાં ૧૮૯૭ની સાતમી જુલાઈએ જન્મેલા સૂફી સંત ગુરુદયાલ મલ્લિકને નાની વયથી જ આધ્યાત્મિક અનુભવમાં ઊંડો રસ હતો. રવીન્દ્રનાથ ટાગોર અને મહાત્મા ગાંધીની તરફ અગાધ સ્નેહ ધરાવનાર ગુરુદયાલ મલ્લિકે અધ્યાત્મ-ચિંતન, ચરિત્ર અને બાળસાહિત્યની ઘણી કૃતિઓની રચનાઓ કરી. ભજનોનું સર્જન અને મધુર કંઠે ગાન કરનારા ગુરુદયાલ મલ્લિક 'ચાચાજી'ને નામે સર્વત્ર ઓળખાતા હતા. એમના પિતા નારાયણદાસ ક્વેટામાં સરકારી અધિકારી હતા, આથી ગુરુદયાલ મલ્લિક અને એમનાં ભાઈબહેનોનો ઉછેર એમની માતાએ કર્યો હતો.

ગુરુદયાલ મલ્લિક અગિયાર વર્ષના હતા, ત્યારે એક વાર રસ્તા પરથી પસાર થતા હતા અને એક ફકીરબાબા મળી ગયા. આ ફકીરબાબાએ ગુરુદયાલને હેતથી ઊંચકી લીધા અને આ બાળક સામે એકીટસે જોઈ રહ્યા. બાળક ગુરુદયાલને આશ્ચર્ય થયું. ફકીરબાબાએ ફરી વાર ઊંચક્યા અને ફરી વાર એ જ રીતે એમણે બાળકની આંખમાં આંખ મિલાવી. ત્રીજી વાર પણ આવું જ બન્યું. આ પછી ફકીરબાબાએ આ બાળકને આશિષ આપ્યા અને સાથે શિખામણ આપતાં કહ્યું,

"બચ્ચા, એક વાત હંમેશાં ધ્યાન રાખજે કે જ્યારે તું કંઈ પણ બોલે, કરે કે વિચારે, ત્યારે તારા દિલને એક સવાલ પૂછજે કે - 'મારી માતાને આ ગમશે ખરું ?' "

ફકીરબાબા આ શિખામણ આપીને ચાલ્યા ગયા. એ પછી જીવનભર ક્યારેય ગુરુદયાલ મલ્લિક્ને એ ફકીરબાબાનો મેળાપ થયો નહીં, પરંતુ એમની શિખામણ એમના ચિત્તમાં શિલાલેખ-રૂપે અંકિત થઈ ગઈ. એ સમયથી એમને એક એવી ટેવ પડી કે તેઓ કંઈ પણ બોલે કે કરે, ત્યારે મનમાં વિચાર કરે કે મારી માતાને આ ગમશે ખરું ? અરે ! મનમાં કોઈ વિચાર આવે ત્યારે પણ એ તરત જ પૂછતા કે હું આવો વિચાર કરું તે મારી માતાને ગમશે ખરો ?

ફકીરબાબાની આ શિખામણથી ગુરુદયાલ મલ્લિક કંઈ પણ ખોટું કરતાં, બોલતાં કે વિચારતાં અટકી જતા હતા. આને કારણે કોઈ પણ પ્રકારના કુવિચાર, કુવચન કે કુકર્મના દોષમાંથી એ ઊગરી ગયા. પરિણામે અનેક ચિંતકો અને ઉત્તમ ગ્રંથોની અસર એમના વ્યક્તિત્વ પર પ્રભાવક બની રહી. સ્વામી વિવેકાનંદ, શ્રી અરવિંદ અને રવીન્દ્રનાથ ટાગોર જેવા ધર્મપુરુષો અને સંસ્કૃતિ-ચિંતકોનું સાહિત્ય માણ્યું અને એના દ્વારા પોતાનું ચિત્ત ઘડ્યું. પેલા બાબાની શિખામણને કારણે પ્રત્યેક બાબતમાં એ પોતાની માતાને માનસિક રીતે નજર સમક્ષ રાખતા. તેઓ એક સંતનું જીવન જીવી ગયા.



## ૨૯ પગને બદલે પાંખો ધરાવતો પુરુષ !

કલારસિકને માટે ચિત્ર-પ્રદર્શન એ એક દીર્ઘ યાત્રા હતી. એ પ્રત્યેક ચિત્ર રસભેર નિહાળતો, એના રંગ અને રેખાને મનથી માણતો અને એમાં પ્રગટતી કલાકારની અભિવ્યક્તિને પામવા મથતો હતો. એક પછી એક ચિત્ર જોતો આ કલારસિક છેક છેલ્લા ચિત્ર પાસે આવીને થંભી ગયો. ચિત્ર સાવ અનોખું. એમાં એક વિચિત્ર મનુષ્યનું ચિત્ર આલેખ્યું હતું, જેનો ચહેરો લાંબા વાળથી ઢંકાયેલો હતો. વળી એને પગ નહીં, બલકે પાંખો હતી. મોટા ભાગની વ્યક્તિ તો આ વિચિત્ર મનુષ્યના ચિત્ર પર સહેજ દૃષ્ટિપાત કરીને બહાર નીકળી જતી હતી. એમને ચિત્ર સમજાતું નહોતું અને તેથી કલાકારના મગજની કોઈ તુક્કાભરી કલ્પના માનીને એના તરફ કોઈ વિશેષ ધ્યાન આપતા નહોતા.

આ કલારસિક તો અંતિમ ચિત્ર પાસે ઊભો રહી ગયો અને એને ખૂબ ઝીણવટથી ચિત્રનો ભાવ ઉકેલવા મથામણ કરવા લાગ્યો. મન પરોવીને એ ચિત્ર જોતો હતો, પરંતુ એનો મર્મ હાથ લાગ્યો નહિ એટલે એ સીધો એના સર્જક પાસે પહોંચી ગયો. એણે ચિત્રકારને પૂછ્યું, “તમારાં ચિત્રોના ભાવ ઉકેલવા મેં પ્રયાસ કર્યો અને કંઈક અંશે સફળતા પણ મેળવી, કિંતુ તમારા આ છેલ્લા ચિત્રને હું સમજી શક્યો નથી. એમાં તમે કયો વિષય આલેખ્યો છે ?”

ચિત્રકારે કહ્યું, “એમાં મેં માનવીના જીવનમાં આવતા

અવસરને આલેખવા પ્રયાસ કર્યો છે. જીવનમાં ક્યારેક જ તક મળે છે, તે વિરલ તકને મેં રંગ-રેખાથી પ્રગટ કરી છે."

કલારસિકે વળી પ્રશ્ન કર્યો, "પણ તમે એ અવસર પુરુષનું મુખ શા માટે ઢાંકી દીધું ? એના ચહેરા પર એટલા બધા વાળ પથરાયેલા હતા કે એનું મોં ઢંકાઈ ગયું હતું. તેનો અર્થ શો ?"

ચિત્રકારે કહ્યું, "અવસરનો ચહેરો સદાય ઢંકાયેલો હોય છે. એ તમને ક્યારેય સ્પષ્ટ રૂપે દેખાતો નથી. આવેલી તકની જાતે ઓળખ મેળવવી પડે છે અને તેથી એનો ચહેરો ઢંકાયેલો રાખ્યો છે."

વળી કલારસિકે પૂછ્યું, "આ ચિત્ર પ્રદર્શનમાં આવું વિચિત્ર ચિત્ર મૂકવાનો હેતુ શો ? આ પ્રદર્શનનું દર્શન એ જીવનમાં આવેલી સુવર્ણ તક છે તેમ તમે કહેવા માગો છો ?"

ચિત્રકારે કહ્યું, "હા, પ્રદર્શનની જેમ જ અવસર પણ માનવીના જીવનમાં આવે છે અને એ માણસને એક તક પૂરી પાડે છે. સામાન્ય માનવી ભવિષ્યની આ ઊજળી તકને જોઈ શકતો નથી અને તેથી એ જીવનમાં જ્યાં હોય ત્યાં અજગરની જેમ પડ્યો રહે છે, પરંતુ જે અવસરને ઓળખી લે છે અને આવેલી તકને સમજી લે છે એ જ જીવનમાં કશુંક કામ કરી શકે છે."

"અરે ! તમે તો અવસર પુરુષને પગને બદલે પાંખવાળો બતાવ્યો છે, એનું રહસ્ય શું ?"

ચિત્રકારે કહ્યું, "તક એ એવી બાબત છે કે જે આજે ચાલી ગઈ, તો ક્યારેય પાછી આવતી નથી. એ ઊડીને અદૃશ્ય થઈ જાય છે."



## ૩૦ સામાન્ય કામમાં સહાય ન લઈએ

રાજમાર્ગ પરથી પસાર થતા ઘોડેસવારના હાથમાંથી એકાએક ચાબુક નીચે પડી ગયો. ચોતરફ અનેક લોકો હતા. કેટલાકની નજર પણ એ તરફ ગઈ, પરંતુ ઘોડેસવારે કોઈને જમીન પર પડેલો ચાબુક આપવાનું કહ્યું નહિ. એણે ઘોડો ઊભો રાખ્યો, પોતે નીચે ઊતર્યો અને ચાબુક લઈને ફરી સવાર થયો.

આસપાસના લોકોને થોડું કુતૂહલ થયું. આ ઘોડેસવાર તે કેવો કહેવાય ? એણે કહ્યું હોત તો જરૂર કોઈએ એને ચાબુક આપ્યો હોત. આટલું કહેવાનું એને કેમ ભારે પડ્યું ?

એક રાહદારીએ ઘોડેસવારને પૂછ્યું પણ ખરું, "અરે ભાઈ, ચાબુક લેવા માટે આમ ઘોડા પરથી નીચે ઊતરવાની જરૂર શી હતી ? અમને કહ્યું હોત તો અમે જરૂર તમને આપત."

ઘોડેસવારે કહ્યું, "હા, મેં કહ્યું હોત તો જરૂર મને કોઈએ ચાબુક આપ્યો હોત, મારા પર અવશ્ય એટલો ઉપકાર કર્યો હોત. પણ મારી મુશ્કેલી એ કે એ ઉપકારનો બદલો વાળવો કઈ રીતે? ચાબુક આપનાર અપરિચિત માનવીનો ઉપકાર માનવો કઈ રીતે? એ માનવી કદાચ જીવનભર મળે નહીં, તો એના ઉપકારનો બોજ મારે સદાને માટે સહેવો પડે. મારે માથે સહેજેય ઋણ ન જોઈએ."

એક રાહદારીએ ખડખડાટ હસતાં કહ્યું, "અરે, આ તો સાવ નાની વાત કહેવાય. આમાં વળી ઉપકાર ક્યાં ? તમેય ખરા છો ને !"

ઘોડેસવારે કહ્યું, "ભાઈ, ઘણી વાર એવું બને છે કે નાની-નાની બાબતમાં બીજાની મદદ લઈએ, તો સમય જતાં દરેક બાબતમાં સહાય લેવાની આદત પડી જાય છે. આવું થાય એટલે માનવી વધુ ને વધુ પરાવલંબી થતો જાય છે. નાનાં કામ પણ જાતે કરી શકે નહિ અને સામાન્ય કામો માટે પણ એને બીજાનો આધાર લેવો પડે, આથી જ્યાં સુધી કોઈ મુશ્કેલી ન હોય ત્યાં સુધી જાતે કામ કરવું જોઈએ. પોતાનો થોડો આરામ છોડીને કોઈની મદદ વિના સ્વાવલંબનથી જીવવું જોઈએ. જેને મદદની જરૂર નથી તે આવી રીતે વારંવાર મદદ માગવા માંડે, તો પછી જેને મદદની જરૂર છે એનું શું થાય ?"

રાહદારીઓને ઘોડેસવારની ભાવના સમજાઈ અને એની પાસેથી સ્વાવલંબનનો મહિમા સમજ્યા.



# ૩૧ ફી આપવી તે મારું કર્તવ્ય છે

ભારતના ઔદ્યોગિક વિકાસના દ્રષ્ટા 'ભારતરત્ન' મોક્ષગુંડમ્ વિશ્વેશ્વરૈયા એક સમયે મૈસૂર રાજ્યના દીવાન હતા. એક વાર તેઓ રાજ્યના પ્રવાસે નીકળ્યા, ત્યારે એકાએક એમની આંગળી કચરાઈ ગઈ અને ઊંડો જખમ થયો.

ગામના ડૉક્ટરને આની જાણ થતાં એ દોડી આવ્યા અને વિશ્વેશ્વરૈયાની સારવાર કરી. નાનકડા ગામના ડૉક્ટરને માટે તો આ સદ્‌ભાગ્યની ઘડી હતી. આવા મહાન ઇજનેર અને રાજ્યના દીવાનની સારવાર કરવાની તક મળે, તે કેવું ? પ્રવાસેથી પાછા ફર્યા બાદ વિશ્વેશ્વરૈયાએ ગામના એ ડૉક્ટરને એમના મહેનતાણાની રકમનો ચેક મોકલી આપ્યો. ડૉક્ટર આશ્ચર્ય પામ્યો. "અરે ! રાજના દીવાન પાસેથી કંઈ આવી રકમ લેવાતી હશે?"

એણે એ ચેક વટાવવાને બદલે પોતાની પાસે રાખ્યો અને મૈસૂર જઈને સ્વયં દીવાન વિશ્વેશ્વરૈયાને મળ્યો. પેલો ચેક એમની સામે ધરતાં ડૉક્ટરે કહ્યું, "દીવાનસાહેબ, આપના જેવાની સારવાર કરવાની મને સુવર્ણ તક મળી. મારું આ સદ્‌ભાગ્ય ગણાય. આને માટે આપે કશી ફી આપવાની ન હોય."

વિશ્વેશ્વરૈયાએ કહ્યું, "ભાઈ, તમે સારવાર કરી એની ફી તો મારે તમને ચૂકવવી જોઈએ ને !"

"અરે ! એવું તે હોય ? સારવાર કરીને હું સ્વયં કૃતાર્થ થયો છું."

વિશ્વેશ્વરૈયાએ કહ્યું, "તમે કૃતાર્થ થયા તે ખરું, પણ મારાથી કર્તવ્યચ્યુત ન થવાય."

ડૉક્ટર એકાએક આશ્ચર્ય પામ્યા. એમને સમજાયું નહીં કે આમાં વળી કઈ રીતે કર્તવ્યચૂક થાય !

વિશ્વેશ્વરૈયાએ કહ્યું, "જુઓ, પહેલી વાત તો એ કે માત્ર મારી સારવારને જ તમારું અહોભાગ્ય ન માનશો, દરેક દર્દીની સારવારને તમારું અહોભાગ્ય સમજજો. જે દર્દી ફી આપી શકે તેની ફી જરૂર લેવી, પણ જે દર્દી ફી આપી શકે તેમ ન હોય, તેની ફીની લાલસા ન રાખવી."

ડૉક્ટરે કહ્યું, "આપની વાત સમજ્યો, પરંતુ તમારી કર્તવ્યચૂકની વાત સમજાઈ નહિ."

વિશ્વેશ્વરૈયાએ કહ્યું, "જુઓ, તમે ડૉક્ટર તરીકે કર્તવ્ય બજાવીને તમે મારી સારવાર કરી. હવે મારું એ કર્તવ્ય છે કે મારે એની ફી આપવી જોઈએ. તમને ફી ન આપું તો મેં કર્તવ્યચૂક કરી ગણાય, માટે મારી ફી સ્વીકારો."

ડૉક્ટરને સમજાયું કે પોતાનાં મહાન કાર્યોમાં સદાય કર્તવ્યપરસ્ત રહેલા ડૉ. વિશ્વેશ્વરૈયા એક નાની કર્તવ્યચૂક પણ સાંખી લેવા તૈયાર નથી.



## ૩૨ જીવનરીતિ જ મૃત્યુ પછીની ગતિ !

પ્રાતઃકાળે દોડતો-દોડતો શિષ્ય ગુરુ પાસે આવ્યો. એના ચહેરા પર ગભરાટ હતો. મુખની રેખાઓ મનની મૂંઝવણને કારણે તંગ બનેલી હતી. એણે ગુરુ પાસે આવીને હાંફતાં-હાંફતાં કહ્યું,

"ગુરુદેવ, આજે એક દુઃસ્વપ્ન જોયું. એનાથી ખૂબ પરેશાન છું, માટે આપની પાસે દોડી આવ્યો છું."

ગુરુએ કહ્યું, "વત્સ ! સ્વસ્થ થા. આટલો બધો ગભરાયેલો કેમ છે ? શું કોઈ ભયાનક સ્વપ્ન જોવાને કારણે છળી ગયો છે કે પછી સ્વપ્નનાં બિહામણાં દૃશ્યોને કારણે ડરી ગયો છે !"

શિષ્યે કહ્યું, "ગુરુદેવ, સ્વપ્નમાં કોઈ બિહામણું દૃશ્ય જોયું નથી. કોઈનું મૃત્યુ કે અકસ્માત જોયો નથી, પરંતુ એક સાવ વિપરીત વાત જોઈને હું ખૂબ મૂંઝાઈ ગયો છું. સ્વપ્નમાં મેં સાધુને નરકમાં જોયા અને રાજાને સ્વર્ગમાં જોયા. આ તો અવળી ગંગા કહેવાય, ગુરુદેવ. આ સ્વપ્નનો મર્મ શો હશે ?"

ગુરુએ કહ્યું, "વત્સ, આ સ્વપ્ન છે અને સત્ય પણ છે. એની પાછળનો મર્મ એ છે કે એ રાજાને સાધુ-સંતોનો સંગ કરવાનું ગમતું, ઉચ્ચ જીવન જીવવાની તાલાવેલી રહેતી, વૈભવ હોવા છતાં એ સંન્યસ્ત કે વૈરાગ્ય માટે ઉત્સુક રહેતો હતો, તેથી એને સ્વર્ગ પ્રાપ્ત થયું છે."

"પણ ગુરુદેવ ! જેણે સ્વયં સંન્યસ્ત સ્વીકાર્યું છે, એને નરક શી રીતે ?"

"એનું કારણ એ કે એ સાધુ હોવા છતાં એને રાજાઓ સાથે રહેવાનું વધુ પસંદ હતું અને અમીરોની ખુશામત કરવી ગમતી હતી. એ સંન્યાસી હતો, કિંતુ એની દૃષ્ટિ વૈરાગ્યને બદલે વૈભવ પર રહેતી હતી. ધનનો ત્યાગ કર્યો હતો, છતાં સંપત્તિ-પ્રાપ્તિની ચિંતા એને સતાવતી હતી. સંસાર છોડ્યો હતો, પણ આશ્રમમાં નવો સંસાર ઊભો કર્યો હતો. એને માટે ધર્મ એ મોક્ષપ્રાપ્તિનું માધ્યમ નહિ, પરંતુ ધનપ્રાપ્તિનું સાધન હતો. એની જેવી વાસના હતી, એવી એની ગતિ થઈ."

શિષ્યે કહ્યું, "ગુરુદેવ, હું તો માનતો હતો કે સાધુ થાય એને સ્વર્ગ મળે અને સંસારીને નરક મળે. પણ મારી વાત ખોટી નીકળી. આજે હું સમજ્યો કે વ્યક્તિની જેવી ભાવના હોય, તેવી તેને પ્રાપ્તિ થાય. એ સાધુ હોય કે સંસારી હોય, સંન્યાસી હોય કે ગૃહસ્થ હોય, પરંતુ એની જીવનરીતિ જ એના મૃત્યુ પછીની ગતિ બને છે."



# 33 મારા જેવો હકીમ ક્યાં ?

આઝાદીજંગના એ દિવસો હતા. અનેક યુવાનો દેશને માટે કુરબાન થવા થનગની રહ્યા હતા. આવા સ્વાતંત્ર્યવીરોમાં એક નામ હતું હકીમ મુહમ્મદ અજમલખાનનું.

એ જમાનામાં કાબેલ હકીમ તરીકે તેઓની ચોતરફ નામના હતી. નામાંકિત ડૉક્ટરો કે પ્રસિદ્ધ વૈદ્યો જે વ્યાધિ દૂર કરી શકતા નહિ, તે હકીમ અજમલખાન કરી શકતા હતા. એમને મન આ કમાણીનો વ્યવસાય નહોતો, પરંતુ માનવતાની સેવા કરવાનો મોકો હતો. પોતાના વ્યવસાય દ્વારા ગરીબમાં ગરીબ માનવીની સેવા કરવાની તેઓ એક પણ તક ગુમાવતા નહિ.

હકીમ અજમલખાનને જાણ થઈ કે એમના મિત્રનો યુવાન પુત્ર અત્યંત બીમાર છે. હકીમ સામે ચાલીને એને ઘેર ગયા. શહેરના ડૉક્ટરોએ તો આ યુવાનના જીવવાની આશા છોડી દીધી હતી, પણ હકીમ અજમલખાન એમ હિંમત હારે એવા નહોતા. એમણે આ યુવાનની દવા શરૂ કરી અને જરૂરી સૂચનાઓ આપી.

હકીમ અજમલખાન પોતાના નિવાસસ્થાને પાછા ફર્યા, ત્યારે એમને ઘેર એમની રાહ જોઈને મહારાજાનો એક સંદેશવાહક ઊભો હતો. ગ્વાલિયરના મહારાજાએ હકીમને તાકીદનો સંદેશો મોકલ્યો હતો કે તમે તાબડતોબ ગ્વાલિયર આવી જાવ. મહારાણી ખૂબ બીમાર છે. આપ અહીં આવીને એમની દવા કરો. જરૂર પડે થોડાક દિવસ રોકાઈ જવાની અનુકૂળતા પણ રાખશો.

ગ્વાલિયરના મહારાજાનો સંદેશો કોણ પાછો વાળી શકે ? વળી એ સંદેશવાહકે હકીમના હાથમાં ઘણી મોટી રકમ મૂકી અને કહ્યું, "મહારાજાસાહેબે આપને માટે ફી રૂપે અગાઉથી આ થોડી રકમ મોકલી છે."

હકીમ અજમલખાને ક્ષમાયાચના સાથે દૂતને એ રકમ પાછી આપી અને કહ્યું, "મહારાજાસાહેબને કહેજો કે હું દિલ્હી છોડીને ગ્વાલિયર આવી શકું તેમ નથી. હું એક યુવાનની સારવાર કરું છું. રોજેરોજ એના દર્દની સ્થિતિ જોઈને મારે દવામાં પરિવર્તન કરવાનું હોય છે, આથી હું મજબૂર છું."

સંદેશવાહકને આશ્ચર્ય થયું. એણે કહ્યું, "અરે, ખુદ મહારાજાના આદેશનો તમે અસ્વીકાર કરો છો? એમને મહારાણીના ઉપચાર માટે તમારી જરૂર છે. ગરીબના યુવાન છોકરાની ચિંતા છોડો. જરા મહારાણીનો વિચાર કરો. એનાથી મળનારી કીર્તિ અને કલદારનો ખ્યાલ કરો."

હકીમ અજમલખાને સંદેશવાહકને વિદાય આપતાં કહ્યું, "ભાઈ, મહારાજાને તો દેશના મોટામોટા ડૉક્ટરો મળી રહેશે. જરૂર પડે મહારાણી માટે વિદેશથી ડૉક્ટરોને બોલાવી શકશે, પણ આ ગરીબ યુવાનની સારવાર કરનાર મારા જેવો બીજો હકીમ એને ક્યાંથી મળશે ?"



# ૩૪ સત્ય સજ્જન માટે હોય !

એક પંડિતજી આસપાસનાં ગામોમાં ફરીને કથા સંભળાવતા હતા અને લોકોને ધર્મશિક્ષા આપતા હતા.

એક વાર એક નગરમાં પંડિતજીની કથા રાખવામાં આવી અને એમાં કથામંડપમાં વિરાટ લોકમેદની કથાશ્રવણ માટે ઊભરાતી હતી અને ઘણો મોટો ચડાવો થતો હતો.

આ સમયે આ નગરના લૂંટારાને પણ થયું કે આ પંડિતજીને જ લૂંટી લઈએ તો કેવું સારું ? એકસાથે ઘણું મળી જાય. આથી એ ભક્તોની વચ્ચે બેસીને કથા-શ્રવણ કરવા લાગ્યો.

એ દિવસે કથામાં પંડિતજીએ કહ્યું, 'અહિંસા અને ક્ષમા એ મનુષ્યનાં આભૂષણ છે. એને ક્યારેય છોડવાં જોઈએ નહિ.'

કથા પૂર્ણ થઈ. પંડિતજી દાન-દક્ષિણા લઈને પોતાના ગામ તરફ જવા નીકળ્યા અને એમની પાછળ-પાછળ નગરનો લૂંટારો પણ ચાલવા લાગ્યો.

એક ભેંકાર જગાએ એણે પંડિતજીને આંતર્યા અને કહ્યું કે તમે જે કંઈ દાન-દક્ષિણા મેળવ્યાં છે, તે મને આપી દો, નહિ તો તમારી ખેર નથી; પરંતુ પંડિતજી એમ ડરી જાય તેવા નહોતા. રસ્તે ચાલવા માટે હાથમાં રાખેલી લાઠી લઈને લૂંટારા પર પ્રહાર કરવા લાગ્યા. પંડિતજીનું આ રુદ્ર સ્વરૂપ જોઈને લૂંટારો ગભરાઈ ગયો અને બોલ્યો,

'પંડિતજી ! આપે તો કહ્યું હતું કે અહિંસા અને ક્ષમા એ મનુષ્યનાં આભૂષણ છે. એને ક્યારેય છોડવાં જોઈએ નહિ અને અત્યારે આપ મારા પર લાઠીના પ્રહાર પર પ્રહાર ઝીંકે જાવ છો. આવી હિંસા કેમ ? ક્યાં ગઈ તમારી ક્ષમા ? આપ આવું અસત્ય બોલ્યા કેમ ?'

પંડિતજીએ કહ્યું, 'મેં જે કહ્યું હતું તે સત્ય હતું; પરંતુ મેં એ સત્ય સજ્જનોને અનુલક્ષીને કહ્યું હતું. દુષ્ટો કે દુર્જનોને માટે કહ્યું નહોતું. અહિંસક થવાનો અર્થ એ નથી કે તમે કાયર બનો અને ક્ષમાશીલ થવાનો અર્થ એ નથી કે કોઈ તમારા ક્ષમાભાવનો ગેરલાભ ઉઠાવે. કોની સાથે કેવો વ્યવહાર કરવો તે વ્યક્તિ અને પરિસ્થિતિ પર આધારિત છે. સમજ્યો ?'

લાઠીના પ્રહારથી અધમૂઆ થયેલા લૂંટારાએ પંડિતજીની ક્ષમા માગી અને સાથે જીવનમાં પ્રામાણિક માર્ગે ચાલવાનું વચન આપ્યું.



## ૩૫ જીવ-સેવા એ જ શિવ-સેવા છે !

સ્વામી વિવેકાનંદ પોતાની જિંદગીનાં અંતિમ વર્ષોમાં શિષ્યોને અધ્યયન કરાવતા હતા. એમની પાસે આવતા જિજ્ઞાસુઓને ઉત્તર આપતા હતા. એમની કીર્તિ ચોતરફ પ્રસરેલી હતી, છતાં ગંગાકિનારે મઠમાં અત્યંત સાદાઈથી રહેતા હતા. મઠમાં ધામધૂમવાળી પૂજાને બદલે શાસ્ત્રાભ્યાસ, ધર્મચર્ચા અને ધ્યાનાદિ પર વધુ ભાર મૂકતા અને શિષ્યોને વારંવાર એ તરફ પ્રેરતા હતા.

૧૯૦૧ના અંતિમ મહિનામાં મહાસમાધિ અગાઉના વર્ષે સ્વામી વિવેકાનંદે મઠમાં કામ કરતા આદિવાસી સાંથાલ શ્રમજીવીઓ સાથે લાગણીભેર વાતો કરી. આ સાંથાલ શ્રમજીવીઓ મઠની જમીનને સમથળ કરવાનું કાર્ય કરતા હતા. સ્વામીજી વારંવાર એમની પાસે આવતા અને પ્રેમથી એમની વાતો સાંભળતા હતા.

સ્વામી વિવેકાનંદે આ સહુ શ્રમજીવીઓને મઠનો પ્રસાદ લેવાની વિનંતી કરી. આ સાંથાલ શ્રમજીવીઓને રોટલી, દાળ, ભાત, મીઠાઈ, દહીં વગેરેનું ભોજન પીરસાયું. સ્વયં સ્વામીજીએ એનું નિરીક્ષણ કર્યું અને પછી ભોજન બાદ આ સાંથાલોને સ્નેહથી કહ્યું, "તમે સહુ પ્રગટ ઈશ્વર છો. આજે મેં તમને ભોજન કરાવીને સ્વયં મારા નારાયણને જમાડ્યા છે."

સ્વામી વિવેકાનંદે ઉપસ્થિત સંન્યાસીઓ અને બ્રહ્મચારીઓને ઉદ્દેશીને કહ્યું, "આ ગરીબ અને નિરક્ષર લોકોમાં જેવી સરળતા અને નિર્વ્યાજ પ્રેમ છે, એવું અન્યત્ર ક્યાંય જોવા મળશે નહિ. જો

તમે એમનું થોડું પણ દુઃખ દૂર કરી શકો નહિ, તો ભગવાં ધારણ કરવાનો શો અર્થ ? બીજાના કલ્યાણ માટે સર્વસ્વનો ત્યાગ કરવો એનું નામ જ સંન્યાસ."

સ્વામીજીએ રાષ્ટ્રમાં ભાઈચારો અને ધર્મભાવનાના લોપથી વ્યથિત થઈને કહ્યું, "આ દેશમાં દીન, દુઃખી અને દલિત વિશે કોઈ વિચાર કરતું નથી. હકીકતમાં આ લોકો જ રાષ્ટ્રના આધારસ્તંભ છે. એમના શ્રમથી જ ખેતર ખેડાય છે અને અન્ન પાકે છે, પરંતુ એમના પ્રત્યે હિંદુઓની સહાનુભૂતિ ન હોવાને કારણે અનેક અસ્પૃશ્યો પરધર્મનો સ્વીકાર કરી રહ્યા છે. પેટનો ખાડો પૂરવા માટે તેઓ ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કરે છે તેવું ધારશો નહીં. એનું કારણ એટલું જ છે કે તેમના પ્રત્યે તમે સહાનુભૂતિ દાખવતા નથી."

સંન્યાસીઓ સ્વામીજીના શબ્દોને સાંભળી રહ્યા. સ્વામીજીએ કહ્યું, "આ શરીર શા કામનું છે ? બીજાને મદદ કરવામાં ભલે એ ખપી જાય. દરેક જીવમાં શિવ વસતો હોવાથી જીવ-સેવા એ જ શિવ-સેવા છે."



## ૩૬ ભીતરમાં થોડી આગ બાકી છે ખરી ?

ગુરુના આશ્રમમાં શિક્ષા પૂર્ણ થતાં શિષ્યે વિદાય માગી. ગુરુની અગ્નિપરીક્ષામાંથી આ શિષ્ય બરાબર ઉત્તીર્ણ થયો હતો, આમ છતાં ગુરુએ વિચાર્યું કે હજી એક કસોટી કરવાની બાકી છે. તેથી ગુરુએ શિષ્યને વિદાય આપવાને બદલે થોડા વધુ દિવસ આશ્રમમાં રહેવાનું કહ્યું. ગુરુની આજ્ઞા શિરોધાર્ય માનીને શિષ્ય આશ્રમમાં રહીને અધ્યયન અને સેવાકાર્યમાં ડૂબી ગયો.

એક દિવસ ગુરુએ પોતાની કુટિરની સામે અગ્નિ સળગાવ્યો અને અંતે એની ધૂણી નીકળ્યા બાદ એમાં રાખ પડી રહી. ગુરુએ શિષ્યને કહ્યું, "મારે થોડી આગની જરૂર છે, તો પેલી ધૂણીમાંથી મને કાઢી આપ." શિષ્ય ધૂણીની ચારેબાજુથી રાખ ફેંદી વળ્યો; પરંતુ એમ કંઈ અગ્નિ મળે ખરો ? આથી એણે જઈને કહ્યું, "ગુરુજી, આમાં આગ નથી. આપ કહો તો હું ક્યાંક બીજેથી આગ લઈ આવું."

ગુરુએ કહ્યું, "વત્સ ! બીજે ક્યાંય જવાની જરૂર નથી. મને તો આ ધૂણીમાં જ સાક્ષાત્ અગ્નિનાં દર્શન થઈ રહ્યાં છે. તું ફરી મહેનત કરીને એમાંથી અગ્નિ કાઢી આપ."

ગુરુની આજ્ઞા હોવાથી શિષ્યે ફરી ધૂણી ફેંદવાનું શરૂ કર્યું. પણ આ ધૂણી તો સાવ બુઝાઈ ગઈ હતી. માત્ર રાખ જ બાકી હતી. તેમાં આગ તો શું, પણ અંગારો કે તણખોય નહોતો. આથી

શિષ્ય પુનઃ ગુરુ પાસે આવ્યો અને બોલ્યો, "ગુરુજી ! આમાં સહેજે અગ્નિ નથી. હું કેવી રીતે તમને લાવી આપું ?" આમ છતાં ગુરુએ ફરી વાર આગ્રહ રાખ્યો એટલે શિષ્યે પુનઃ ધૂણી ફેંદી. એમાંથી અગ્નિનો એક અંશ પણ ન મળ્યો. તે પાછો આવ્યો. ગુરુને વિનમ્રતાથી વાત કરી, ત્યારે ગુરુએ શિષ્યને વહાલથી ભેટી પડતાં કહ્યું,

"વત્સ ! તું મારી અંતિમ પરીક્ષામાં પણ ઉત્તીર્ણ થયો છે. હું પરીક્ષા લેતો હતો કે તારા ચિત્તમાં હજી પણ ક્રોધની થોડીક આગ રહી છે ખરી ? પરંતુ તેં એના પર પૂર્ણ વિજય પ્રાપ્ત કર્યો છે.'

આમ કહીને ગુરુએ શિષ્યને આશીર્વાદ આપ્યા અને શિષ્યે વિદાય લીધી.



## ૩૭ આળસુના જીવનમાં અસ્તાચળ જ હોય !

રાજદરબારમાં અત્યંત આળસુ વ્યક્તિ આવી અને એણે રાજા સમક્ષ માગણી કરી કે હું ખૂબ ગરીબ છું. મને ખાવાના પણ સાંસા છે. આપના રાજ્યમાં સૌ કોઈ સુખી અને હું પારાવાર દુઃખી ! આપ મને થોડી સોનામહોરો આપોને જેથી મારું દારિદ્ર્ય દૂર થાય.

રાજાએ કહ્યું, "તું ગરીબ છે, તો કામ કેમ કરતો નથી ? મહેનત કરીશ તો જરૂર સુખી થઈશ અને તારી આવી દુર્દશા દૂર થશે."

રાજદરબારમાં યાચના કરવા આવેલી વ્યક્તિએ કહ્યું, "મહારાજ ! મને કોઈ કામ આપતું નથી. લોકો મને સાવ આળસુ માને છે, મને મારા નામને બદલે ગામના લોકો 'આળસુના પીર' તરીકે ઓળખે છે."

રાજાએ એની આળસની પરીક્ષા કરતાં કહ્યું, "તને સોનામહોર નહિ, પણ ઇચ્છે એટલું સોનું આપું. મારા રાજભંડારમાં જઈને આવતી કાલે તારે જોઈએ તેટલું સોનું લઈ લેજે. માત્ર એટલું જ કે આ બધું સૂર્યાસ્ત પૂર્વે લઈ લેજે. સૂર્યાસ્ત સમયે રાજભંડારનાં દ્વાર બંધ થઈ જશે, તે પછી તારે ખાલી હાથે પાછા જવું પડશે."

આળસુના આનંદનો પાર ન રહ્યો. પછીને દિવસે વહેલી સવારે ઊઠીને, નાસ્તો કરીને રાજભંડાર તરફ ચાલી નીકળ્યો. રસ્તામાં એક ઘટાદાર વડ જોયો. એના છાંયડાની જગાએ એવી

શીતળતા હતી કે એને એમ થયું કે "લાવ, થોડી વાર આરામ કરી લઉં." વડના છાંયડામાં વહેતી શીતળ હવાના કારણે એને ગાઢ નિદ્રા આવી. એની આંખ ખૂલી ત્યારે જોયું તો સૂર્ય મધ્યાહ્નેથી અસ્તાચળ તરફ જઈ રહ્યો હતો. પણ વિચાર્યું કે હજી સાંજ થવાની તો ઘણી વાર છે. ફિકર શી ? ધીરેધીરે ડગ ભરતાં એ આગળ વધ્યો. રસ્તામાં મેળો જોયો અને વિચાર્યું કે લાવને જરા મેળામાં જઈને એક આંટો લગાવી આવું. થોડી મોજ-મજા કરી લઉં, પછી સીધો રાજભંડારમાં ખજાનચી પાસે પહોંચી જઈશ.

એને મેળામાં ઘૂમવાની ખૂબ મજા આવી. મિત્રો સાથે ગપ્પાં લગાવ્યાં. વળી, ચગડોળમાં બેઠો અને પાછો નાસ્તોય કર્યો. થોડાં રમકડાંની ખરીદી પણ કરી. આમ લાંબા સમય સુધી એણે મેળાનો આનંદ માણ્યો.

આકાશમાં જોયું તો ખ્યાલ આવ્યો કે સૂર્ય હવે અસ્તાચળની સાવ નજીક આવી ગયો છે. એને રાજાની ચેતવણીનું સ્મરણ થયું.

એ દોડતો-દોડતો રાજભંડારમાં પહોંચ્યો, ત્યારે સૂર્ય ડૂબી ગયો હતો અને રાજભંડારનાં દ્વાર બિડાઈ ગયાં હતાં.

આળસુએ દરવાજા આગળ માથું પટક્યું. એને સમયની કિંમત સમજાઈ અને નક્કી કર્યું કે જીવનમાં હવે ક્યારેય આળસ કરીશ નહિ.



# ૩૮ ધરતીના લોક આકાશ તરફ જુઓ !

કાપડના વેપારીનો દીકરો ફ્રાંસિસ એક રંગીલો, લડવૈયો સિપાઈ હતો, પરંતુ સઘળું ત્યજીને એ સંન્યાસી બની ગયો. દયાની મૂર્તિ જેવા ફ્રાંસિસને પતિત અને સમાજે ત્યજેલાઓ પ્રત્યે અપાર પ્રેમ હતો. એ સમયે ક્યાંક ધર્મસમાજોમાં ધર્માભિમાન હતું, તો ક્યાંક જબરદસ્તીથી પોતાનો ધર્મ બીજાના ગળે બાંધવામાં આવતો હતો. સંત ફ્રાંસિસે બધા ધર્મોને પરસ્પરનો ભેદ, ડંખ અને દ્વેષ ભૂલી જઈને આખી દુનિયા ઉપર મહાપૂરની પેઠે ફેલાતી અધાર્મિકતા સામે મહાયુદ્ધ કરવાનું આવાહન કર્યું.

આવા સંત ફ્રાંસિસ એક વાર ઇટાલીના આસિસી ગામમાં રાત ગાળી રહ્યા હતા. એમણે જોયું તો આકાશમાંથી રૂપેરી ચાંદની વરસતી હતી. ઊંચાઊંચા મિનારાઓ અને મકાનોના ઝરૂખાઓ પર ચાંદની રમત ખેલતી હતી. બાજુમાં ખળખળ વહેતાં ઝરણાનાં પાણી પર ચાંદની રૂમઝૂમ નાચતી હતી. આસિસીના નગરજનો તો નિરાંતે ઊંઘમાં સૂતા હતા. કોને હતી આવી કુદરત જોવાની ફુરસદ કે કોને હતી આવી ચાંદની માટેની ચાહના ?

આવે સમયે એકાએક દેવળમાં ઘંટનાદ થવા લાગ્યો. સહુ સફાળા જાગી ઊઠ્યા. કોઈ મોટી આફત ત્રાટકી હોય, ત્યારે લોકોને ખબરદાર કરવા માટે ઘંટનાદ કરવામાં આવતો હતો. બધા ઊઠીને દેવળ તરફ દોડ્યા. કોઈ વિચારતું હતું કે ક્યાંક આગ ફાટી નીકળી હશે, તો કોઈને થતું કે વીજળી ત્રાટકી હશે!

કોઈને એવી શંકા જાગી કે વિરોધી રાજ્યની સેના આસિસી પર હલ્લો કરવા માટે ધસી આવતી હશે ! લોકો દેવળ પાસે દોડીને આવ્યા અને જોયું તો સંત ફ્રાંસિસ જોરથી ઘંટ વગાડતા હતા.

એકત્રિત થયેલા લોકોએ સંતને પૂછ્યું, "અરે, એવી તે શી અણધારી આફત આવી છે, પ્રભુ ? દેવળનો ઘંટ શા માટે વગાડો છો ?"

સંત ફ્રાંસિસે કહ્યું, "અરે, જુઓ ! જુઓ ! જરા આકાશમાં ઊંચે તો જુઓ. શું તમે ધરતીના લોક આકાશને ભૂલી ગયા છો? જરા નજર કરો આ ચંદ્ર ઉપર, ચાંદની કેવી પુરબહારમાં ખીલી છે ! વાહ, વાહ !"

માનવીએ એના વર્તમાન જીવનમાં પ્રકૃતિના આનંદને એવો ગુમાવ્યો છે કે એના એરકન્ડિશન્ડ રૂમમાં એને આકાશ દેખાતું નથી. તારાઓની રમત કે ચંદ્રની ચાંદનીનો એને લેશમાત્ર ખ્યાલ નથી. ઘરના આંગણામાં એ વૃક્ષ વાવે છે, કિંતુ એ વૃક્ષની સંભાળ પોતે લેતો નથી. આને કારણે એ વૃક્ષોને નવી કૂંપળો ફૂટે, ત્યારે કેવો આનંદ થાય છે એનો આજના માનવીને અનુભવ રહ્યો નથી. એણે તો બધું માળીને હવાલે કરી દીધું છે. આસપાસ વીંટળાયેલી ભૌતિકતાને કારણે એ પ્રકૃતિને સમૂળગી વીસરી ગયો છે.



## ૩૯ ઈર્ષા કે ભય કદી ઉત્કૃષ્ટ બનાવશે નહિ

એ સમયમાં સમગ્ર આર્યાવર્તમાં ગુરુ દ્રોણ સમાન શસ્ત્રવિદ્યાની નિપુણતા કોઈની પાસે નહોતી. અપ્રતિમ પરાક્રમી પરશુરામ પાસેથી સ્વયં દ્રોણ ઉત્કૃષ્ટ શસ્ત્રવિદ્યા શીખ્યા હતા, આથી જ પિતામહ ભીષ્મે કૌરવો અને પાંડવ રાજકુમારોના ગુરુ તરીકે મહાસમર્થ શસ્ત્રવેત્તા દ્રોણાચાર્યની નિમણૂક કરી.

એક વાર ધનુષપૂજન કર્યા બાદ ગુરુ દ્રોણ આસન ગ્રહણ કરી રહ્યા હતા, ત્યારે આડું મોં કરીને અશ્વત્થામા રિસાઈને ઊભો રહ્યો. પુત્રની પ્રકૃતિને પારખતા દ્રોણ પામી ગયા કે નક્કી, પુત્ર અશ્વત્થામાને કશુંક માઠું લાગ્યું છે, માટે તે રિસાયો છે.

ગુરુ દ્રોણે હેતાળ અવાજે અશ્વત્થામાને પૂછ્યું, "વત્સ, તમે વ્યગ્ર લાગો છો. તમારે મને કંઈક કહેવું હોય તેમ લાગે છે."

પોતાના મનનો ઊભરો ઠાલવતાં અશ્વત્થામાએ કહ્યું, "સમગ્ર આર્યાવર્તમાં આજે આપ ધનુર્વિદ્યાના સર્વશ્રેષ્ઠ પારંગત છો અને એમ કહો છો પણ ખરા કે આપે મને આપની પાસેની તમામ વિદ્યા શીખવી છે. ખરું ને ?"

ગુરુ દ્રોણે કહ્યું, "સાવ સાચી વાત. મેં મારી સઘળી વિદ્યા તને શીખવી છે, વત્સ."

"ના, તમે અર્જુનને જે વિદ્યા આપી, એ વિદ્યા મને આપી નથી. એના વિના હું આર્યાવર્તમાં અપરાજેય કેવી રીતે બનીશ?"

"વત્સ, તને પૂરેપૂરો ખ્યાલ છે કે આ જગતમાં તારાથી

વિશેષ મને બીજું કંઈ પ્રિય નથી. જે શસ્ત્રવિદ્યા અર્જુનને શીખવી છે, તે સઘળી તને શીખવી છે. મને સમજાતું નથી કે તને આવો સંશય જાગ્યો કેમ ?"

અશ્વત્થામાએ કહ્યું, "આ સંશયનું કારણ એ કે આપે મને અને અર્જુનને સમાન વિદ્યા આપી હોવા છતાં શસ્ત્રવિદ્યાની કસોટી સમયે અર્જુન સમક્ષ મારી જાતને નિમ્ન અને ઊતરતી હોવાનો અનુભવ કરું છું. મારા કરતાં એ વિશેષ ચડિયાતો ધનુર્ધર લાગે છે, આથી અર્જુન પ્રત્યેના આપના પક્ષપાતનો સંશય જાગ્યો છે."

ગુરુ દ્રોણે કહ્યું, "વત્સ, કોઈ પણ ધનુર્ધારી કે શસ્ત્રધારીને એનાં શસ્ત્ર કે વિદ્યા શ્રેષ્ઠતા આપતાં નથી. શસ્ત્ર અને વિદ્યા તો ઉપકરણ માત્ર છે. શ્રેષ્ઠતા તો એને વાપરનારના ચિત્તમાં અભયને કારણે પ્રાપ્ત થાય છે."

આ સાંભળી અશ્વત્થામા અકળાઈ ઊઠ્યો અને બોલ્યો, "આનો અર્થ એવો કે હું કાયર છું ?"

"ના. કિંતુ તારા મનમાં અર્જુનની શ્રેષ્ઠતા પ્રત્યે ઈર્ષાનો ભાવ છે અને આ ઈર્ષાનો ભાવ જ તારામાં ભય જગાડે છે, પુત્ર, ભયભીત માનવીને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ શસ્ત્ર કે વિદ્યા આપવા છતાં એ નિરર્થક સાબિત થાય છે, કારણ કે ઈર્ષા કે ભય કદી ઉત્કૃષ્ટતા આપતાં નથી."



## ૪૦ સદ્તત્ત્વોમાં શ્રદ્ધા એ સાહસ છે !

ફરીદપુર વિસ્તારમાં એક ધાડપાડુની ધાક ચોતરફ ફેલાયેલી હતી. એ ખૂંખાર ધાડપાડુ લૂંટ કરવા જતાં જરૂર પડે હત્યા કરતાં પણ સહેજે અચકાતો નહીં. મહામહેનતે પોલીસે એને પકડ્યો. ધાડપાડુને અદાલત સમક્ષ ઊભો કરવામાં આવ્યો. ન્યાયમૂર્તિ ભગવાનચંદ્ર બોઝે એને સજા ફટકારી.

ધાડપાડુના ગુસ્સાનો પાર રહ્યો નહિ. એણે મનોમન નક્કી કર્યું કે સજા પૂરી થયા બાદ સૌથી પહેલાં તો આ ન્યાયમૂર્તિ સાથે બદલો લઈશ. મને સજા ફટકારનારને હું એવી સજા કરીશ કે જે જિંદગીભર યાદ રહે ! ધાડપાડુ સજા ભોગવીને છૂટ્યો. એણે પહેલું કામ પોતાનું વેર વાળવાનું કર્યું. એણે ન્યાયાધીશ ભગવાનચંદ્ર બોઝનો બંગલો સળગાવી દીધો. એની આગમાં ન્યાયાધીશની માલ-મિલકત અને ઘરવખરી બધું જ ભસ્મીભૂત થઈ ગયું. ન્યાયાધીશ અને એમના પુત્ર સળગતી આગમાંથી માંડ બહાર નીકળી શક્યા. પોલીસે ફરી એ ધાડપાડુને પકડ્યો અને એને ફરી સજા કરી.

કારાવાસના સળિયા પાછળ રહેલા ધાડપાડુને પસ્તાવો થવા લાગ્યો. એ વિચારવા લાગ્યો કે ન્યાયાધીશે તો એમનું કર્તવ્ય બજાવ્યું હતું. મારી સામે કોઈ વેર લીધું નહોતું, પણ મેં બદલાની ભાવનાથી એમનું કેટલું બધું અહિત કર્યું !

જેલમાંથી બહાર નીકળીને ન્યાયાધીશની ક્ષમા માગવા ગયો. એણે કહ્યું, "આપ મને માફ કરો. મારી ભૂલ થઈ ગઈ. હવે

મારે આ વેરઝેરનો ધંધો છોડી દેવો છે. લૂંટ અને હત્યા મને શાંતિથી જીવવા દેતાં નથી. આપ કોઈ રસ્તો બતાવો."

ન્યાયાધીશે કહ્યું, "ભાઈ, પ્રામાણિકપણે નોકરી કર, તો તને જીવવાનો આનંદ આવશે."

ધાડપાડુએ કહ્યું, "સાહેબ, મને કોણ નોકરી આપે ? જેની મથરાવટી મેલી હોય, તેના પર કોણ વિશ્વાસ મૂકે ?"

ન્યાયાધીશ ભગવાનચંદ્ર બોઝે કહ્યું, "મને તારા પર વિશ્વાસ છે. હું તને નોકરી આપું છું."

ધાડપાડુના આશ્ચર્યનો પાર ન રહ્યો. એણે કહ્યું, "સાહેબ, મારે શું કરવાનું?"

ન્યાયાધીશ ભગવાનચંદ્ર બોઝે કહ્યું, "આ મારા પુત્રને નિશાળે મૂકવા જવાનું અને નિશાળ પૂરી થાય ત્યારે એને લેવા જવાનું કામ તને સોંપું છું."

ધાડપાડુ ન્યાયાધીશના આ વિશ્વાસને જોઈને નમી પડ્યો. આ ન્યાયાધીશ ભગવાનચંદ્ર બોઝ એ ભારતના વિશ્વવિખ્યાત વિજ્ઞાની જગદીશચંદ્ર બોઝના પિતા હતા.

માનવીના હૃદયમાં રહેલાં સદ્‌તત્ત્વોમાં શ્રદ્ધા રાખવી એ કપરું કામ છે અને એ સદ્‌તત્ત્વ પર શ્રદ્ધા રાખીને સાહસ કરવું તે અત્યંત વિરલ છે. ન્યાયમૂર્તિ ભગવાનચંદ્ર બોઝને એ ધાડપાડુની ભીતરમાં રહેલી સચ્ચાઈ પર વિશ્વાસ હતો અને તેથી જ તેઓ એના પર વિશ્વાસ ઠેરવવાનું સાહસ કરી શક્યા.



## ૪૧ દાન આપતાં માથું ઝૂકી જાય છે !

પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા અબ્દુર્‌રહીમ ખાનખાનાન એ અકબર અને જહાંગીરના સમયના શક્તિશાળી સેનાપતિ હતા અને એમની સાથોસાથ કવિ અને સાહિત્યપ્રેમી હતા. અરબી, ફારસી, તુર્કી, સંસ્કૃત અને હિંદી ભાષાનું અને અનેક વિષયોનું જ્ઞાન ધરાવનાર રહીમ  બાદશાહ જહાંગીરના શિક્ષક હતા તેમ જ તેમણે યુદ્ધોમાં મુઘલ શાહજાદાઓ સાથે રહીને વિજયો હાંસલ કર્યા હતા.

કવિઓ અને કલાકારોનો પ્રશંસક અબ્દુર્‌રહીમ ખાનખાનાન પોતે કવિ હતા અને હિંદી અને ફારસીમાં 'રહીમ' અને 'રહીમન'ના તખલ્લુસથી કાવ્યરચના કરતા હતા. અબ્દુર્‌રહીમ અમીર હતા, પરંતુ  પોતાનું ધન એ ગરીબો અને નિર્ધનોને વહેંચી આપતા. રાતદિવસ એમને ત્યાં સદાવ્રત ચાલતું હતું અને રહીમ જાતે પોતાને હાથે દાન આપવામાં માનતા. પોતાના ઘેર આવેલો કોઈ પણ માનવી ખાલી હાથે પાછો ફરે નહીં એની ખાસ તકેદારી રાખતા હતા. આ રહીમ પોતાને હાથે દાન આપતા હોય, ત્યારે હંમેશાં માથું નીચું રાખીને દાન આપતા હતા.

સહુ કોઈને આશ્ચર્ય થતું. અરે ! દાન જેવું ઉત્તમ કાર્ય કરતી વખતે તો વ્યક્તિનું મસ્તક ઉન્નત હોવું જોઈએ. કામ આવું ઊંચું અને માથું શા માટે નીચું ?

એક વાર એક સ્વજને રહીમને પૂછ્યું, "આજે જગતમાં

આપના જેવા દાનવીરનો જોટો જડવો મુશ્કેલ છે. આપ દાન કરો છો, તો શા માટે માથું નીચું રાખો છો ?"

કવિ રહીમે કહ્યું, "દોસ્ત, માથું નીચું રાખતો નથી, પરંતુ શરમને કારણે મારું માથું ઝૂકી જાય છે."

મિત્રએ પૂછ્યું, "દાન આપવું અને શરમ અનુભવવી ? આ તે કેવું ? તમને શેની શરમ આવે છે ?"

રહીમે કહ્યું, "હું દાન આપું છું ત્યારે લોકો મારી પ્રશંસા કરે છે. મારો આભાર માને છે. મળેલા દાન માટે દુઆ આપે છે, પરંતુ હું જાણું છું કે હું આને માટે યોગ્ય નથી અને આથી જ મારું માથું શરમથી ઢળી પડે છે."

"અરે, આપ તો આવી પ્રશંસા માટે સર્વથા યોગ્ય છો, પછી શરમ શેની ?"

રહીમે કહ્યું, "શરમ એ માટે આવે છે કે દાન દેનાર તો ઈશ્વર છે. હું તો માત્ર એક નિમિત્ત કે માધ્યમ છું. લોકો મને નિમિત્ત સમજવાને બદલે મને જ દાતા માને છે અને તેથી મારું માથું શરમથી ઝૂકી જાય છે."

મુઘલ સમયના યુદ્ધવિજેતા અને શક્તિશાળી સેનાપતિ રહીમના હૃદયમાં રહેલી ભાવના જોઈને એમનો મિત્ર ગદ્ગદિત થઈ ગયો.



## ૪૨ મારા કરતાં કૂતરો વધુ ક્ષમાશીલ !

સદા સમભાવમાં રહેતો એક સાધક હંમેશાં કાળાં વસ્ત્રો પહેરતો હતો. એ પ્રાર્થના કરતો હોય કે ભજન ગાતો હોય, ગ્રંથનું અધ્યયન કરતો હોય કે ધ્યાન ધરતો હોય; પરંતુ દરેક ધર્મક્રિયા વખતે કાળાં વસ્ત્રો જ પહેરે. ક્યારેક કોઈ એને પ્રશ્ન કરે, "અરે ભાઈ ! એવું તે કોનું મૃત્યુ થયું છે જેના શોકમાં તમે રાત-દિવસ કાળાં વસ્ત્રો ધારણ કરો છો ? કોઈ નિકટના સ્વજનના અકાળ અવસાનનો ઊંડો આઘાત લાગ્યો છે ?"

આ સાંભળી સાધક હસી પડતો અને કહેતો, "બાહ્ય સંસાર ત્યજી દેનારને આવો આઘાત લાગે ખરો ? શોકનાં શ્યામ વસ્ત્રો એ માટે પહેરું છું કે ઘણાં વર્ષોથી મારી સાથે રહેતા કામ, ક્રોધ, લોભ જેવા મિત્રો હમણાં જ અવસાન પામ્યા છે."

એક વ્યક્તિને આ સાધકની પરીક્ષા લેવાનું મન થયું. એણે અતિ આગ્રહ કરીને સાધકને પોતાને ઘેર ભોજન માટે નિમંત્રણ આપ્યું. સાધક એના ઘરમાં પ્રવેશ્યો એટલે કીમતી ભેટ આપીને એનું સ્વાગત કર્યું. સાધકે સ્વાગત સ્વીકાર્યું; પરંતુ ભેટ સ્વીકારી નહિ. એ પછી યજમાને જમવાનો સમય થયો હોવા છતાં એને ઘરમાં બેસાડી રાખ્યો. સાધક શાંતિથી એક ખૂણામાં બેઠો. છેક સાંજ થવા આવી એટલે યજમાને કહ્યું,

"ઊઠો, પધારો."

સાધક એમ સમજ્યો કે ભોજન માટે નિમંત્રણ આપે છે;

પરંતુ જેવો એ ઊઠ્યો કે યજમાને સાધકને ઘરમાંથી બહાર નીકળવાનો દરવાજો બતાવીને કહ્યું, 'પધારો.'

સાધકના ચહેરા પરની એક રેખા પણ બદલાઈ નહિ. એ ઘરની બહાર નીકળ્યો. માંડ પગથિયાં ઊતરી રહ્યો, ત્યાં પાછો બોલાવ્યો. આવી રીતે દસેક વાર એનું ઘરમાં સ્વાગત કર્યું અને તરત જ 'પધારો' કહીને વિદાય આપી. યજમાનના આવા વ્યવહારથી સાધક સહેજે અકળાયો નહિ, ત્યારે યજમાને કહ્યું,

"સાચે જ તમે અંદરના શત્રુઓ પર વિજય મેળવ્યો છે અને તેથી તમે કાળાં વસ્ત્રો પહેરવાની યોગ્યતા ધરાવો છો. તમને ગુસ્સે કરવાનો મારો પ્રયત્ન વિફળ ગયો. તમારી સમતાને ધન્ય છે ! તમારી શી પ્રશંસા કરું !"

સમભાવમાં રહેલો સાધક પ્રશંસાની ઇચ્છાથી પણ લેપાય તેવો નહોતો.

એણે કહ્યું, "મારું આ કાર્ય કઈ રીતે પ્રશંસનીય કહેવાય ? મારાથી વધુ ક્ષમાશીલ તો કૂતરાઓ હોય છે, જેમને હજાર વાર બૂચકારીને ઘરમાં બોલાવો છો અને જો ક્યારેક એકાએક આવે તો ધૂત્કારો છો અને તેમ છતાં એ એ જ રીતે આવતા રહે છે."



## ૪૩ અધિક સંગ્રહ અંતે કષ્ટદાયી બને છે !

ભગવાન બુદ્ધ ભિક્ષુઓ સાથે વિહાર કરી રહ્યા હતા. બુદ્ધ આગળ ચાલતા હતા અને ભિક્ષુસમૂહ એમને અનુસરતો હતો. રાજગૃહી નગરીમાં સહુનો ઉમળકાભેર સત્કાર થયો હતો. આખું નગર ધર્મોત્સવમાં ડૂબી ગયું હતું. નગરમાંથી બહાર નીકળ્યા બાદ ભગવાન બુદ્ધે જરા પાછા વળીને જોયું, તો અતિ આશ્ચર્ય થયું.

રાજગૃહી નગરીમાંથી પ્રસ્થાન કરતી વખતે નગરના રાજા અને શ્રેષ્ઠીઓએ ભિક્ષુઓને જરૂરિયાત પ્રમાણે સાધન-સામગ્રી અને કેટલીક ભેટ આપી. કેટલાક ભિક્ષુઓએ આનો અસ્વીકાર કર્યો, તો શ્રેષ્ઠીઓએ એમને આગ્રહપૂર્વક આ સામગ્રી આપી હતી. ભગવાન બુદ્ધે જોયું કે બધા ભિક્ષુઓએ માથા પર મોટું પોટલું ઊંચક્યું હતું, જેમાં આ સામગ્રી અને ભેટ રહેલી હતી. કેટલાક એવા ભિખ્ખુઓ પણ હતા કે જેમના માથા પર તો આવું પોટલું હતું; પરંતુ કમર પર પણ પોટલું બાંધ્યું હતું.

ભિક્ષુઓની સંગ્રહવૃત્તિ જોઈને ભગવાન બુદ્ધ અત્યંત ચિંતિત થઈ ગયા. સાંજ પડી હતી અને જંગલના એક ભાગમાં રાત્રિવિશ્રામ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

શિયાળાનો સમય હતો. બધાં પોતાનાં વસ્ત્રો પાથરીને સૂઈ ગયા. ભગવાન બુદ્ધે પણ એક વસ્ત્ર બિછાવ્યું અને ઠંડીથી બચવા માટે અન્ય વસ્ત્ર ઓઢી લીધું. રાત જેમ વધતી ગઈ, તેમ ઠંડી પણ

વધતી ગઈ. બુદ્ધે વળી વધુ એક વસ્ત્ર ઓઢ્યું.

પોતાના ભિક્ષુઓની સંગ્રહવૃત્તિ જોઈને રાતભર ભગવાન બુદ્ધ બેચેન રહ્યા. વહેલી સવારે એમને એનો ઉકેલ મળી ગયો. શિયાળાની રાત અને ઠંડીમાંથી બચવા કરેલા ઉપાયો પરથી એમણે નિષ્કર્ષ કાઢ્યો કે એક વ્યક્તિને પોતાની રક્ષા માટે ત્રણ વસ્ત્રોની જરૂર છે.

પ્રાતઃકાળે ભગવાન બુદ્ધે પોતાનો આ વિચાર ભિક્ષુઓને કહ્યો અને સાથે એમ પણ કહ્યું, "જેટલી આવશ્યકતા હોય એટલો જ સંગ્રહ કરવો. જરૂરિયાત પ્રમાણેનો સંગ્રહ કરવો સારો; પરંતુ એનાથી અધિક સંગ્રહ એ કષ્ટદાયી બને છે અને તેથી આવી સંગ્રહવૃત્તિથી કે પ્રવૃત્તિથી સદૈવ અળગા રહેવું જોઈએ."



## ૪૪ મારું મન બેચેન રહેશે !

એમ. વિશ્વેશ્વરૈયા એક એવા મહાન માનવી હતા કે જેમણે ભારતને એન્જિનિયરિંગના ક્ષેત્રે અપૂર્વ સિદ્ધિ અપાવી. આવા વિશ્વેશ્વરૈયા વિશ્વનું પરિભ્રમણ કરવા નીકળ્યા હતા. તેઓ અમેરિકાના શિકાગો શહેરમાં પહોંચ્યા. અહીં એમણે એક લેખકને લેખ લખવા માટે કરારબદ્ધ કર્યા. આ માટે આઠ ડૉલરનો પુરસ્કાર આપવાનું નક્કી કર્યું. વિશ્વેશ્વરૈયાએ લેખ મોકલવા માટેનું પોતાનું સરનામું આપ્યું અને લેખકે એમને સમયસર લેખ મળી જશે એવી ખાતરી આપી.

નિશ્ચિત તારીખે વિશ્વેશ્વરૈયાને લેખ મળ્યો અને એમણે એ વાંચ્યો. આ લેખ વાંચીને તેઓ અતિ પ્રસન્ન થઈ ગયા. એમણે આઠ ડૉલરને બદલે નવ ડૉલરનો પુરસ્કાર મોકલ્યો. લેખકને એ પુરસ્કાર મળ્યો અને એમણે જોયું કે આઠને બદલે નવ ડૉલર પુરસ્કારરૂપે મળ્યા છે એટલે તેઓ એમ. વિશ્વેશ્વરૈયાને શોધવા નીકળ્યા. એક હોટલમાં એમને એ મળી ગયા એટલે લેખકે પોતાને મળેલો વધારાનો ડૉલર પાછો આપ્યો.

વિશ્વેશ્વરૈયાએ કહ્યું, "આપની લેખનકલાથી પ્રસન્ન થઈને મેં એક ડૉલર પારિતોષિકરૂપે આપને મોકલ્યો હતો. આપ એને રાખી લો."

લેખકે કહ્યું, "આપ આ રીતે પ્રસન્ન થઈને મને એક ડૉલર વધુ આપો તેમાં આપની ગુણગ્રાહકતા છે, પરંતુ હું એ લઈ શકું

નહિ. નિર્ધારિત પારિશ્રમિક કરતાં વધુ લેવાનો મને કોઈ અધિકાર નથી. જો હું વધુ પુરસ્કાર લઉં તો મારું મન મને બેચેન બનાવી મૂકે અને મારો જીવનનો આનંદ ઓસરતો જાય. માટે આપ કૃપા કરીને આ એક ડૉલર પાછો સ્વીકારશો."

વિશ્વેશ્વરૈયા આ લેખકની પ્રામાણિકતાથી ખુશ થઈ ગયા અને એ લેખકે મનની બેચેનીથી બચાવવા માટે વિશ્વેશ્વરૈયાનો આભાર માન્યો.

એ હકીકત છે કે માણસ પહેલાં અપ્રામાણિકતા કરે છે અને પછી બેચેન બને છે. એ અપ્રામાણિકતા એને માનસિક રીતે અસ્વસ્થ રાખે છે. પરિણામે એને જે કંઈ પ્રાપ્તિ થઈ છે તેનો પણ તે આનંદ મેળવી શકતો નથી.

એમ કહેવાય છે કે સરળતા અને પ્રામાણિકતાનું ઓશીકું જેના માથે હોય તેને કદી બેચેની થતી નથી કે અનિદ્રા ભોગવવી પડતી નથી.



## ૪૫ ફકીરી એ વેદના નહિ, પણ મોજ છે !

મશહૂર શાયર શેખ સાદી નેવું વર્ષના થયા. અરબસ્તાનના સુલતાનને આ શાયરની મજાક કરવાનું સૂઝ્યું. એણે શાયરને એક અત્યંત કીમતી હીરો મોકલ્યો અને સાથે સંદેશો પાઠવ્યો,

"અરે શાયર ! તમે આખી જિંદગી શાયરી લખવામાં વિતાવી, પણ તમને મળ્યું શું ? ગુલશન અને બુલબુલની બહેકેલી કલ્પનાનો અર્થ શો ? મોજમસ્તીની ઘણી શાયરી લખી, છતાં ગરીબી તમારા ઘરમાં ચોવીસે કલાક આંટા મારે છે. આવા શાયર થવાનો શો અર્થ ? તમે પ્રજાને ખ્વાબ આપ્યા; અને પોતે ખ્વાબમાં જ જીવ્યા."

પોતાના સંદેશામાં સુલતાને વધુમાં લખ્યું, "જુઓ, આ સાથે તમને જોવા માટે હીરો મોકલાવું છું. તમે જિંદગીમાં આવો હીરો કદી જોયો નહિ હોય. એને બરાબર જુઓ અને કહો કે આની બરાબરીની કોઈ કવિતા તમારી પાસે છે ખરી ?"

શેખ સાદીએ સુલતાનનો સંદેશો વાંચ્યો અને એમણે મોકલેલા હીરાને પણ જોયો. એ પછી એમણે સુલતાનને જવાબ લખ્યો,

"સુલતાન, તમને શાયરીની પહેચાન ક્યાંથી હોય ? મારી શાયરીનો એકએક શબ્દ તમારા હીરા કરતાં ઘણો મૂલ્યવાન છે. મારા શબ્દ વિખૂટાં પડેલાં બે હૃદય વચ્ચે સ્નેહસેતુ બનવાની તાકાત રાખે છે, તમારા હીરામાં એવી કોઈ ક્ષમતા છે ખરી ? તમારો હીરો તો બે વ્યક્તિઓ વચ્ચે ખૂનખરાબાનું કારણ બને છે.

સુલતાન ! મારા શબ્દો ઈશ્વરના સિંહાસનને ડોલાવવાની ક્ષમતા રાખે છે, જ્યારે તમારો હીરો કોઈ ભૂખ્યા માનવીની ભૂખ મટાડતા એક ચણાની પણ બરાબરી કરતો નથી. મારી શાયરી અનેક કાળ સુધી જીવિત રહે છે, જ્યારે હીરો કેટલાય માણસોનો કાળ બની જાય છે. આથી કઈ રીતે મારી શાયરી સાથે તમારા હીરાની તુલના કરવી ? હું એટલું જ કહીશ કે તમારો હીરો તમને જ મુબારક હો.”

સુલતાન પાસે શાયરનો સંદેશો પહોંચ્યો. એણે ફરી હીરો મોકલીને કહ્યું, “આટલી ગરીબીમાં જીવો છો તેને બદલે આ હીરો રાખી લો તો સારું.”

શાયરે હીરો પાછો વાળતાં કહ્યું, “તમારા હીરા કરતાં મારી ગરીબી સારી છે. હીરાની મારે કોઈ આવશ્યકતા નથી.”

એ હકીકત છે કે શબ્દની શક્તિને માપવા માટે ધનનો ગજ સદાય ટૂંકો પડે છે. શાયરની ફકીરી એના જીવનની મોજ બને છે, વેદના નહિ.

શેખ સાદીની આવી મસ્તીને સુલતાન સમજી શક્યો નહિ અને માટે જ એણે શાયરને હીરો મોકલીને એની મોજમસ્તીની મજાક ઉડાવવાનો પ્રયાસ કર્યો. શેખ સાદીની સીધીસાદી સમજણે સુલતાનને શબ્દની કિંમત સમજાવી !



## ૪૬ ઇચ્છાની દોડ અંતે દુઃખ લાવે છે

વિધાતાને પારાવાર વેદના થતી હતી કે હું માનવીને આટલું બધું આપું છું છતાં એને મળ્યાના સંતોષ કરતાં ન મળ્યાની અતૃપ્તિ વિશેષ રહે છે. પ્રાપ્તિ માટે ધન્યતા પ્રગટ કરવાને બદલે અપ્રાપ્તિ માટે નસીબને દોષ આપે છે. કોઈ ધન મળ્યું ન હોય તે માટે વિધાતાને કારણભૂત ગણે છે, તો કોઈ આવો જનમ મળ્યો તે માટે વિધાતાને દોષિત ઠેરવે છે.

વિધાતાની અકળામણનો પાર નહોતો અને તેથી એણે એક દિવસ ઢંઢેરો પિટાવ્યો. એણે કહ્યું કે માણસ એના સહુથી મોટા દુઃખની વાત લખીને ચિઠ્ઠી આપે અને માણસને સહુથી મોટું સુખ શેમાં છે એ પણ લખી આપે. એનું અત્યારનું દુઃખ દૂર કરાશે અને એને ઇચ્છેલું સુખ આપવામાં આવશે.

વિધાતાના આ વિજ્ઞાપને તો એકેએક માણસને દોડતાં કરી દીધો. રાય હોય કે રંક, સાધુ હોય કે શેતાન, ચોર હોય કે નોકર બધા જ પોતાના દુઃખની નોંધ લખીને દોડ્યા. સાથેસાથે એ પણ લખ્યું કે ઘણા વખતથી જે મેળવવા માટે રાતદિવસ મનમાં સળવળાટ થતો હતો તે વસ્તુ મળી જાય તો કેવું સારું ?

કોઈએ ચિઠ્ઠીમાં ફરિયાદ લખી કે એને આંતરડાના રોગનો વ્યાધિ છે. કોઈએ કબજિયાતની કહાની લખી, કોઈએ રાજાને પ્રજાની પીડાની વાત લખી તો કોઈએ નિઃસંતાન હોવાનું દુઃખ લખ્યું. કોઈને ભોજન મળતું ન હતું, તો કોઈનું મુખ કદરૂપું હતું.

પ્રત્યેક વ્યક્તિએ પોતાના ભીતરનું સૌથી મોટું દુઃખ ચિઠ્ઠીમાં લખ્યું. વિધાતાએ આવીને આ ચિઠ્ઠીઓ ઉઘાડી અને બોલી, “જિંદગીભર તમે જેની ખ્વાહેશ રાખી હોય તે તમને મળશે. તમે એ વસ્તુ મેળવવા આમાંથી ચિઠ્ઠી ઉપાડો. તમારી ઇચ્છા પૂર્ણ થતાં તમારા જીવનમાં સુખની પરિતૃપ્તિ થશે.”

દરેકે જૂનું દુઃખ મૂકી દીધું અને નવું સુખ લીધું. નિસંતાનને સંતાન થયાં, પરંતુ હવે સંતાનના પ્રશ્નો પીડવા લાગ્યા. કોઈને ચપટું નાક સીધું થયું, પરંતુ એની એ સુંદરતાને વખાણનારા કોઈ ન મળ્યા. કોઈને સારી નોકરી મળી, પરંતુ નોકરીની વ્યસ્તતાને કારણે થયેલા રોગો એને ઘેરી વળ્યા.

આમ જે નવી પ્રાપ્તિ થઈ તે નવું દુઃખ લઈને આવી. કોઈ સુખી ન થયું બલકે સહુ નવા દુઃખે દુઃખી થયા. ફરી પાછા લમણે હાથ મૂકીને વિધાતાને દોષ આપવા લાગ્યા.



## ૪૭ પ્રાણથી પણ અમૂલ્ય આ ખજાનો છે !

ભગવાન બુદ્ધનું જન્મસ્થાન અને એમની જન્મભૂમિ જોવાની પ્રબળ ઇચ્છાથી યુઅન શ્વાંગ ભારતના પ્રવાસે નીકળ્યો. ચોવીસ વર્ષના આ યુવકને ચીનના સમ્રાટે આ પ્રવાસ માટે મંજૂરી આપી નહિ, તો તે લપાતો-છુપાતો ઈ. સ. ૬૨૯માં ભારતના પ્રવાસે નીકળી પડ્યો.

રસ્તામાં એણે પારાવાર મુશ્કેલીઓનો સામનો કર્યો. માર્ગમાં એનો ઘોડો મૃત્યુ પામ્યો. ગોબીના રણમાં તીરથી માંડ બચ્યો. આવી કેટલીય મુશ્કેલીઓ સહન કરીને એ ભારત પહોંચ્યો.

ભારતની પ્રસિદ્ધ નાલંદા વિદ્યાપીઠમાં રહીને એણે છ વર્ષ સુધી અધ્યયન કર્યું અને સાથોસાથ કેટલાક મહાન ગ્રંથો પણ ખરીદ્યા. સોળ વર્ષ સુધી ભારતનું ભ્રમણ કરીને એ ચીન પાછો જવા માટે નીકળ્યો.

ભારતમાંથી છસ્સો ને સત્તાવન જેટલા હસ્તલિખિત ગ્રંથો, થોડીક મૂર્તિઓ અને ભગવાન બુદ્ધના અવશેષો લઈને એ સ્વદેશ પાછો ફરતો હતો, ત્યારે ચીનથી અભ્યાસ માટે આવેલા પંદર વિદ્યાર્થીઓ પણ એની સાથે થયા. આ વિદ્યાર્થીઓને યુઅન શ્વાંગની સાથે જવામાં જ્ઞાનપ્રાપ્તિનો ઘણો મોટો લાભ દેખાયો.

એવામાં રસ્તામાં નદી આવી. એમણે એક હોડી ભાડે કરી, પરંતુ હોડી મઝધારમાં પહોંચી અને મુસાફરોના ભારથી ડોલવા લાગી.

હોડીવાળાએ યુઅન શ્વાંગને કહ્યું, "હોડીમાંથી ભાર ઓછો કરવો પડશે, નહીં તો આપણે બધા ડૂબી જઈશું. આટલો બધો ભાર હોડી ખમે તેમ નથી."

બધા વિચારમાં પડ્યા કે કરવું શું ? ત્યારે હોડીવાળાએ સાહજિક રીતે કહ્યું,

"આ મોટાંમોટાં પુસ્તકો નદીમાં પધરાવી દો, તો ભાર ઓછો થઈ જશે અને કશો વાંધો નહિ આવે."

યુઅન શ્વાંગ વિમાસણમાં પડી ગયા. આ પુસ્તકોમાં જ્ઞાનનો ભંડાર હતો. એના દ્વારા પોતાના દેશમાં જ્ઞાનપ્રકાશ ફેલાવાનો હતો, પણ એના મહત્ત્વનો નાવિકને ક્યાંથી ખ્યાલ હોય ? આવાં અમૂલ્ય પુસ્તકો એમ કંઈ નદીમાં ફેંકી દેવાય ?

આ સમયે એક વિદ્યાર્થીએ યુઅન શ્વાંગને પ્રણામ કરીને વિનંતી કરી કે, "આ જ્ઞાન-ખજાનો આપણા દેશવાસીઓ માટે અત્યંત મૂલ્યવાન છે. એનાથી અનેક વ્યક્તિઓ ધર્મનાં રહસ્યો પામશે. એને કોઈ પણ ભોગે ફેંકી દેવાય નહિ. એને બદલે અમે બધા નદીમાં કૂદી પડીશું અને નાવનો ભાર ઓછો કરીશું. અમે સ્વદેશ પહોંચીએ કે ન પહોંચીએ એ મહત્ત્વનું નથી, આવા અમૂલ્ય ગ્રંથો ચીનમાં પહોંચે, તે જરૂરી છે."

એક પછી એક પંદર વિદ્યાર્થીઓ નદીના ઊંડા પાણીમાં કૂદી પડ્યા. યુઅન શ્વાંગ આ યુવાનોની વિદ્યાપ્રીતિ જોઈને ધન્ય બની ગયો.



## ૪૮ ઈશ્વરને મારા પર પણ વિશ્વાસ છે !

બાળપણમાં મળેલા સેવાના સંસ્કાર એવા મહોરી ઊઠ્યા કે વિદ્યાર્થી અવસ્થામાં જ એન્ડ્રુઝે લોકસેવા કરવાનાં સ્વપ્નો સેવ્યાં. વિદ્યાર્થીકાળથી જ એણે ઊંચા પગારની નોકરીને બદલે ગરીબો અને દલિતોનાં આંસુ લૂછવાનું નક્કી કર્યું હતું. પોતાનું ધ્યેય સિદ્ધ કરવા માટે એણે લંડન મહાનગરનો એક એવો વિસ્તાર પસંદ કર્યો કે જે તરફ ભદ્રસમાજનો કોઈ માનવી જતો નહીં. ગુનાખોરી માટે જાણીતા એવા આ વિસ્તારમાં અત્યંત ગરીબ, દલિત અને પતિત માણસો રહેતા હતા. વ્યસનોની બદી ફૂલીફાલી હતી. એન્ડ્રુઝે વિચાર્યું કે એની સેવાભાવનાની પરીક્ષા માટે આ વિસ્તાર યોગ્ય છે. આ વિસ્તારના ગુનાખોરોએ એની મજાક ઉડાવી, કેટલાક એને બેવકૂફ માનતા હતા તો કેટલાક એને મૂર્ખ ગણતા હતા.

એન્ડ્રુઝનો ભેટો એક દારૂડિયા સાથે થયો. એન્ડ્રુઝે જોયું તો આ માણસ એટલો બધો શરાબી હતો કે એની જાતનું સાનભાન ગુમાવી દેતો. છાકટો બનીને રસ્તા પર લથડિયાં ખાતો ચાલતો હોય, સતત અપશબ્દ બોલતો હોય. દારૂ પીને તોફાન કરવા માટે પોલીસ એને પકડીને જેલ ભેગો કરી દેતી હતી. જેલમાંથી છૂટીને બહાર આવતાં ફરી દારૂ પીને આવો ઉત્પાત મચાવતો અને પકડાતો. આમ છુટકારો અને ધરપકડનું ચક્ર સતત ચાલતું હતું. પેલો શરાબી જેલમાંથી છૂટીને પાછો આવ્યો ત્યારે એન્ડ્રુઝ

એની પાસે ગયા. એને સમજાવ્યું કે આ દારૂ દૈત્ય જેવો છે. એ માનવને દાનવ કરી નાખે છે, માટે તું દારૂ પીવાનું છોડી દે. પેલા દારૂડિયાને તો મજાક મળી. એણે એન્ડ્રુઝની સામે જ દારૂ પીવો શરૂ કર્યો. એન્ડ્રુઝે એની સામે ઊભા રહીને પ્રભુને પ્રાર્થના કરી, "હે પ્રભુ, આ દારૂ પીનારા માનવીને માફ કરજે. એનું કલ્યાણ કરજે."

દારૂડિયો એન્ડ્રુઝની પ્રાર્થના સાંભળીને ક્યારેક અટ્ટહાસ્ય કરતો તો ક્યારેક અપશબ્દ બોલીને મારવા ધસી જતો. એન્ડ્રુઝ તો જ્યારેજ્યારે દારૂડિયો મળે ત્યારે પ્રાર્થના કરતા અને ઈશ્વરને એનું કલ્યાણ કરવાનું કહેતા. દારૂડિયો એક દિવસ અકળાયો. એણે કહ્યું, "અલ્યા ભાઈ, ઈશ્વરની વાત છોડ. તું પાગલ થઈ ગયો લાગે છે. મારા જેવાનું તે કદી ઈશ્વર કલ્યાણ કરતા હશે ? મફતની આવી બધી માથાકૂટ છોડી દે."

એન્ડ્રુઝે કહ્યું, "ભાઈ, તને કદાચ ઈશ્વરમાં વિશ્વાસ નહિ હોય, પણ ઈશ્વરને તો તારામાં જરૂર વિશ્વાસ છે કે દારૂને તું જરૂર તિલાંજલિ આપીશ."

દીનબંધુ એન્ડ્રુઝના આ શબ્દોએ દારૂડિયા પર જાદુઈ અસર કરી. એના હૃદયને સ્પર્શી ગયા. એણે કહ્યું, "મને એવું હતું કે ઈશ્વરને તો મારા જેવા પ્રત્યે નફરત જ હોય, પણ તમે કહો છો કે ઈશ્વરને મારા પર વિશ્વાસ છે અને તે મારું કલ્યાણ કરવા ચાહે છે, તો આજથી દારૂ હરામ."



## ૪૯ જે એકલો ખાય, એને કૂતરો કરડે છે !

મહારાજા પ્રસેનજિત એક નવી રીતે વિચારતો રાજવી હતો. સામાન્ય પરંપરા એવી હતી કે પાટવીકુંવર હોય તે ગાદીએ બેસે. મહારાજા પ્રસેનજિતે એ પરંપરા તોડવાનો વિચાર કર્યો. એણે વિચાર્યું કે મારા એકસો પુત્રમાંથી જે સૌથી યોગ્ય હશે તેને ગાદી સોંપીશ. આ એકસો રાજકુમારોની પરીક્ષા કરવાનો એણે વિચાર કર્યો.

એણે બધા રાજકુમારોને ભોજન માટે નિમંત્રણ આપ્યું. ભોજન શરૂ કરવાની સૂચના મળતાં રાજકુમારોએ ખાવાનું શરૂ કર્યું. હજી પહેલો કોળિયો મોંમાં મૂકે તે પહેલાં ચારે બાજુથી શિકારી કૂતરાઓ ધસી આવ્યા. રાજકુમારો આનાથી ડરીને ભાગવા લાગ્યા. ભોજન ભોજનને ઠેકાણે રહ્યું. આવી પરિસ્થિતિ હોય ત્યારે બીજો વિચાર કઈ રીતે થઈ શકે ?

એકમાત્ર સૌથી નાનો રાજકુમાર શ્રેણિક નિરાંતે બેસી રહ્યો. એ ડર્યો કે ભાગ્યો નહિ. બીજે દિવસે રાજસભા ભરાઈ, અમાત્ય, રાજગુરુ, અધિકારીઓ અને નગરના પ્રતિષ્ઠિત સજ્જનો બેઠા હતા. આ સમયે રાજા પ્રસેનજિતે બધા રાજકુમારોને બોલાવ્યા. નવ્વાણું રાજકુમારોએ તો અધિકારીઓની અવ્યવસ્થા માટે આક્રોશ ઠાલવ્યો. મહારાજાએ એમને સખતમાં સખત સજા કરવી જોઈએ એવું સૂચન કર્યું.

રાજાએ પૂછ્યું, "કાલે કોઈ રાજકુમાર ભોજન કરી શક્યો ખરો ?"

એક માત્ર શ્રેણિકે એમ કહ્યું કે એણે નિરાંતે ભોજન કર્યું હતું.

રાજા પ્રસેનજિતે કહ્યું, "બીજા બધા રાજકુમારો ભારે સમજદાર કહેવાય. શિકારી કૂતરા આવ્યા એટલે ભોજન છોડીને ભાગી ગયા. પણ તમે ત્યાં કઈ રીતે રહ્યા ? કૂતરાઓએ તમને કેમ ફાડી ખાધા નહીં ?"

શ્રેણિકે કહ્યું, "મહારાજ, જે એકલો ખાય છે એને કૂતરાઓ કરડે છે. મારી સામે એકસો ભોજનથાળ હતા. કૂતરાઓ આવતા ગયા તેમ હું થાળ સરકાવતો ગયો. એમણે પણ ખાધું. જે એકલો ખાય છે તેને કૂતરો કરડે છે. જે બીજાને ખવડાવીને ખાવાનું જાણે છે એને કૂતરો કરડતો નથી. બહારની પરિસ્થિતિથી મેં મનને શાંત રાખ્યું અને નિરાંતે ભોજન લીધું."

મહારાજા પ્રસેનજિતે શ્રેણિકને રાજગાદી સોંપી. રાજા પ્રસેનજિતે જોયું કે રાજકુમાર શ્રેણિક બીજાનો વિચાર કરે છે. પોતાનો વિચાર કરનાર માત્ર સત્તા જમાવતો હોય છે. બીજાનો વિચાર કરનાર પ્રજાના હૃદય-સિંહાસન પર બિરાજમાન થાય છે.



## ૫૦ જીવ બચાવવો એ મારો ધર્મ છે

રાજવૈદ્ય ઝંડુ ભટ્ટજીને મન દર્દી એ માત્ર દર્દી નહોતો, પણ દીકરો હતો. ઘણી વાર દર્દીને સગવડ ન હોય તો પોતાને ઘેર રાખીને સારવાર આપતા. એની પાસે પૈસા ન હોય, તો પોતાને નામે બીજાની પાસેથી પૈસા ઉછીના લાવીને એ પૈસાથી એની દવા કરતા. અરે ! ઈશ્વર પૂજા સમયે પણ કોઈ દર્દી આવે, તો એ દર્દીની તરત ચિકિત્સા કરવા લાગતા. આવનાર દર્દી પણ કહેતા કે, "વૈદ્યરાજ, આવી સેવાચાકરી તો ખુદ અમારા દીકરા પણ ન કરે.'

એક વાર એમણે જોયું કે કોઈ યુવાન સ્ત્રી કૂવામાં પડીને આપઘાત કરવા જઈ રહી છે. તેઓ તરત દોડી ગયા અને એનો હાથ ઝાલીને કૂવામાં પડતી બચાવી લીધી. એમણે એ યુવતીને કહ્યું, "દીકરી, આપઘાત એ મોટામાં મોટું પાપ છે. કયા દુઃખે તું આપઘાત કરી રહી છે?"

પેલી યુવતીએ પોતાની વીતકકથા કહી. નાની ઉંમરમાં વિધવા બનેલી. એને કોઈ પુરુષે લલચાવીને જાળમાં ફસાવી. એ ગર્ભવતી બનતાં પેલા પુરુષે એને તરછોડી દીધી. માતા, પિતા, જ્ઞાતિ અને રાજ્યે એને માથે બદનામીનું કલંક લગાડ્યું. એ યુવતીને માટે જીવવું આકરું બન્યું હતું. આવા જીવનનો અંત આણવા માટે કૂવો પૂરવા સિવાય એની પાસે બીજો કોઈ રસ્તો નહોતો. એણે ઝંડુ ભટ્ટજીને કહ્યું, "મારું જીવન એ મૃત્યુ કરતાં

પણ બદતર છે, માટે હવે મારે જીવવું નથી.”

રાજવૈદ્ય ઝંડુ ભટ્ટજીએ કહ્યું, “ના, તને ભલે બધેથી જાકારો મળ્યો, પણ દીકરી ! હું તને આવકારો આપું છું. મારે ઘેર ચાલ, તને જતનથી જાળવીશ અને તારી પ્રસૂતિ પણ કરાવીશ.”

એ સગર્ભા વિધવાને ઝંડુ ભટ્ટજી પોતાને ઘેર લાવ્યા અને એની પ્રસૂતિ પણ કરાવી. જામનગરના રાજવી જામસાહેબને આની જાણ થતાં એમણે પોતાના રાજ્યમાં સન્માનભર્યું પદ અને ગૌરવ ધરાવતા વૈદ્યરાજને કહ્યું, “તમારે આવી બિનજરૂરી બાબતોમાં પડવું જોઈતું નહોતું.”

ઝંડુ ભટ્ટે કહ્યું, “મહારાજ, વૈદ્યનું કર્તવ્ય જીવ બચાવવાનું છે. પછી એ જીવ કોઈ રાજવીનો હોય કે કોઈ ત્યક્તાનો હોય. મેં આ સ્ત્રીને ઉગારીને મારો ધન્વંતરિનો ધર્મ બજાવ્યો છે અને તે પણ બે રીતે.”

જામસાહેબે પૂછ્યું, “ બે રીતે એટલે ? તમારી વાત કંઈ સમજાતી નથી.”

ઝંડુ ભટ્ટે કહ્યું, “મહારાજ, એક તો એ વિધવા નારીનો જીવ બચાવ્યો અને બીજો જીવ એના ગર્ભમાં રહેલા બાળકનો બચાવ્યો. આથી મેં જે કંઈ કર્યું છે તે ધન્વંતરિ તરીકેના મારા કર્તવ્યનું પાલન કર્યું છે. આમ ન કર્યું હોત તો મારા આયુર્વેદને લાંછન લાગત.”

જામસાહેબે કહ્યું, “રાજવૈદ્ય, તમે મારા રાજનું ગૌરવ છો. ખરે જ સાચા ધન્વંતરિ છો.”



## ૫૧ | સંપત્તિ સાથે અહંકાર ત્યાગવો જોઈએ

ભારતના રહસ્યવાદી સંત સ્વામી રામકૃષ્ણ પાસે એક અતિ ધનવાન માનવી આવ્યો અને સ્વામી રામકૃષ્ણને વંદન કરીને એમની પાસે બેઠો. સ્વામી રામકૃષ્ણ પરમહંસે સાહજિક રીતે પૂછ્યું, “તમે કયા કારણથી આજે આવ્યા છો ?”

ધનવાને કહ્યું, “મારા મનમાં એક પ્રશ્ન સતત ઘોળાયા કરે છે. આપની પાસેથી મારે એ પ્રશ્નનો ઉત્તર મેળવવો છે.”

“કહો, તમારો શો પ્રશ્ન છે ?”

ધનવાને કહ્યું, “સ્વામીજી, આ જગતે ઘણા દાનવીરો જોયા છે, કિંતુ મારા જેવો દાનવીર આ ધરતી પર હજી સુધી કોઈ થયો નથી. કોઈએ મારા જેટલું દાન આપ્યું નથી અને એથીય વધારે તો મારી માફક સંપત્તિનો ત્યાગ કર્યો નથી.”

સ્વામી રામકૃષ્ણ પરમહંસે કહ્યું, “સારું છે. તમે બહુ યોગ્ય કાર્ય કર્યું છે. દાન આપવું જ જોઈએ.”

ધનવાને કહ્યું, “એ વાત સાચી કે માણસે દાન આપવું જોઈએ, પણ મેં તો મારી સઘળી સંપત્તિ દાનમાં આપી દીધી છે, તેમ છતાં મને સવાલ એ છે કે મને ઈશ્વરનો સાક્ષાત્કાર કેમ થતો નથી ? આવું દાન આપ્યા પછી અને સંપત્તિનો ત્યાગ કર્યા બાદ ઈશ્વર-સાક્ષાત્કાર તો જરૂર થવો જ જોઈએ ને !”

સ્વામી રામકૃષ્ણ પરમહંસે ભારપૂર્વક કહ્યું, “ના, તમને કદીય ઈશ્વર-સાક્ષાત્કાર થશે નહિ.”

સ્વામી રામકૃષ્ણ પરમહંસની આ વાત સાંભળીને ધનવાનને વજ્રાઘાત થયો. એમાં પણ જ્યારે સ્વામીજીએ આટલી સ્પષ્ટતાથી કહ્યું ત્યારે એ મૂંઝાઈ ગયો. એને સમજાયું નહિ કે શા માટે આ મહાન સંત એને વિશે આવું કહે છે ? તેથી એણે પૂછ્યું, "આપ જ્ઞાની છો એ સાચું, પણ મારા જેવા મહાદાનેશ્વરીને ઈશ્વરનો સાક્ષાત્કાર થશે જ નહિ તેમ આટલી બધી સ્પષ્ટતાથી તમે કેમ કહી રહ્યા છો ?"

"તમે તમારી તમામ ધનસંપત્તિનો ત્યાગ કર્યો, આ ત્યાગના માર્ગે ચાલવા માટે જે પહેલું કામ કરવાનું હોય તે તમે કર્યું નથી અને એથી જ ત્યાગમાર્ગનું પહેલું પગથિયું જ ચૂકી ગયા છો, ત્યારે તમને ઈશ્વરનો સાક્ષાત્કાર થાય તેવી કલ્પના કરવી પણ મુશ્કેલ છે."

"સ્વામીજી ! મેં બધું છોડ્યું છે અને આપ કહો છો કે મેં કશું ત્યજ્યું નથી, તેનો અર્થ શો ?"

"જુઓ, તમે ધનનો ત્યાગ કર્યો, પરંતુ એ પૂર્વે અહંકારનો ત્યાગ કરવાની જરૂર હતી. સત્તા, સંપત્તિ કે ઉચ્ચ પદવીનો માનવીને અહંકાર થાય છે, એ જ રીતે ત્યાગનો પણ અહંકાર થઈ જાય છે. તમે સંપત્તિનો ત્યાગ કર્યો છે, અહંકારનો નહિ. જ્યાં સુધી અહંકારમાત્ર નાશ પામે નહિ, ત્યાં સુધી ઈશ્વરનો સાક્ષાત્કાર શક્ય નથી."

ધનવાનને સમજાયું કે એ પહેલું પગલું જ ચૂક્યો છે !



# ૫૨ સિદ્ધિથી ઘમંડ પ્રગટ ન થવો જોઈએ !

સંત બાયજીદ બસ્તામી સૂફી સંતોમાં આગવું સ્થાન ધરાવતા હતા. એમની મસ્તી, ભક્તિ અને નમ્રતા ત્રણેય અનોખાં. આવા મહાન સંતને જોઈને કોઈને મનમાં પ્રશ્ન જાગ્યો કે તેઓ કયા ગુરુના શિષ્ય હશે, કે જે ગુરુ પાસેથી એમને આવી નમ્રતા પ્રાપ્ત થઈ હશે અને એ ગુરુએ એમનું કેવું જીવનઘડતર કર્યું હશે કે જેને પરિણામે જગતને આવા મહાન સંત મળ્યા હશે.

આ અંગે સંત બાયજીદ બસ્તામીએ કહ્યું કે કોઈ મહાન સંત કે કોઈ મહાન જ્ઞાની મારા ગુરુ નથી. જેની પાસેથી જીવનદૃષ્ટિ મળે તે ગુરુ. એક વૃદ્ધ સ્ત્રીએ મને જીવનદૃષ્ટિ આપી હતી, માટે એ મારી ગુરુ છે. સહુને આશ્ચર્ય થયું. એક સામાન્ય વૃદ્ધા કઈ રીતે આ મહાન સંતની ગુરુ હોઈ શકે?

લોકોની જિજ્ઞાસાના ઉત્તરમાં સંત બાયજીદ બસ્તામીએ કહ્યું, "એક વાર હું ઘોર જંગલમાં ફરતો હતો. ઈશ્વરભક્તિમાં મસ્ત હતો. એ સમયે એક વૃદ્ધા મારી પાસે આવી. એના માથા પર લોટથી ભરેલી ગૂણ હતી. એણે મને કહ્યું, "ભાઈ, મને આમાં મદદ કરો. આ ગૂણ મારે મારા ઘેર પહોંચાડવી છે."

આ સંતને સચરાચર સૃષ્ટિ સાથે મૈત્રી હતી. એમણે જંગલમાંથી વાઘને સાદ પાડ્યો અને વૃદ્ધાને કહ્યું, "આ વાઘ પર તમારો કોથળો મૂકી દો. એ તમારી સાથે આવશે. છેક તમારા ઘર સુધી આ કોથળો પહોંચાડી દેશે."

વૃદ્ધાએ કહ્યું, "આવું શાને કરો છો ? મારે તો તમારી મદદ જોઈએ છે."

"મારી મદદ ! મારી મદદ એ તો મોટી વાત થઈ. અરે ! આ મારો પ્રિય વાઘ તમારું કામ કરી આપશે, પછી શું ?"

વૃદ્ધાએ કહ્યું, "પણ ગામમાં જઈશ તો લોકોને શું કહીશ ? લોકો તો પૂછશે કે કોણે તને આવી સગવડ કરી આપી, તો મારે કહેવું પડશે કે એક નિર્દય અને ઘમંડી માનવીએ આવી સગવડ કરી આપી. એણે વાઘની પીઠ પર આ કોથળો મૂક્યો હતો."

સંત બાયજીદ બસ્તામીએ કહ્યું, "હું નિર્દય અને ઘમંડી ? કઈ રીતે ?"

વૃદ્ધાએ ઉત્તર આપ્યો, "તમે જાતે મદદ કરવાને બદલે વાઘને મદદ કરવાનું કહ્યું. એને વિના કારણે આવી તકલીફ આપી માટે તમે નિર્દય."

"એ બરાબર, પણ એમાં હું ઘમંડી ક્યાંથી થઈ ગયો ?"

વૃદ્ધાએ કહ્યું, "ઘમંડી એ માટે કે તમે બીજાઓને એવું બતાવવા માગો છો કે વાઘ જેવું માણસખાઉં પ્રાણી પણ તમારા વશમાં છે. તમારા કહ્યાગરા નોકરની જેમ એ કામ કરે છે. આનો અર્થ જ એ કે તમારે તમારો ઘમંડ બતાવવો છે."

એ દિવસે સૂફી સંત બાયજીદ બસ્તામીને આ વૃદ્ધા પાસેથી જીવનદૃષ્ટિ મળી.



# ૫૩ ખુદાની બંદગી કરી હોત તો !

લોહિયાળ યુદ્ધો કરીને વિજય પ્રાપ્ત કરનાર સમ્રાટ મરણ-પથારીએ આખરી શ્વાસ લેતો પડ્યો હતો. આજ સુધી વિરોધી રાજા કે એની સેનાની હત્યા કરતાં એનું રૂંવાડું ફરક્યું નહોતું. સ્ત્રીઓ અને બાળકોને એણે નિર્દય રીતે રહેંસી નાખ્યાં હતાં. જિંદગીભર એનો એક જ મકસદ હતો અને તે સંપત્તિની લૂંટ અને સામ્રાજ્યનો વિસ્તાર.

મૃત્યુશૈયા પર પડેલા રાજાની વેદનાનો પાર નહોતો. વૈદ્યો અને હકીમોને બોલાવ્યા, પણ કોઈ ઔષધ એની પીડાને ઓછી કરી શકતું નહોતું. મોતના બિછાના પર પડેલા રાજાને પોતાની આ અઢળક ધનસંપત્તિની ચિંતા થતી હતી. તનતોડ મહેનત કરીને એ કેટલાયની પાસેથી સંપત્તિ ઝૂંટવી લાવ્યો હતો. હવે એ સંપત્તિ કોઈ ઝૂંટવી જશે તો શું થશે ?

આવા વિચારથી વિક્ષુબ્ધ બનેલા રાજાએ રત્નો અને ઝવેરાતોનો ઢગલો કરાવ્યો. એ ઢગ પર પલંગ મૂકીને એનો ચોકીપહેરો કરવા માટે રાજા પોતે એના પર પલંગ નાખીને સૂતા.

રાજસેવકો રાજાની અકળામણ જોઈને આશ્ચર્ય પામતા હતા. એમને સમજાતું નહોતું કે આટલા ઝવેરાત પર પલંગ મૂકીને સૂવાનો અર્થ શો ? રાજાએ તો માન્યું કે પોતાની સંપત્તિની કોઈ ચોરી કરી જશે, એની ચિંતા તો ટળી. રોગ વધતો જતો હતો. આથી રાજાએ પલંગ નીચેનાં રત્નો-આભૂષણોના ઢગલાને ઉદ્દેશીને કહ્યું,

"મારા કીમતી હીરાઓ અને રત્નોનાં આભૂષણો ! તમને મેળવવા માટે મેં રાત-દિવસ જોયાં નથી. પાપ-પુણ્યનો વિચાર કર્યો નથી. તો આજે કોઈ પણ ભોગે તમે મને આ રોગમાંથી અને પીડામાંથી મુક્ત કરો."

રાજસેવકો રાજાનો પ્રલાપ સાંભળીને મૂંઝાઈ ગયા. ધીરે-ધીરે મરણ સમીપ આવતું જોઈને રાજાએ કહ્યું, "ઓહ ! આ રત્નો અને ઝવેરાત મેળવવા માટે મેં કેવી લૂંટ ચલાવી હતી અને ક્રૂર હત્યાઓ કરી હતી. પરંતુ હવે આ રત્નો પણ મને ક્રૂર મૃત્યુથી બચાવી શકે તેમ નથી."

સમ્રાટના મંત્રીએ કહ્યું, "મહારાજ, શાંત થાવ. આવી વ્યથા ત્યજી દો."

સમ્રાટે કહ્યું, "આ મારી વ્યથા નથી, પણ અફસોસ છે. એ વાતનું પારાવાર દુઃખ છે કે આ રત્નોનો ઢગલો હું પ્રભુના દરબારમાં લઈ જઈ શકીશ નહિ. મારું મૃત્યુ થતાં આ સઘળું અહીં જ પડ્યું રહેશે."

મંત્રીએ કહ્યું, "સમ્રાટ, કોઈ પોતાનું જર-ઝવેરાત મૃત્યુ બાદ સાથે લઈ ગયું છે ખરું ? આપ નાહક શાને આટલી બધી વ્યથા અનુભવો છો ?"

રાજાને સત્ય સમજાયું. એણે કહ્યું, "અરે ! મેં જેટલી મહેનત સંપત્તિ એકઠી કરવા માટે કરી, એટલી જહેમત ખુદાની બંદગીમાં વિતાવી હોત તો પુણ્યનાં પોટલાં બાંધી શકત. ખુદાના દરબારમાં લઈ જઈ શકત."



## ૫૪ કવિતા લખે, પ્રજાનું પેટ ભરાતું નથી !

રાજાના મનમાં એવો મક્કમ નિર્ધાર જાગ્યો કે મારે મારી પ્રજાને ધન-ધાન્યથી અતિસમૃદ્ધ કરવી છે. મારું રાજ્ય એવું હોય કે જ્યાં કોઈ ગરીબ શોધ્યોય ન જડે. દરેક વ્યક્તિની પાસે પોતાનું ઘર હોય અને સહુને કામ કરવાની તક હોય. સામાન્ય માનવીને પણ સુખમય જીવન પ્રાપ્ત થતું હોય, આથી રાજાએ પ્રજાકલ્યાણને માટે યોજનાઓ કરવા માંડી. ભૌતિક સાધનો ઊભાં કરવા માંડ્યાં.

એણે વિચાર્યું કે પ્રજા પુષ્કળ કામ કરે અને પુષ્કળ સુવિધાઓ પામે. આ માટે પ્રજાને પ્રચંડ પુરુષાર્થ કરવાનો અનુરોધ કર્યો.

રાત અને દિવસ રાજાના મનમાં એક જ વિચાર ચાલે કે મારા રાજ્યમાં કઈ રીતે જાહોજલાલી આવે. રાજાએ વિચાર્યું કે આ બધી કલાઓ કશી કામની નથી. કવિ કવિતા લખે, પણ એનાથી પ્રજાનું પેટ ભરાતું નથી. સંગીતકાર સંગીત રેલાવે, પણ એનાથી પ્રજાને કશો લાભ થતો નથી. આથી એણે પોતાના રાજ્યમાં સાહિત્ય, સંગીત જેવી કલાઓ પર પ્રતિબંધ મૂક્યો, એટલું જ નહીં પણ પ્રજાને આવી 'નિષ્ક્રિય' પ્રવૃત્તિથી દૂર રહેવાની ચેતવણીરૂપ સલાહ આપી.

એક દિવસ શિકારે ગયેલા રાજાના ઘોડાનો પગ લપસી જતાં રાજા એક ઊંડા ખાડામાં જોરથી પટકાયો અને મૂર્છા પામ્યો. એ મૂર્છામાંથી જાગ્રત થતો હતો, ત્યારે એના કાન પર મોહક ધૂન

સંભળાઈ. રાજાને આ ધૂન ખૂબ ગમી ગઈ. એનું હૃદય પુલકિત થઈ ગયું. દેહમાં કોઈ નવીન ચેતનાનો સંચાર થયો હોય તેવો અનુભવ થયો. એનાં થાક અને પીડા ભુલાઈ ગયાં.

રાજા મંત્રમુગ્ધ થઈને એ ધૂન સાંભળવા લાગ્યો. ઊભો થયો અને એ સૂર જે દિશામાંથી આવતા હતા તે દિશા તરફ ચાલ્યો. એણે જોયું કે એક વૃક્ષની નીચે એક બાળક તન્મય બનીને વાંસળી વગાડતો હતો. રાજા એના સૂરથી એટલો બધો પ્રભાવિત થયો હતો કે એ એની નજીક આવીને ચૂપચાપ બેસી ગયો. વાંસળીના સૂરનો આનંદ રાજાના મન પર છવાઈ ગયો.

રાજાએ એ ધૂન પૂરી થતાં એ બાળકને પૂછ્યું, “અરે, તું આવા ઘનઘોર જંગલમાં આવીને એકલો શા માટે વાંસળી વગાડે છે ?”

બાળકે કહ્યું, “અરે, આ નગરના રાજાએ સંગીત પર પ્રતિબંધ મૂક્યો છે. હું સંગીત વિના ક્ષણ પણ રહી શકતો નથી. મને વાંસળી ખૂબ ગમે છે. એના સૂરથી અનુપમ આનંદ મળે છે, તેથી હું આવા ઘનઘોર જંગલમાં આવીને વાંસળી વગાડું છું.”

રાજાને મૂર્છા વળી, તે સમયે એણે પણ સંગીતના એ આનંદ અને ઉલ્લાસનો તરબતર અનુભવ કર્યો હતો. રાજાને સમજાયું કે સુખ માત્ર ભૌતિક સાધનોમાં નથી. કલા પાસે પણ સુખ અને આનંદની શક્તિ છે. પ્રજાને માટે માત્ર ભૌતિક સમૃદ્ધિ જ પર્યાપ્ત નથી, આથી પોતાના રાજ્યમાં પાછા જઈને રાજાએ સંગીત અને સાહિત્ય પરથી પ્રતિબંધ દૂર કર્યો.



# ૫૫ એટલે મને ઈશ્વરે એક આંખ આપી છે !

‘પંજાબકેસરી’ તરીકે ઓળખાતા મહારાજા રણજિતસિંહે ઈ. સ. ૧૭૯૯ના જુલાઈમાં એ સમયના પંજાબના પાટનગર લાહોર પર વિજય મેળવ્યો. શીખોના ગુરુ નાનક અને ગુરુ ગોવિંદસિંહના સિક્કા એમણે ચલણમાં મૂક્યા. શીખ રાષ્ટ્રમંડળના નામથી તેઓ રાજ્યવહીવટ કરતા હતા. ઈ. સ. ૧૮૦૨માં શીખોનું પવિત્ર તીર્થધામ અમૃતસર એમણે જીતી લીધું. બહાદુર યોદ્ધા અને કુશળ સેનાપતિ એવા મહારાજા રણજિતસિંહ સઘળી સત્તા ધરાવતા હતા, તેમ છતાં પોતાને ‘ખાલસા’ના પ્રથમ સેવક માનતા હતા. શીખ ધર્મ પ્રત્યે એમની અગાધ આસ્થા હતી.

એક વાર એક મુસલમાન લહિયો મોટી આશા સાથે મહારાજા રણજિતસિંહ પાસે આવ્યો. એણે કેટલાંય વર્ષો સુધી અથાગ પરિશ્રમ કરીને સુંદર મરોડદાર, મોતીના દાણા જેવા અક્ષરોમાં ધર્મગ્રંથ ‘કુરાને શરીફ’ની એક હસ્તપ્રત તૈયાર કરી હતી. એ હસ્તપ્રત કોઈ રાજવીને આપીને સારી એવી કિંમત મેળવવાની આશાએ એ ઠેરઠેર ઘૂમતો હતો. કેટલાય રાજાઓને મળી ચૂક્યો હતો. સહુએ એની મહેનતની પ્રશંસા કરી, પરંતુ કોઈએ મોટી કિંમત આપી એ ખરીદવાની તૈયારી બતાવી નહિ.

મહારાજા રણજિતસિંહ આ કલાકારની કલા પર ખુશ થયા અને એને મોં માગી કિંમત આપી. એમણે આ હસ્તપ્રત પોતાના અંગત સંગ્રહાલયમાં રાખવાનો હુકમ આપ્યો.

મહારાજા રણજિતસિંહના મુસ્લિમ વજીર અજીજુદ્દીન ખાનને આશ્ચર્ય થયું કે મહારાજ પોતે શીખ ધર્મના અનન્ય ઉપાસક છે અને તેઓએ શા માટે અન્ય ધર્મનો ગ્રંથ આટલી મોંઘી કિંમત આપીને ખરીદ્યો ?

વજીર અજીજુદ્દીને મહારાજાને પ્રશ્ન કર્યો, "મહારાજ, આપ તો શીખ ધર્મના ચુસ્ત ઉપાસક છો, પરંતુ આપે મુસલમાનોના આ ગ્રંથનો આટલો સ્વીકાર અને આદર કેમ કર્યો ?"

મહારાજા રણજિતસિંહે કહ્યું, "અજીજુદ્દીન ખાન, કદરદાનીને સીમાડા હોતા નથી અને શક્તિ કોઈ સંપ્રદાયમાં બાંધી શકાતી નથી. તમે જાણો છો કે આપણા લશ્કરમાં શીખ, હિંદુ અને મુસ્લિમ કોમના સૈનિકો અને સેનાપતિઓ છે. આપણા મંત્રીઓ પણ વિવિધ ધર્મના અનુયાયીઓ છે. આપણા પાયદળ અને તોપદળમાં તો પચાસ જેટલા વિદેશી અધિકારીઓ છે. આથી મહારાજા રણજિતસિંહના રાજમાં ધર્મ કે પંથ જોવાતો નથી, શક્તિ અને કૌશલ જોવાય છે."

વજીર અજીજુદ્દીને કહ્યું, "મહારાજ, આપ એક ધર્મના ઉપાસક છો, માટે આમ કહું છું."

મહારાજા રણજિતસિંહને એક આંખ હતી. એથી એમણે માર્મિક રીતે કહ્યું, "જુઓ, બધા ધર્મ મારે માટે સમાન છે. એક આંખથી એક ધર્મને જોઉં અને બીજી આંખથી બીજા ધર્મને જોઉં તેવું ન બને તે માટે તો ખુદ ઈશ્વરે જ મને એક આંખે રોશની આપી છે, ખરું ને !"



## ૫૬ આજે અરણ્યમાં, તો કાલે અયોધ્યામાં !

અરણ્યમાં આવેલા રામ અને લક્ષ્મણ આશ્રમવાસીઓ સાથે બેઠા હતા. એમની સાથે બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર હતા. બ્રહ્મર્ષિ વિશ્વામિત્રના યજ્ઞકાર્યમાં રાક્ષસો વિઘ્ન કરતા હતા. અયોધ્યાથી આવેલા રામને અરણ્યની સ્થિતિનો કોઈ પરિચય નહોતો, પરંતુ તાડકાવધને પરિણામે એમને રાક્ષસોના ત્રાસનો ખ્યાલ આવ્યો.

ગુરુ વિશ્વામિત્રે કહ્યું, "આ રાક્ષસો આર્ય-સંસ્કૃતિના સૌથી મોટા દુશ્મનો છે અને તેઓ આપણા વેદોને ઉપાડી જાય છે. એનો અર્થ એટલો કે તેઓ આપણા મહાન ઋષિમુનિઓ અને આપણા દ્રષ્ટાઓએ આપેલા જ્ઞાનનું હરણ કરે છે. વળી આર્ય સંસ્કૃતિના પાયારૂપ યજ્ઞની ભાવના છે અને આ રાક્ષસો યજ્ઞમાં લોહી અને પરુનો વરસાદ વરસાવી એ યજ્ઞો અગ્નિનાં તાપણાં જેવા બની જાય તેવો પ્રયત્ન કરે છે."

આશ્રમવાસીઓએ કહ્યું, "આ રાક્ષસો આવીને ઋષિઓને ઉપાડી જાય છે અને પછી એમનાં હાડકાં અહીં નાંખી જાય છે."

ઋષિ વિશ્વામિત્રે કહ્યું, "અરે ! આપણી કન્યાઓનું પણ હરણ કરી જાય છે. જો સમયસર જાગીશું નહિ, તો આખીય આર્ય પ્રજાનું અસ્તિત્વ ભૂંસી નાખશે." આ સાંભળી શ્રીરામ અકળાઈ ઊઠ્યા અને લક્ષ્મણે તો ઊભા થઈને કહ્યું કે "આવા રાક્ષસોને તો પદાર્થપાઠ શીખવવો જોઈએ. શા માટે આપણે એમનો આવો ત્રાસ સહન કરીએ છીએ?"

ઋષિ વિશ્વામિત્રે કહ્યું, "કુમાર ! અયોધ્યા કે મિથિલાના

નગરજનોને આજે આશ્રમવાસીઓની આ વેદના અને ત્રાસનો ખ્યાલ નહિ હોય, પરંતુ આજે જે અરણ્યમાં છે, તે કાલે અયોધ્યામાં પણ બનશે." આ વચનો સાંભળતાં શ્રીરામે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું, "ઓહ ! તો શા માટે આપણે રાક્ષસોનો આવો ત્રાસ સહન કરીએ છીએ ? આપણી સંસ્કૃતિ ભૂંસાઈ જાય એવી ભયાવહ સ્થિતિ હોય, ત્યારે તો આવું એક ક્ષણ પણ સહન ન કરી શકાય."

ગુરુ વિશ્વામિત્રે કહ્યું, "અમને પણ એ જ આશ્ચર્ય છે ! સમાજમાંથી ક્ષાત્રવૃત્તિ પરવારે, ત્યારે સમાજ કાયર અને બીકણ થઈ જાય. આર્યો ક્લેશ-કલહથી દૂર રહે તે સાચું, પણ આવું ધૈર્ય એ તો આત્મઘાતક છે."

આ સાંભળી શ્રીરામે સીતાજીને કહ્યું, "લાવો, મારાં ધનુષ્યબાણ, આ રાક્ષસોના ત્રાસને હું દૂર કરીશ. ઋષિમુનિઓ નિરાંતે એમના યજ્ઞો કરે. આશ્રમવાસીઓ અરણ્યમાં સુખેથી ધર્મકાર્ય કરે."

આ સમયે સીતાએ રામને ધનુષ્યબાણ આપ્યાં, પણ સાથોસાથ કહ્યું પણ ખરું, "વનવાસ સમયે તમે હથિયાર ધારણ નહીં કરવાનું વ્રત લીધું હતું. સાધુની જેમ અરણ્યવાસ ગાળવાનો સંકલ્પ કર્યો હતો, ખરું ને ?"

રામે સીતાજીની ટકોરનો ઉત્તર આપતાં કહ્યું, "સીતે ! હું લક્ષ્મણને તજી શકું, તમને પણ તજી શકું, પણ ત્રાસ પામતા ઋષિમુનિઓ અને આશ્રમવાસીઓને બચાવવાનો મારો ક્ષત્રિયધર્મ કદી ન તજી શકું."



## ૫૭ | જુગારી અને પૂજારીને સરખી સજા !

ગાયોને સાક્ષાત્ માતા માનીને એનું પૂજન-અર્ચન કરતા શ્રેષ્ઠીએ એક સુંદર ગૌશાળાનું આયોજન કર્યું. ગાયોને રહેવા માટે વિશાળ અને સ્વચ્છ જગા તૈયાર કરી. પીવા માટે પાણી અને ઘાસચારાની સુંદર વ્યવસ્થા કરી.

એ પછી બે વ્યક્તિઓને આ ગૌશાળાની સંભાળ લેવાનું કામ સોંપ્યું; પરંતુ થોડા દિવસમાં તો શ્રેષ્ઠીને જાણ થઈ કે એમની ગૌશાળાની કેટલીક ગાયો મૃત્યુ પામી છે અને કેટલીક સાવ દૂબળી-પાતળી થઈ ગઈ છે.

જે બે ચાકરો રાખેલા, એમણે આ ગાયો પ્રત્યે પૂરતું ધ્યાન આપ્યું નહોતું. શ્રેષ્ઠીએ વધુ તપાસ કરી તો જાણવા મળ્યું કે એક નોકર જુગારનો વ્યસની હતો. આખો દિવસ જુગાર ખેલ્યા કરે. આથી ગાયોની સેવામાં તો શું, પણ સાચવણમાંય એ સહેજે ધ્યાન આપતો નહિ. થોડુંક કામ કરે અને પાછો જુગાર ખેલવા દોડી જાય. જુગારનું વ્યસન એવું કે એને જંપવા ન દે. ધન ખોયું હોય તો પાછું મેળવવા દોડે અને ધન મળ્યું હોય, તો વધુ ધનની લાલચે જુગાર રમવા જાય. આમાં ગૌસેવા થાય કઈ રીતે ?

શ્રેષ્ઠીએ તપાસ કરી, તો બીજો નોકર પણ આવો જ હતો, પણ એને જુદા પ્રકારની ધૂન હતી. એ આખો દિવસ પૂજા-પાઠમાં ડૂબેલો રહેતો. સવારે લાંબી ધર્મક્રિયાઓ કરીને ખૂબ મોડો આવે. વળી આવ્યા પછી માળા ગણવા લાગી જાય, જુદાંજુદાં ક્રિયાકાંડ

કરે. કામ છોડીને મંદિરમાં ભજન ગાવા જાય. આને પરિણામે કેટલીયે ગાયોને સમયસર ચારો-પાણી મળ્યાં નહીં અને મૃત્યુ પામી.

શ્રેષ્ઠીએ રાજાને ફરિયાદ કરી. રાજાએ એ બન્ને સેવકોને બોલાવ્યા. સહુને એમ લાગ્યું હતું કે રાજા જુગારીને કડક સજા કરશે અને પૂજાપાઠ કરનારને થોડી રાહત આપશે, કદાચ માફ પણ કરે; પરંતુ રાજાએ તો બન્નેને સરખી સજા કરી અને કહ્યું,

'કર્તવ્યની ઉપેક્ષા એ જ મોટો અપરાધ છે, પછી ભલે કોઈ પણ કારણથી થયો હોય.'



## ૫૮ ધન-દોલત અંધ બનાવે છે

શેઠ એમના કર્મચારી પર અકળાઈ ગયા. એમણે કર્મચારીને આપેલી રકમમાંથી કેટલીક રકમ એ કર્મચારીએ પોતે વાપરી નાખી હતી. બાજુમાં ઊભેલા શેઠના દીકરાએ તો કર્મચારીને ધમકી આપતાં કહ્યું કે હમણાં જ પોલીસ બોલાવું છું. તારે જેલની હવા ખાવી પડશે.

કાંપતા અવાજે કબૂલાત કરતાં કર્મચારીએ કહ્યું કે એની દીકરીનાં લગ્ન હતાં. એનો પગાર એટલો હતો કે એમાંથી કશી બચત થતી નહિ. ગમે તે ભોગે પ્રસંગ પાર ઉતારવો પડે તેમ હતું. આથી તમે આપેલી રકમમાંથી થોડી વાપરી નાખી, પણ આપની એ રકમ દૂધે ધોઈને ચૂકવી દઈશ.

કર્મચારીની કાકલૂદી સાંભળીને શેઠ વિચારમાં પડ્યા. એમનો પુત્ર તો કહેતો હતો કે હવે તને સજા કર્યા વિના જંપીશ નહિ.

કર્મચારીની આંખમાંથી આંસુ વહેતાં હતાં. શેઠે કહ્યું, "તારી વફાદારી હું જાણું છું. આજથી તારો પગાર બમણો કરી આપું છું."

પોલીસને બોલાવવા માગતો શેઠનો પુત્ર તો આ સાંભળીને અકળાઈ ગયો. એણે કહ્યું, "પિતાજી, આને સજા કરવાને બદલે તમે એનો પગારવધારો કરો છો ? કેટલી મોટી ભૂલ કરો છો?"

શેઠે કહ્યું, "બેટા, આને જો આપણે પોલીસને હવાલે કરીએ,

તો પહેલી વાત એ બને કે એનું આખું કુટુંબ બરબાદ થઈ જાય. બીજું એ પણ ખરું કે આપણે એની ભૂલના ભાગીદાર છીએ. આમાં આપણો પણ વાંક ખરો."

પુત્રએ કહ્યું, "પણ આપણે આપેલી રકમ એ પોતાના અંગત ખર્ચમાં વાપરે એમાં આપણો વાંકગુનો શો ?"

પિતાએ કહ્યું, "બેટા, આપણે એની પાસેથી કામ લીધું પણ એના કુટુંબનો ક્યારેય વિચાર કર્યો નહિ. આ આપણો મોટો અપરાધ, આથી જ મેં કરેલો પગારવધારો એ સર્વથા ઉચિત છે. વળી, યાદ રાખજે કે ક્ષમા જેવો બીજો કોઈ દંડ નથી."



# ૫૯ જેવા સંસ્કાર હશે, એવું ફળ મળશે

બે માણસો વચ્ચે મોટો વિવાદ જાગ્યો. બંને એકબીજાને અધમ ઠેરવવા પ્રયાસ કરતા હતા. એકે કહ્યું, "તારો આવતો જન્મ ભયાનક હશે. તું નક્કી કોઈ પ્રાણીરૂપે જન્મીશ. માણસ તરીકે પુનર્જન્મ પામવાને તું યોગ્ય નથી."

બીજાએ કહ્યું, "અરે ! તારાં કર્મોનો તો વિચાર કર, કેવાં અધમ કર્મો કર્યાં છે તેં ? આવાં કર્મોવાળો માનવી આવતા ભવમાં પ્રાણી તો થાય, પણ એવું પ્રાણી થાય કે જે જગતને દુઃખદાયી બને."

આમ બંને વચ્ચે આ ભવના વેરને કારણે આવતા ભવ અંગે વિવાદ જાગ્યો. આખરે આવતો ભવ કેવો હશે એ જાણવાનું બંનેએ નક્કી કર્યું. ભારતવર્ષ પર એમણે નજર ફેરવી તો જણાયું કે ભગવાન બુદ્ધ જેવા જ્ઞાની જ આનો ઉત્તર આપી શકે. આથી બંને ભગવાન બુદ્ધ પાસે ગયા. ભગવાન બુદ્ધને કહ્યું, "અમારા બંને વચ્ચે આવતા ભવ વિશે વિવાદ જાગ્યો છે. આપ આનો ઉકેલ આપો."

ભગવાન બુદ્ધે કહ્યું, "કહો, શો વિવાદ છે તમારો ?"

પહેલાએ કહ્યું, "ભગવન્ ! આ મારી સાથે આવેલ માનવીએ કૂતરા જેવાં કર્મો કર્યાં છે. એ પોતાના જાતભાઈઓ સાથે લડ્યો છે. એણે બીજાના વિરોધમાં સતત ભસ્યા કર્યું છે. વળી જેમ એ ભસી શકે છે તેમ જરૂર પડે પોતાનો લાભ જોઈને પૂંછડી પણ

પટપટાવી શકે છે. આથી હું માનું છું કે આવતા જન્મમાં એ કૂતરા તરીકે જન્મશે."

આ સાંભળતાં જ બીજાએ કહ્યું, "ભગવન્ ! આ તો ચિત્તા જેવો છે. ચિત્તો જેમ છુપાઈને તરાપ મારે એમ એને સજ્જનો પર તરાપ મારવાની ટેવ છે. પ્રાણીઓમાં સૌથી લુચ્ચું પ્રાણી ચિત્તો ગણાય છે. એ જ રીતે માનવીઓમાં સૌથી લુચ્ચો માનવ આ છે. આપ જ કહો, એની આવતા ભવે કઈ ગતિ થશે?"

ભગવાન બુદ્ધે કહ્યું, "જે બીજાને કૂતરો કહે છે તે સ્વયં કૂતરો થશે. જે બીજાને ચિત્તો કહે છે તે સ્વયં ચિત્તો થશે."

આ સાંભળતાં જ બંને અકળાઈ ઊઠ્યા. એમણે પૂછ્યું, "આવું કેમ ? શું અમારી આવી ગતિ થશે ?"

ભગવાન બુદ્ધે કહ્યું, "જેવા તમારા સંસ્કાર હશે એવું ફળ મળશે. જેવી કામના રાખશો તેવા તમે બનશો."

માણસની સાચી કિંમત એના વિચાર અને એની ભાવના પર છે. એના મનમાં શુભ ભાવ જાગતા હશે તો તેને આ જન્મમાં અને પછીના જન્મમાં શુભ ગતિ પ્રાપ્ત થાય છે. જે દુર્ભાવ સેવે છે તે અંતે દુઃખી ગતિ પામે છે. બીજાને પીડા આપનારો સ્વયં પીડિત બને છે. અને બીજાને યાતના આપનારો ખુદ યાતના પામે છે. જેવી ભાવના એવી સિદ્ધિ.



## ૬૦ દુઃખનું પોટલું બદલવા દોડાદોડી

ચહેરા પર વેદના, આંખમાં ઉદાસીનતા અને મન પર દુઃખનો ભારે બોજ લઈને એક યુવાન પરમાત્મા પાસે ગયો. એ મક્કમપણે માનતો હતો કે દુનિયાભરનાં સઘળાં દુઃખોનો વરસાદ ઈશ્વરે માત્ર એના પર જ વરસાવ્યો છે.

કોઈ પણ વ્યક્તિને એ જોતો તો મનમાં વિચારતો કે એ કેટલી બધી સુખી છે ! અને પોતે કેટલો બધો દુઃખી છે ! ક્યારેક પરમાત્મા પ્રત્યે અકળાતો, ક્યારેક ઉશ્કેરાતો, ક્યારેક ફરિયાદ કરતો અને ક્યારેક આજીજીભરી પ્રાર્થના કરતાં એ ગળગળો થઈને યાચના કરતો,

"હે પ્રભુ ! આ દુનિયામાં જ્યાં નજર નાખું છું ત્યાં બધે મારાથી સુખી લોકો જોવા મળે છે. હું એમ નથી કહેતો કે તું મને દુઃખ આપ નહીં; પરંતુ હું એટલું કહું છું કે તું દુઃખની ન્યાયી વહેંચણી કર. માત્ર મારે માથે જ દુઃખનો પહાડ નાખવાને બદલે ઓછામાં ઓછું એટલું તો કર કે હું સહન કરી શકું એટલું દુઃખ આપ."

પરમાત્મા પાસેથી કોઈ ઉત્તર ન મળતાં આ યુવાન વળી વિનંતી કરતો. "તારી આટલી પૂજા-સેવા કરું છું, તો મહેરબાની કરીને મારું એક નાનકડું કામ કરી આપ. મારા દુઃખની કોઈ બીજા સાથે અદલાબદલી કરી નાખ. મારું દુઃખ બીજાને આપ અને એનું દુઃખ મને આપ, તોપણ તારો ઘણો આભાર."

પરમાત્મા સાથે યુવાનનો આવો સંવાદ ચાલતો હતો, ત્યારે એક વાર યુવાને રાત્રે એક સ્વપ્ન જોયું. એણે જોયું તો એક વિશાળ ખંડમાં ઠેરઠેર ખીંટીઓ લગાડેલી હતી અને એમાં જે કોઈ દાખલ થતું, તે એ ખીંટી પર પોતાના દુઃખનું પોટલું લટકાવતું હતું સ્વપ્નમાં યુવકે જોયું તો ખંડમાં બેઠેલા બધા એના પરિચિતો હતા. એમાંથી કેટલાકને તો એ અતિ સુખી માનતો હતો. બધાનાં દુઃખનું પોટલું તો સરખું હતું. થોડા સમયે આકાશવાણી થઈ કે, જેણે પોતાનાં દુઃખનું પોટલું બદલવું છે તેઓ બદલી શકે છે. તમે તમને ગમતું દુઃખનું પોટલું ઉપાડીને બહાર જાવ.

આ સાંભળતાં જ બધા પોતાનું પોટલું લેવા માટે દોડ્યા. બધાએ પોતપોતાનું પોટલું લીધું. કોઈએ બીજાના પોટલાને હાથ પણ લગાડ્યો નહીં.

આ સમયે યુવાનની ઊંઘ ઊડી ગઈ અને સ્વપ્ને એને સમજ આપી કે રાત-દિવસ દુઃખમાં ડૂબ્યા રહેવાનો કોઈ અર્થ નથી. દુનિયામાં સહુ કોઈ દુઃખી છે. આથી ખરું કામ તો એ કરવાનું છે કે દુઃખોની સામે સંઘર્ષ કરીને સુખની શોધ કરવી.



## ૬૧ પુરોહિત રાવણના રામને આશીર્વાદ

રાજા રાવણ વૈશ્રવણ અને કૈકસીનો પુત્ર હતો. એ મહાપ્રતાપી યુદ્ધવિશારદ, કુશળ રાજનીતિજ્ઞ અને ઐશ્વર્યસંપન્ન હતો. દંડકારણ્યમાં વનવાસ ગાળતા રામલક્ષ્મણની ગેરહાજરીમાં રાવણે છળપૂર્વક સીતાજીનું હરણ કર્યું. રાવણ વિશે 'વાલ્મીકિ રામાયણ', 'મહાભારત', 'કૂર્મપુરાણ', 'પદ્મપુરાણ', 'દશાવતારચરિતમ્', 'આનંદ રામાયણ' અને 'રાવણવધ' જેવી કૃતિઓમાં ઉલ્લેખો મળે છે. રામ અને રાવણ વચ્ચેના વેરની વાત પ્રસિદ્ધ છે, પણ એમની વચ્ચેના સદ્‌ભાવની વાત જાણવા જેવી છે.

રાવણ સીતાનું દંડકારણ્યમાંથી હરણ કરીને લંકામાં લાવ્યો અને અશોકવાટિકામાં એમને રાખ્યાં.

રામ હનુમાનની વાનરસેના સાથે લંકા જવા નીકળ્યા. રાવણને પરાજિત કરીને સીતાને બંધનમાંથી મુક્ત કરવાં હતાં.

લંકા પહોંચતાં વચ્ચે સમુદ્ર આવ્યો અને તે સમુદ્રને પાર કરવા માટે સેતુ તૈયાર કર્યો. સેતુ (પુલ) તો તૈયાર થયો, પણ એના વાસ્તુ માટે પુરોહિત લાવવો ક્યાંથી ?

આજુબાજુ તપાસ કરી. પણ ઋષિમુનિઓ, બ્રાહ્મણો, એ તમામ રાવણના ત્રાસથી પરેશાન થઈ ગોદાવરીને કાંઠે ચાલ્યા ગયા હતા. છેક પંચવટી સુધી રાવણનું રાજ ચાલે, આથી આજુબાજુ ક્યાંયથી કોઈ બ્રાહ્મણ મળ્યો નહીં.

વાસ્તુની વિધિ કરાવ્યા વિના તો સેતુ પર પ્રવેશ કરાય કેમ? અને સેતુ વિના લંકામાં પહોંચાય કેમ ?

વાત વહેતી વહેતી લંકાના રાજા રાવણ પાસે આવી. તેણે સાંભળ્યું કે રાજા રામને સેતુની વાસ્તુવિધિ માટે કોઈ બ્રાહ્મણ મળતો નથી.

રાવણ બ્રાહ્મણ હતો. એ પોતાના વિરોધી રામચંદ્રની મુશ્કેલી કળી ગયો. રાવણનું બ્રાહ્મણ લોહી જાગી ઊઠ્યું.

એણે રામને સંદેશો મોકલાવ્યો અને કહ્યું કે, "કોઈ પણ મંગલ કાર્ય માટે બ્રાહ્મણ ન મળે તો તેને હું મારા બ્રાહ્મણત્વના ક્લંક સમાન ગણું છું. તમને વાંધો ન હોય તો હું પુરોહિત તરીકે ધર્મક્રિયા કરાવું."

ભગવાન રામે રાવણની વાત કબૂલ રાખી. રાવણ આવ્યો. બ્રાહ્મણ તરીકે બેઠો. સેતુનું વાસ્તુ કરાવ્યું.

કામ તો બધું બરાબર ચાલ્યું, પણ વિધિ એવી હતી કે ધર્મક્રિયા પૂર્ણ થયા બાદ પુરોહિત યજમાનને આશીર્વાદ આપે. જે આશયથી રચના કરી હોય તેમાં તેને સફળતા વરે તેવાં વચનો ઉચ્ચારે.

વાસ્તુની ક્રિયા પૂર્ણ થઈ. ભગવાન રામ પુરોહિત રાવણના પગમાં પડ્યા.

રાવણે એમને આશીર્વાદ આપતાં એમ કહ્યું, "હે યજમાન, તમારું કાર્ય સિદ્ધ થાઓ. એમાં તમને યશ અને કીર્તિ મળો."



# ૬૨ મારા કરતાં તમે વધુ યોગ્ય છો !

બંગાળી ગદ્યના આદ્યશિલ્પી, કેળવણીકાર, અને સમાજસુધારક એવા ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે અભ્યાસનો પ્રારંભ પાઠશાળાથી કર્યો. એ પછી કોલકાતાની સંસ્કૃત કૉલેજમાં દાખલ થયા અને ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરવા માટે એમને શિષ્યવૃત્તિ આપવામાં આવી. અહીં એમણે સાહિત્ય, વેદાંત, વ્યાકરણ, સ્મૃતિ, ન્યાય અને જ્યોતિષનો અભ્યાસ કર્યો. અભ્યાસમાં તેજસ્વી એવા ઈશ્વરચંદ્રને એમની શિક્ષણક્ષેત્રની સિદ્ધિઓ બદલ સંસ્કૃત કૉલેજના સંચાલકોએ 'વિદ્યાસાગર'ની માનાર્હ પદવી આપી. વળી એમણે સંસ્કૃત કૉલેજમાં સંસ્કૃત વ્યાકરણ ઉપરાંત અંગ્રેજી અને હિંદી ભાષામાં પણ નિપુણતા મેળવી.

એક વાર એક કૉલેજમાં સંસ્કૃત વ્યાકરણના અધ્યાપકની જગા ખાલી પડી. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની વિદ્વત્તા સર્વત્ર પ્રસિદ્ધ હોવાથી એમના જેવા શિક્ષણવિદ્ અને વિદ્વાનને આ સ્થાન માટે અરજી કરવાની કોઈ જરૂર નહોતી. કૉલેજના સંચાલકોએ જ એમને સામે ચાલીને નિમંત્ર્યા અને કહ્યું, "અમે કૉલેજમાં આપની સંસ્કૃત વ્યાકરણના અધ્યાપક તરીકે નિમણૂક કરીએ છીએ. આપ એ માટે સંમતિ આપો." આ સમયે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર પચાસ રૂપિયાના વેતનથી અન્યત્ર અધ્યાપનકાર્ય કરતા હતા, જ્યારે આ નવી નિમણૂક સ્વીકારે તો એમને દર મહિને નેવું રૂપિયાનું વેતન મળતું હતું.

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે સંચાલકોનો આભાર માનવાની સાથે નિમણૂકનો અસ્વીકાર કર્યો. એમણે કહ્યું કે આ વિષયમાં વધુ યોગ્ય વ્યક્તિ મારા મિત્ર તર્કવાચસ્પતિ છે. એમના જેવા સંસ્કૃત વ્યાકરણના મહાપંડિત આપણી પાસે હોય અને હું આ સ્થાને બેસી જાઉં એ તો અનૌચિત્ય કહેવાય. આપ તેઓની નિમણૂક કરો, તો તે સર્વથા યોગ્ય ગણાશે.

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના હૃદયની ઉદારતા જોઈને સંચાલકો પ્રસન્ન થયા. તર્કવાચસ્પતિની વ્યાકરણશાસ્ત્રના પંડિત તરીકેની નામનાથી તેઓ પરિચિત હતા, આથી એમણે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની વાત સ્વીકારી લીધી.

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર સ્વયં મિત્રને સમાચાર આપવા લાંબું ચાલીને કોલકાતાથી ઘણે દૂર આવેલા એક પરામાં એમના નિવાસસ્થાને પહોંચ્યા અને તર્કવાચસ્પતિને આ શુભ સમાચાર કહ્યા, ત્યારે તર્કવાચસ્પતિની આંખોમાંથી આંસુ સરી પડ્યાં. એમનું હૃદય વિદ્યાસાગરના વિવેક, મૈત્રી અને વિશાળતા આગળ નમી પડ્યું.



## ૬૩ માર મારનારને મીઠાઈ ખવડાવો

સ્વામી ઉગ્રાનંદજી સદા મસ્તીમાં ડૂબ્યા રહેનારા યોગી હતા. પરમાત્મા સાથેની લગની એવી કે આ જગતની કોઈ પરવા નહિ. સતત ભ્રમણ કરતા જ્યાં જાય ત્યાં ગામની બહાર વૃક્ષ નીચે વસતા, સાધના કરતા અને સર્વત્ર પરમાત્માનો અનુભવ કરતા. પ્રત્યેક વ્યક્તિને પરમાત્માનો અંશ માનતા અને એથી જ પ્રત્યેક વ્યક્તિને સ્નેહભાવથી જોતા હતા.

એક વખત ગામના એક ખેડૂતના બળદની ચોરી થઈ. ખેડૂત અને એના સાથીદારો લાઠી લઈને ચોરને શોધવા નીકળ્યા. એમણે ગામની બહાર ઝાડ નીચે સ્વામીજીને જોયા. માન્યું કે આ ચોરના સાથીદાર લાગે છે. એમની પાસેથી સાચી વાત કઢાવીએ, બધા સ્વામીજીને ધમકાવવા લાગ્યા. પણ સહિષ્ણુ સ્વામીજી શાંત રહ્યા એટલે ખેડૂત અને એમના સાથીઓ ગુસ્સે ભરાયા. એમણે સ્વામીજી પર લાઠીઓ વીંઝી અને વાત કઢાવવા માટે એક ઓરડીમાં પૂરી દીધા.

સવારે ખેડૂત સ્વામીજીને લઈને પોલીસથાણા તરફ ચાલ્યો. પોલીસથાણાનો જમાદાર સ્વામીને ઓળખતો હતો અને એમનો પરમભક્ત હતો. સ્વામીજીને આવતા જોઈને એ દોડી આવ્યો અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. આ જોઈને ખેડૂત અને એના સાથીદારો ગભરાઈ ગયા. જમાદારે સ્વામીજીની સ્થિતિ જોઈ.. એમના શરીર પર ઊઠેલા સોળ જોયા અને એનો પિત્તો ફાટી

નીકળ્યો. એણે પોલીસોને હુકમ કર્યો, “આ બધા નાલાયકોને ખૂબ મારો, સ્વામીજીને પકડતાં અને એમની આવી હાલત કરતાં એમને કોઈ શરમ આવી નથી. મારી-મારીને બેવડ વાળી દો.”

જમાદારનો હુકમ સાંભળી ખેડૂત અને એના સાથીઓ થરથર કાંપવા લાગ્યા. સિપાહીઓ એમના પર તૂટી પડવાની તૈયારીમાં હતા ત્યારે સ્વામીજીએ એમને અટકાવ્યા અને જમાદારને કહ્યું, “અરે જમાદાર, તું જો મારો પ્રેમી હોય તો આ લોકોને સહેજે કષ્ટ આપીશ નહિ. એમની કનડગત કરતો નહિ. એમને મીઠાઈ ખવડાવ.”

જમાદારે સ્વામીજીને વિનંતી કરી કે આવા લોકો તમારી રહેમને લાયક નથી. એમને તો સીધાદોર કરવા જોઈએ. પણ સ્વામીજીએ એની કોઈ વાતનો સ્વીકાર કર્યો નહિ. આથી જમાદારને નાછૂટકે મીઠાઈ મંગાવવી પડી અને ગુરુની આજ્ઞા મુજબ આ સહુને ખવડાવવી પડી.



# ૬૪ સંઘર્ષ જ સત્ત્વ અને શક્તિ આપે છે

પરમાત્માની વિચિત્ર રચના અને આયોજનશક્તિ જોઈને એક ખેડૂતનું હૈયું કકળી ઊઠ્યું. એણે જોયું કે પ્રભુ ક્યાંક ધોધમાર વરસાદ વરસાવે છે તો ક્યાંક પાણીનું ટીપુંય પડતું નથી અને દુષ્કાળ સર્જાય છે. ક્યારેક સખત તાપ ઊભા પાકને સળગાવી નાખે છે, તો ક્વચિત્ કારમી ઠંડી એને મૂરઝાવી નાખે છે. ક્યારેક માવઠું આવે છે, તો કદીક પૂર આવે છે. આ તે કેવી વિચિત્ર રચના ! આથી એ ખેડૂતે જઈને પરમાત્માને કહ્યું કે ભલે જગત આપને સર્વજ્ઞ માનતું હોય, પણ આપ ખેતીના શાસ્ત્રથી અનભિજ્ઞ છો. આને માટે આગવું સંતુલન જોઈએ. સમયબદ્ધ આયોજન જોઈએ. મને સોંપો, તો આપને એનો સાચો ખ્યાલ આવશે.

એ દિવસે પરમાત્મા મોજમાં હતા. એમણે કહ્યું કે જો એવું જ હોય તો, ચાલ આવતું આખું વર્ષ તને સોંપું. તારી ઇચ્છા પ્રમાણે તું કુદરતને રમાડી શકીશ. તારા કૃષિશાસ્ત્રના શાસ્ત્રીય જ્ઞાન પ્રમાણે તું આયોજન કરી શકીશ.

ખેડૂતે પરમાત્માના પ્રસ્તાવનો સાનંદ સ્વીકાર કર્યો અને પછી ખેતીના શાસ્ત્ર પ્રમાણે આયોજનબદ્ધ કામ કરવા લાગ્યો. જેટલા વરસાદની જરૂર હોય, બરાબર તેટલો જ વરસાદ પાડવા લાગ્યો. પ્રમાણસર ઠંડી અને જરૂરી તડકો જ આપ્યો. એણે જોયું તો મોટાં વૃક્ષ જેવડાં ઘઉંનાં ડૂંડાં થયાં હતાં.

એના આનંદની સીમા ન રહી. એ હર્ષભેર નાચી ઊઠ્યો.

વિચાર્યું કે પરમાત્માય સ્વીકારશે કે ખેતીની બાબતમાં એની નિપુણતાને કોઈ આંટી શકે તેમ નથી. કાપણીની વેળા થઈ ત્યારે એ ઉમંગભેર તૈયાર થઈ ગયો. પરંતુ આ શું ?

ઊંચાંઊંચાં ડૂંડાંમાં એક દાણોય ન મળે !

એ દોડતો પરમાત્મા પાસે ગયો અને ફરિયાદ કરી કે મેં ખેતીના શાસ્ત્રનું પૂર્ણરૂપે પાલન કર્યું, છતાં આમ કેમ થયું ? ત્યારે પરમાત્માએ કહ્યું કે ભલા ભાઈ, જરા વિચાર તો કર ! આ છોડને તેં સંઘર્ષની કોઈ તક જ આપી નહિ. એના પર ધ્રુજાવી નાખે એવા ઝંઝાવાત ન આવ્યા. શક્તિની કસોટી કરે તેવો આકરો તાપ કે કારમી ઠંડી એણે અનુભવ્યાં નહિ. મુશળધાર વરસાદમાં માથું ઊંચું રાખવા માટે એણે મહેનત કરી નહિ. મેઘની થરથરાવનારી ગર્જના કે વીજળીના ચોંકાવનારા ચમકારા એણે અનુભવ્યા નહિ, પછી એનો પ્રાણ કઈ રીતે સંગૃહી થાય? આવી આફતો અને દુઃખો જ આવાં ડૂંડાંને દાણા આપે છે.

હકીકતમાં સંઘર્ષ એ જ માનવીને સત્ત્વ આપે છે અને એની શક્તિ જગાડે છે. પડકારને કારણે ભીતરમાં પડેલી સુષુપ્ત તાકાત બહાર પ્રગટ થાય છે. જેમણે સંઘર્ષ અનુભવ્યો નથી, એમના જીવનમાં સત્ત્વ હોતું નથી. આથી જ સુખ અને વૈભવમાં જન્મનારી વ્યક્તિઓ જગતને નવી રાહ ચીંધી શકી નથી. જેણે મુશ્કેલીઓનો સામનો કર્યો, ઝંઝાવાતોનો અનુભવ કર્યો, એ જ આ જગતને કશુંક આપી શક્યા છે.



# ૬૫ ‘હું’ સર્વસ્વ નથી, પણ શૂન્ય છું

સમ્રાટ મિલિંદે ભિક્ષુ નાગસેનને દરબારમાં પધારવા આમંત્રણ આપ્યું. આમંત્રણનો સ્વીકાર કરતાં ભિક્ષુ નાગસેને કહ્યું, “પ્રેમને વશ હું આવીશ ખરો, પરંતુ સમ્રાટને એટલું કહેજો કે આ જગતમાં ભિક્ષુ નાગસેન જેવું કશું નથી. આ તો માત્ર એક ક્ષણભંગુર નામ છે.”

સમ્રાટ મિલિંદને નિમંત્રણના સ્વીકારથી આનંદ થયો. પણ ભિક્ષુ નાગસેનના ઉત્તરથી આશ્ચર્ય પામ્યો. એમણે કેમ આમ કહ્યું હશે કે ભિક્ષુ નાગસેન જેવું કશું જ નથી ! એ તો માત્ર ક્ષણિક સંજ્ઞા છે.

સમ્રાટને મળવા માટે રથમાં બેસીને ભિક્ષુ નાગસેન આવ્યા. સમ્રાટે આદરસત્કાર કરતાં કહ્યું, “પધારો, ભિક્ષુ નાગસેન, અમે આપનો હૃદયના અતિ ઉલ્લાસથી રાજસભામાં સત્કાર કરીએ છીએ. ભિક્ષુ નાગસેનનું અમે સ્વાગત કરીએ છીએ.”

તરત જ ભિક્ષુ નાગસેને ઉત્તર આપ્યો, “તમારા સ્વાગતનો સ્વીકાર કરું છું, પરંતુ ભિક્ષુ નાગસેન જેવું કશું છે જ નહિ.”

સમ્રાટે પૂછ્યું, “આપની વાત અમને સમજાતી નથી. એક બાજુ આપ અમારું સ્વાગત સ્વીકારો છો અને બીજી બાજુ કહો છો કે ભિક્ષુ નાગસેન જેવું કશું છે જ નહિ. આ કેવી રીતે બની શકે ?”

ભિક્ષુ નાગસેને કહ્યું, “સમ્રાટ ! જુઓ, હું તમને સમજાવું.”

આમ કહીને ભિક્ષુ નાગસેને રથના અશ્વોને મુક્ત કર્યા, પછી અશ્વો તરફ આંગળી ચીંધીને કહ્યું, "આ અશ્વો તે રથ છે ?"

રાજાએ કહ્યું, "અશ્વ તો અશ્વ જ છે. તે રથ કઈ રીતે હોઈ શકે ?"

પછી રથનું પૈડું દૂર કરીને પૂછ્યું, "રાજન્ ! તમે આને રથ કહેશો ખરા ?"

સમ્રાટ મિલિંદે કહ્યું, "આને રથ કઈ રીતે કહી શકાય ? આ તો માત્ર એનાં ચક્રો છે."

આ રીતે ભિક્ષુ નાગસેન એક-એક વસ્તુ દૂર કરતા ગયા અને સમ્રાટને પૂછતા ગયા. છેવટે કશું બાકી રહ્યું નહિ, ત્યારે ભિક્ષુએ પૂછ્યું,

"જેટલી વસ્તુઓ વિશે તમને મેં પૂછ્યું, તેના ઉત્તરમાં તમે કહ્યું કે આ રથ નથી, તે પણ રથ નથી. તો હવે બતાવો કે આ રથ ક્યાં છે ?"

સમ્રાટ વિચારમાં પડી ગયા. ભિક્ષુ નાગસેને સમજાવ્યું કે, "રથ એ અમુક ચીજ-વસ્તુઓનો સંગ્રહ છે. રથનું પોતાનું કોઈ અસ્તિત્વ નથી. એનું કશું સ્વ નથી. રાજન્, તમે અને હું પણ આવા જ છીએ. ખરેખર જોવા જાઓ તો આપણે શૂન્ય છીએ."



# ૬૬ પરમાત્મા પરિશ્રમ માગે છે

ગામ બહાર આવેલી કુટિરમાં હરિદાસ નામના સાધુ રહેતા હતા. કુટિરની આસપાસની જમીન પર ખેતી કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા; પરંતુ ક્યારેક દુષ્કાળ પડે અને ખેતરમાં કશું ઊગે તેમ ન હોય, ત્યારે ગામમાં જઈને જાતમજૂરી કરીને આજીવિકા મેળવી લેતા.

સંત હરિદાસને ત્યાં અનેક સાધુ-સંતો આવતા-જતા હતા. એક વાર મુશળધાર વરસાદ વરસી રહ્યો હતો, ત્યારે બહારથી અવાજ આવ્યો, "ઓ સાધુ મહારાજ ! તમે નિદ્રાધીન લાગો છો?"

હરિદાસે દ્વાર પર આવીને જોયું, તો કેટલાક સાધુઓ બહાર ઊભા હતા. તેમને આદરપૂર્વક કુટિરમાં લઈ આવ્યા અને કહ્યું,

"પ્રિય અતિથિઓ, આજ આપને ભોજન કરાવી શકું એવી મારી ગુંજાશ નથી. ઘણી ઇચ્છા છતાં શક્ય નથી. દુષ્કાળને કારણે કશું અનાજ પાક્યું નથી અને અનાવૃષ્ટિને કારણે ક્યાંય મજૂરી મળી નથી."

અતિથિ સાધુઓ આ સાંભળી આશ્ચર્ય પામ્યા અને એમણે પૂછ્યું, "અરે, ગ્રામજનો તમારા ભોજનનો પ્રબંધ કરતા નથી? તમને એ ભિક્ષા આપતા નથી ? શું એવા અધર્મી અને કઠોર લોકો ગામમાં વસે છે."

હરિદાસે હસતાં-હસતાં કહ્યું, "ના, એવું નથી. માગું એટલી ભિક્ષા અને ભોજન મને મળે તેમ છે; પરંતુ હું એનો સ્વીકાર કરતો નથી."

સાધુઓએ આનું કારણ પૂછતાં હરિદાસે કહ્યું, "ખેડૂતો ઘણી મહેનત કરીને અનાજ ઉગાડે છે. એમની એ મહેનતની કમાણી હું મફતમાં કઈ રીતે લઈ શકું ?"

આ સાંભળી અતિથિ સાધુઓએ કહ્યું, "અરે, એમાં શું ? આપ તો સાધુ છો, દાન-દક્ષિણા તો સ્વીકારવાં જોઈએ ને. તમારો એ અધિકાર છે. તમારે વળી મહેનત કરવાની શી જરૂર?"

હરિદાસે નમ્રતાથી કહ્યું, "મને એમ લાગે છે કે એક સાધુએ પણ પોતાની મહેનતથી જીવનયાપન કરવું જોઈએ. શા માટે આપણે બીજાની મહેનતની કમાણી પર આધાર રાખીએ ? આપણે આપણા આચરણથી બીજાને માટે ઉદાહરણ પ્રસ્તુત કરવું જોઈએ. પરિશ્રમથી ભાગનારી પરમાત્માની ઉપાસનાનો કોઈ અર્થ નથી, શ્રમમાં જ સાધુતા છે."

હરિદાસનો ઉત્તર સાંભળીને અતિથિ સાધુઓ નિરુત્તર બની ગયા.



# ૬૭ પ્રાણ લેશે પણ આત્મા નહિ લઈ શકે

ધર્મદીક્ષાની શિબિર સમાપ્ત થઈ અને ભગવાન બુદ્ધના તમામ ભિક્ષુઓ પરિવ્રજ્યાને માટે બહાર નીકળ્યા; પરંતુ દેવવર્ધન નામનો ભિખ્ખુ ભગવાન બુદ્ધની પાસે આવ્યો અને એણે એમની સમક્ષ વિનંતી કરી, "ભગવન્, મારી ઇચ્છા છે કે કલિંગ દેશમાં જઈને ધર્મપ્રચાર કરું. ભોગ અને ભ્રમથી દૂષિત થયેલા સમાજને સદાચારનો રાહ બતાવું. અહિંસા અને ત્યાગનો સંદેશ આપું. આપના સિદ્ધાંતોની વાત કરીને એમનું જીવન પ્રકાશિત કરું."

કલિંગ દેશનું નામ સાંભળતાં જ ભગવાન બુદ્ધે આંખો ઊંચી કરીને ભિખ્ખુ દેવવર્ધન તરફ જોયું. એને પાસે બોલાવીને કહ્યું, "વત્સ, તારી ભાવના ઉત્તમ છે; પરંતુ અતિ મુશ્કેલ છે. કલિંગના લોકો અતિ અધર્મી અને ઈર્ષાળુ છે. તું નિર્દોષ હોઈશ તોપણ તારા પર મિથ્યાદોષ લગાડશે, તને અપશબ્દો કહેશે, તારા પર પથ્થરો વરસાવશે, હડધૂત કરશે. માટે કલિંગ જવાનો તારો વિચાર ત્યજી દે."

ભિક્ષુએ વિનયપૂર્વક કહ્યું, "એથી શું ? એ માત્ર અપશબ્દો જ કહેશે ને, ફક્ત પથ્થરો જ ફેંકશે ને; પરંતુ મારી તો નહિ નાખે ને ?"

ભગવાન બુદ્ધે કહ્યું, "એવું માનવાની પણ જરૂર નથી. તેઓ ક્રોધિત થઈને તારા શરીર પર પ્રહાર કરતાં અચકાશે નહિ. મારી પણ નાખે."

ભિખ્ખુ દેવવર્ધને કહ્યું, "એમ શરીરને આવો દંડ આપવાથી શું થાય ? એ મારશે; પરંતુ તેથી શું ? આપે જ કહ્યું છે કે આ શરીર ધર્મકાર્યમાં યોજાય, તો પુણ્ય પ્રાપ્ત થાય છે. એ રીતે એ લોકો મારા પર ઉપકાર કરશે અને મારી મારીને શું મારશે."

ભગવાન બુદ્ધે ગંભીરતાથી કહ્યું, "મેં એમની નિર્દયતા જોઈ છે. તને રિબાવી-રિબાવીને તારા પ્રાણ હરી લે."

"મારા પ્રાણ જ હરશે ને ? આત્માને તો નહિ હરે ને ?"

ભગવાન બુદ્ધ ભિખ્ખુ દેવવર્ધનની દૃઢતા જોઈને પ્રસન્ન થયા અને કહ્યું, "એક સાચા ઉપદેશકની યોગ્યતા છે ક્ષમા, સહિષ્ણુતા અને નિષ્ઠા. એ બધા જ ગુણ તારામાં છે. તું જરૂર તારા કાર્યમાં સફળ થઈશ."



## ૬૮ તારી માફક દુનિયા નાસમજ છે !

શિકારે નીકળેલો રાજા જંગલમાં ઘણો દૂર નીકળી ગયો. એણે એનો અશ્વ એટલા વેગથી દોડાવ્યો કે સૈનિકો અને અંગરક્ષકો પાછળ રહી ગયા અને વનમાં ભૂલો પડ્યો. આસપાસ ગીચ ઝાડી સિવાય કશું દેખાય નહિ. ખૂબ લાંબો પંથ વેગથી કાપ્યો હોવાથી રાજા થાકીને લોથપોથ થઈ ગયો હતો. તરસ અને ભૂખને કારણે એનો જીવ જતો હતો.

દૂરદૂર સુધી નજર કરતાં એક નાનકડી ઝૂંપડી દેખાઈ. રાજા ત્યાં પહોંચ્યો. ઝૂંપડાવાસીએ આંગણે આવેલા અતિથિનું ભાવભીનું સ્વાગત કર્યું. એને પાણી આપ્યું અને પોતાની પાસે જે કંઈ હતું એ ભોજન આપ્યું. રાજાના જીવમાં જીવ આવ્યો અને અતિ પ્રસન્ન થયો. ઝૂંપડાવાસીની વિદાય લેતી વખતે એણે કહ્યું, "ભાઈ, તારી ભક્તિ અને ભાવનાથી હું ખુશ થયો છું. હું આ રાજ્યનો શાસક છું અને તને મારું આ ચંદનનું વન ભેટ રૂપે આપું છું, તેથી તારું બાકીનું જીવન સુખેથી પસાર કરી શકે."

ઝૂંપડાવાસીને ચંદનના વન પરનો અધિકાર મળ્યો, પરંતુ એને ચંદનની કોઈ જાણકારી નહોતી. એ તો ચંદનના વૃક્ષને કાપીને એનો કોલસો બનાવવા લાગ્યો અને તે શહેરમાં જઈને વેચવા લાગ્યો. આમ એની આજીવિકા ચાલવા લાગી, પરંતુ એમ કરવા જતાં વનનાં બધાં જ વૃક્ષો એણે કાપી નાખ્યાં. એનો કોલસો બનાવીને શહેરમાં વેચ્યો. માત્ર છેલ્લું વૃક્ષ બચ્યું હતું. એને

પણ કાપવાનો વિચાર કરતો હતો, ત્યાં વરસાદ આવતાં એ કોલસો બનાવી શકે તેમ નહોતો, તેથી એણે આ વૃક્ષનું લાકડું વેચવાનો નિર્ણય કર્યો.

લાકડાનો ભારો લઈને એ બજારમાં પહોંચ્યો, તો એની સુગંધથી પ્રભાવિત થયેલા લોકો ચંદનના કીમતી લાકડાની ઘણી મોટી કિંમત ચૂકવવા તૈયાર થયા. ઝૂંપડાવાસીને તો આશ્ચર્ય થયું. અરે, આવા લાકડાના આટલા બધા દામ ! એણે લોકોને પૂછ્યું કે શા માટે તમે આની આટલી બધી કિંમત ચૂકવવા તૈયાર થયા છો, ત્યારે લોકોએ કહ્યું, "અરે ! આ તો અતિમૂલ્યવાન ચંદનકાષ્ઠ છે. જો તારી પાસે આવાં વધુ કાષ્ઠ હોય તો એની ઘણી કિંમત ઊપજશે."

ઝૂંપડાવાસીને અફસોસ થયો કે મૂલ્યવાન એવા ચંદનના આખા વનને એણે કોડીની કિંમતે કોલસા રૂપે વેચી નાખ્યું. એને ખૂબ પસ્તાવો થવા લાગ્યો. પોતાની મૂર્ખતા માટે અને ગુમાવેલી તક માટે વસવસો કરવા લાગ્યો.

આ સમયે એક વિવેકશીલ વ્યક્તિએ એને સમજાવ્યું, "ભાઈ, પસ્તાવો છોડી દો. આ આખી દુનિયા તમારી જેમ જ નાસમજ છે. જીવનની પ્રત્યેક ક્ષણ બહુમૂલ્ય હોવા છતાં માનવી એને વાસના અને તૃષ્ણાની તૃપ્તિને માટે પાણીના મૂલે ગુમાવે છે. તારી પાસે જે એક વૃક્ષ બચ્યું છે એનો સદુપયોગ કરીશ, તોપણ તે કંઈ ઓછી વાત નથી. ઘણું ખોયા પછી પણ અંતે જો કોઈ માનવી જાગૃતિ પામે છે તો એને બુદ્ધિમાન ગણી શકાય."



## ૬૯ હું મારા સ્વભાવને છોડી શકું નહીં !

ગામની બહાર ઝૂંપડી બાંધીને ભગવદ્ભજનમાં લીન રહેતા સંતને એક દુર્જન ખૂબ સતાવતો હતો. આ સંત સદૈવ ભક્તિમાં મગ્ન રહેતા, ત્યારે આ દુર્જન એમની ઝૂંપડી પાસે આવીને તોફાન કરતો. સંત ધ્યાનમાં લીન હોય, ત્યારે મોટેથી બૂમબરાડા પાડતો અને પથ્થર મારતો.

ગામલોકોથી આ સહન થતું નહિ, તેથી તેઓ આ સંતને કહેતા કે આપ આટલી બધી ઈશ્વર-આરાધના કરો છો, આપની પાસે દૈવી શક્તિ છે, તો શા માટે આ દુરાચારીને એના વર્તન અંગે બોધપાઠ આપતા નથી ?

સંત હસીને કહેતા, "અરે ભાઈ, ક્ષમા એ તો મારો સ્વભાવ છે. મારાથી એને દંડ ન અપાય."

ગામલોકો અકળાઈને દલીલ કરતા, "ખુદ ભગવાન રામે પણ રાવણનો સંહાર કર્યો હતો. શ્રીકૃષ્ણે સુદર્શન ચક્ર ધારણ કર્યું હતું. એનો અર્થ જ એ કે શઠને એની શઠતા માટે દંડિત કરવો પડે."

સંત કહેતા, "અરે ભાઈ, હું ક્યાં એમના જેવો અવતારી પુરુષ છું ? હું તો સામાન્ય માનવી છું. મારે મન સહુ કોઈ સરખા. શત્રુ અને મિત્ર એકસમાન."

સંતના મૌનને જોઈને દુરાચારી બહેકી ગયો. સંતને હેરાન કરવા માટે એને મોકળું મેદાન મળી ગયું. એક દિવસ સંત

નજીકના આશ્રમમાં ગયા, ત્યારે આ દુરાચારીએ આવીને એમની ઝૂંપડીમાં જે કંઈ હતું તે બધું ચોરી લીધું. સંત પાછા આવ્યા અને જોયું તો એમની સઘળી ઘરવખરી ચોરાઈ ગઈ હતી.

ગામલોકોને આ વાતની ખબર પડી એટલે ઝૂંપડીની બહાર ગ્રામજનો ભેગા થયા.

સંતે નિર્વિકાર ભાવથી કહ્યું, "વાહ, ભગવાનની કેવી અસીમ કૃપા ! ઘરવખરી ગઈ, પણ માથા પરની છત તો રહી ને. હવે ગમે તેટલી ગરમી પડશે, પણ આ છત મારું રક્ષણ કરશે. વળી, ઝૂંપડીને કારણે આંધી અને વરસાદ પણ કંઈ કરી શકશે નહિ. બાકીની ચીજોનો કોઈ વિશેષ ઉપયોગ નહોતો, એથી એ ચાલી ગઈ તે પણ સારું થયું."

ગ્રામવાસીઓને સંતના ઉદાર અને ક્ષમાશીલ હૃદયનો અનુભવ થયો. સંત દુર્જન અંગે એક શબ્દ પણ બોલ્યા નહિ. થોડા સમયમાં તો ગામલોકો સંતને માટે જુદીજુદી સામગ્રી એકઠી કરવા લાગ્યા. નિર્વિકારી સંતની ઈશ્વરકૃપાની વાત સાંભળીને થોડા સમયમાં તો સંતનો સામાન ચોરનારી દુરાચારી વ્યક્તિ એમની પાસે આવી. અને સામાન પાછો આપવાની સાથે એણે ક્ષમા માગી.



## ૭૦ એ પ્રકાશ કદી બુઝાતો નથી !

'શતપથબ્રાહ્મણ' અને 'બૃહદારણ્યક' જેવાં ઉપનિષદોમાં યાજ્ઞવલ્ક્ય ઋષિનો ઉલ્લેખ મળે છે. તેઓ 'શુક્લ યજુર્વેદ'ના ઉદ્ભાવક અને 'યાજ્ઞવલ્ક્યસ્મૃતિ'ના રચયિતા છે.

આવા મહાન ઋષિને એક દિવસ જનક રાજાએ પૂછ્યું, "હે મહાત્મા, વ્યક્તિ કયો પ્રકાશ જોઈને જીવતી હોય છે અને કામ કરતી હોય છે."

ઋષિ યાજ્ઞવલ્ક્યે હસતાં-હસતાં કહ્યું, "રાજન્, તમે તો કોઈ બાળસહજ જિજ્ઞાસા હોય તેવો પ્રશ્ન પૂછો છો ! સહુ કોઈ જાણે છે કે માનવી સૂર્યના પ્રકાશને જુએ છે અને એ પ્રકાશમાં પોતાનું કામ કરે છે."

રાજા જનકે પૂછ્યું, "હે ઋષિરાજ, પણ સૂર્યનો અસ્ત થઈ ગયો હોય ત્યારે એની પાસે કયો પ્રકાશ હોય છે ?"

"આવે સમયે ચંદ્રના પ્રકાશમાં મનુષ્ય એનું કાર્ય કરે છે."

"પરંતુ ચંદ્રનો પ્રકાશ પણ દીર્ઘકાળપર્યંત તો રહેતો નથી. જે ઊગે છે તે આથમે છે. ચંદ્ર આથમી જાય પછી કયો પ્રકાશ માનવીને મદદરૂપ થતો હોય છે ?" જનકે પૂછ્યું.

ઋષિએ ઉત્તર આપ્યો, "ત્યારે એ અગ્નિના પ્રકાશમાં જુએ છે."

જનકે વળતો પ્રશ્ન કર્યો, "પણ અગ્નિનો પ્રકાશ ન હોય ત્યારે શું ?"

ઋષિ યાજ્ઞવલ્ક્યએ કહ્યું, "ત્યારે એ વાણીના પ્રકાશમાં જુએ છે."

રાજા જનકે પૂછ્યું, "પણ વાણીનો એ પ્રકાશ એને દગો દઈ જાય ત્યારે શું ?"

"રાજન્, એવું બને છે ખરું કે સૂર્ય, ચંદ્ર, અગ્નિ કે વાણી મનુષ્યને અમુક સંજોગોમાં પ્રકાશ આપી શકે નહિ. દિવસના અંતે સૂર્ય અસ્ત થાય છે. પ્રાતઃ કાળે ચંદ્ર ઝંખવાઈ જાય છે. વર્ષા સમયે અગ્નિનો ઉપયોગ શક્ય બનતો નથી અને વાણીનું તો શું કહેવું? એ તો પ્રકાશ આપેય ખરી અને અંધકાર સર્જે પણ ખરી ! હા, એ ખરું કે ઋષિમુનિઓની વાણી પ્રકાશમય હોય છે, પરંતુ એય ક્વચિત્ દગો કરે ખરી."

રાજા જનકે કહ્યું, "હે ઋષિરાજ, મારે તો એવા પ્રકાશને જાણવો છે કે જે ક્યારેય ઝંખવાય નહિ, અસ્ત થાય નહિ, જે ક્યારેય રૂંધાતો કે દગો દેતો ન હોય !"

ઋષિ યાજ્ઞવલ્ક્યે કહ્યું, "રાજન, એક એવો પ્રકાશ છે કે જે સદૈવ મનુષ્યનો માર્ગ અજવાળતો રહે છે અને તે છે આત્માનો પ્રકાશ. સૂર્ય, ચંદ્ર, અગ્નિ કે વાણી એની પ્રકાશમયતા ગુમાવી દે, તોપણ આત્મા મનુષ્યના માર્ગમાં પ્રકાશ પાથરે છે. આત્માનો એ પ્રકાશ કદી અસ્ત પામતો નથી. એ સદૈવ માનવી સાથે રહીને એને માર્ગદર્શન આપે છે."

ઋષિના આ ઉત્તરથી રાજા જનક સંતુષ્ટ થયા.



## ૭૧ જાતમહેનતથી જ જાત સ્વસ્થ બનશે

સઘળાં સુખ-સુવિધા હોવા છતાં ધનવાન સતત બીમાર રહેતા હતા. ક્યારેક એમને બેચેની લાગતી અને અનિદ્રાની બીમારી તો એમની સદાની સાથી હતી. એમના શરીરની સ્થૂળતા અને પેટનો ઘેરાવો સતત વધતાં જતાં હતાં. હેરાન-પરેશાન એવા આ ધનવાને બધા ઉપાયો અજમાવી જોયા.

એક વાર એમણે એક સંતનું પ્રવચન સાંભળ્યું અને પ્રવચનથી પ્રભાવિત થઈને તેઓ એ સંતને મળવા ગયા. ધનવાને પોતાની ધન-સમૃદ્ધિનું વિસ્તૃત વર્ણન કર્યું. પોતાની રોજની આવકના આંકડા કહ્યા અને ગામેગામ રહેલી પોતાની સમૃદ્ધ પેઢીઓની માહિતી આપી.

સંતે આ સઘળું શાંતિથી સાંભળ્યું અને સાથોસાથ ધનવાનને કહ્યું, "ઓહ, તમારી પાસે આટલાં બધાં સુખ-સાહ્યબી છે, તો હવે જીવનમાં શું જોઈએ ? તમારી જિંદગીમાં તો એકલો આનંદ જ હશે, ખરું ને ?"

આ સાંભળી ધનિકે નિસાસો નાખતાં કહ્યું, "ક્યાં આનંદ છે? ભોજન માટે એક-એકથી ચઢિયાતા મેવા-મીઠાઈ છે; પરંતુ પાચન થતું નથી. સુખને માટે સઘળાં સાધનો છે, છતાં બીમારી પીછો છોડતી નથી. સઘળું છે, છતાં શાંતિ નથી. આનું કોઈ કારણ આપ બતાવો."

સંતે કહ્યું, "આનું કારણ એટલું જ કે આપ અપંગ છો."

આ સાંભળતાં જ શેઠ ઊછળી પડ્યા અને બોલ્યા, "આપ શું કહો છો ? મારું એકેએક અંગ સ્વસ્થ છે, મારા હાથ અને પગ સહીસલામત છે, પછી હું અપંગ શી રીતે ?"

સંતે હસતાં-હસતાં કહ્યું, "ભલા માણસ, અપંગ એ નથી કે જેની પાસે હાથ-પગ ન હોય; પરંતુ અપંગ એ છે કે જેની પાસે હાથ-પગ હોવા છતાં એનો ઉપયોગ કરતા નથી અને તમે એવા અપંગ છો."

શેઠે આજીજીભર્યા સ્વરે કહ્યું, "આપ કહો તેટલું ધન ખર્ચવા તૈયાર છું, પણ મને આનો કોઈ ઉપાય બતાવો."

સંત બોલ્યા, "આનો ઉપાય ધન ખર્ચવાથી નહિ, પણ જરૂરિયાત ઘટાડવાથી થશે. પહેલાં તમારા નોકરોની ફોજની સંખ્યા ઓછી કરી નાખો. પછી તમારા હાથ-પગ પાસેથી કામ લો અને નિયમિત વ્યાયામ કરશો એટલે ભૂખ લાગશે અને બીમારી ભાગશે."

શેઠ એ દિવસથી જાતમહેનત કરવા લાગ્યા અને એને પરિણામે એમની જાત સ્વસ્થ થઈ.



## ૭૨ એ પહેલાં હતો, એવો આજે નથી

વિભૂતિઓની સાથે જ વિરોધીઓ જન્મતા હોય છે. અવતારી પુરુષ હોય કે મહાપુરુષ હોય - પણ બધાને શત્રુ તો હોય જ. ભગવાન બુદ્ધના ઉપદેશે ભારતવર્ષમાં એક નવી હવા ફેલાવી હતી અને અનેક લોકો એમના ઉપદેશનું અનુસરણ કરતા હતા, પરંતુ એક વ્યક્તિને ભગવાન બુદ્ધ પ્રત્યે વિના કારણે દ્વેષ જાગ્યો. જેમજેમ એમની કીર્તિ અને પ્રસિદ્ધિ સાંભળતો ગયો, તેમતેમ એના ભીતરનો દ્વેષ વધુ ઉગ્ર થવા લાગ્યો.

એક દિવસ એને ખબર પડી કે ગામની બહાર ઉદ્યાનમાં ભગવાન બુદ્ધ આવ્યા છે એટલે એ સાત ભવનું વેર વાળવા માગતો હોય એટલો ક્રોધ કરીને એમની સામે ધસી આવ્યો. ઘૃણા અને નફરતથી એમની સામે જોયું અને એમના મુખ પર જોરથી થૂંક્યો.

આ જોઈને આસપાસ ઊભેલા ભિખ્ખુઓ ગુસ્સે થઈ ગયા. ગુરુ પ્રત્યેનું આવું દુર્વર્તન કઈ રીતે સાંખી શકાય ? બે-ત્રણ ભિખ્ખુઓએ પેલાને પકડ્યો અને બીજા એને મારવા માટે ઉદ્યુક્ત થયા.

ભગવાન બુદ્ધે પોતાનો એક હાથ ઊંચો કરીને ભિખ્ખુઓને શાંત રહેવા કહ્યું અને બીજા હાથે વસ્ત્રથી મુખ પરનું થૂંક લૂછી નાખ્યું. જાણે કશું જ બન્યું ન હોય ! એમણે સ્નેહપૂર્વક એ ક્રોધાયમાન વ્યક્તિને પૂછ્યું, "ભાઈ, તારે કંઈ કહેવું છે ?"

પેલી વ્યક્તિ તો ગુસ્સામાં મોં ફેરવીને ચાલી નીકળી અને ભગવાન બુદ્ધની ઉપદેશધારા પુનઃ અસ્ખલિત વહેવા માંડી.

એમના મુખ્ય શિષ્ય ભિખ્ખુ આનંદથી આ સહન થયું નહિ એટલે એમણે પૂછ્યું, "આપનું આવું ઘોર અપમાન કર્યું, તેમ છતાં આપે એને કશું કહ્યું નહિ, કોઈ ઠપકો આપ્યો નહિ કે કોઈ બોધ આપ્યો નહિ. વળી વધારામાં એમ પૂછ્યું કે તારે કંઈ કહેવું છે ? આ તે કેવું ?"

ભગવાન બુદ્ધ મૌન રહ્યા. થોડા દિવસો બાદ ફરી એ વ્યક્તિ ભગવાન બુદ્ધની પાસે આવી. એને પોતાના દુર્વર્તનનો પશ્ચાત્તાપ થયો હતો. એ બુદ્ધનાં ચરણોમાં પડ્યો અને ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યો. ભગવાન બુદ્ધે એ જ પ્રશ્ન કર્યો, "ભાઈ, તારે કંઈ કહેવું છે ?"

પશ્ચાત્તાપનાં આંસુથી ભરેલી આંખો અને ભીંજાયેલા હૃદયવાળી એ વ્યક્તિ કશું બોલી શકી નહિ અને બે હાથ જોડીને એણે વિદાય લીધી.

ભગવાન બુદ્ધે પોતાની પાસે ઊભેલા ભિખ્ખુ આનંદને કહ્યું, "જોયું ને. પૂર્વે પણ આ વ્યક્તિને બોલવા માટે શબ્દો મળતા નહોતા અને આજે પણ એની એ જ અવસ્થા છે. પરંતુ એ માનવી પહેલાં હતો, તેવો આજે નથી."



## ૭૩ જુઓ ! અત્યારે પણ એ જ ઉંમર છું !

વિશાળ રાજ્યના અધિપતિ ખલીફા ઉમર બિન અબ્દુલ અઝીઝ રાત્રે દીપકના પ્રકાશમાં એકાગ્રતાથી લેખન-કાર્ય કરતા હતા. એવા સમયે એકાએક એક અતિથિ આવ્યા. એમણે ખલીફાને લેખનકાર્ય કરતા નિહાળ્યા અને સાથોસાથ બુઝાવાની તૈયારી કરતી દીપકની જ્યોત પણ જોઈ. એ દીપકમાં તેલ ઓછું હતું અને એની જ્યોત કોઈ પણ ક્ષણે ઓલવાઈ શકે તેમ હતું.

અતિથિને થયું કે જો દીવો ઓલવાઈ જશે, તો ખલીફાના લેખનકાર્યમાં વિક્ષેપ પડશે.

એ બોલ્યા, "આપ મને કહો, તેલ ક્યાં છે ? હું દીપકમાં તેલ નાખી દઉં."

ખલીફાએ કહ્યું : "ક્ષમા કરજો. આપ એવું કરશો નહીં, અતિથિને આદર આપવાનો હોય, એની સેવા લેવાની ન હોય, આપની પાસે આવું કાર્ય કરાવવું હું યોગ્ય માનતો નથી."

અતિથિએ કહ્યું, "ખેર ! આપ અતિથિ પાસે એ કાર્ય કરાવો નહિ એ બરાબર, પરંતુ નોકર પાસે તો કરાવો. એને ઊંઘમાંથી ઉઠાડીને દીપકમાં તેલ નાંખવાનો હુકમ કરો, તો એ તેલ નાખી દેશે."

આ સાંભળી ખલીફા બોલ્યા, "પણ કોઈની ઊંઘમાં ખલેલ પહોંચાડવી તે યોગ્ય નથી. રાત્રે આરામ કરવો એ મારા નોકરનો અધિકાર છે. હું એની પાસેથી એનો હક કઈ રીતે છીનવી શકું ?"

આટલું બોલીને ખલીફા સ્વયં ઊભા થયા. તેલ લાવીને દીપકમાં નાખ્યું. અતિથિને ભારે આશ્ચર્ય થયું. વિશાળ રાજ્યના માલિક એવા ખલીફાને કહ્યું, "ઓહ ! આપે શા માટે આટલું બધું કષ્ટ લીધું, આપના જેવી વ્યક્તિએ આવું કામ કરવું જોઈએ નહિ."

ખલીફાએ કહ્યું, "આમાં કષ્ટ શેનું ? કામ કરવાથી કોઈ નાનું થઈ જતું નથી અને કામ નહીં કરવાથી કોઈ મોટું થઈ જતું નથી. જુઓ, તેલ નાખવા ગયો ત્યારે હું ઉમર હતો અને અત્યારે પણ એ જ ઉમર છું."



## ૭૪ મનને નિર્મળ કરવાનો ઉપાય

એક વૃદ્ધપુરુષે સંતને કહ્યું કે હવે હું ઘણો વૃદ્ધ થઈ ગયો છું. જીવનને આરે આવી ચૂક્યો છું. કોઈ એવો ઉપદેશ આપો કે જેથી મારું ચિત્ત પૂર્ણરૂપે નિર્મળ થાય અને મનમાં કોઈ પણ પ્રકારના લોભ, મોહ આદિ તૃષ્ણા જાગે નહિ.

સંતે હસતાં-હસતાં કહ્યું, "જુઓ, જે સમયે તમારા મનમાં લોભ જાગે એટલે મનોમન સંકલ્પ કરી લેવો કે હવે આજથી હું ઈશ્વરે આપેલું અન્ન ખાઈશ નહિ. બસ, આવો સંકલ્પ કરશો એટલે તમને સિદ્ધિ મળી જશે."

વૃદ્ધપુરુષ બોલ્યા, "આ તો આપનો કેવો ઉપદેશ ? અન્ન વિના પ્રાણ ટકે કેમ ? અન્ન તો ખાવું જ પડે ને. આને બદલે મોહવિજયનો કોઈ બીજો સરળ ઉપાય બતાવો."

સંતે કહ્યું, "બરાબર, એક બીજો પણ ઉપાય છે. મનમાં મોહ જાગે તો ભગવાનને કહેવું કે હે પ્રભુ, હવે હું આપની ધરતી પર નહિ જીવું. ક્યાંક બીજે ચાલ્યો જઈશ."

"હે સંતપુરુષ ! મને સમજાતું નથી કે આપ મને ઉપદેશ આપો છો કે મારી મજાક ઉડાવો છો ? આ પૃથ્વી પર ન રહું તો જાઉં ક્યાં ? વળી હજી મારે પરલોક જવાનો સમય પાક્યો નથી. માટે આપની આ વાત મારાથી શક્ય નથી.'

સંતે કહ્યું : "એક સૌથી સરળ અને અંતિમ ઉપદેશ આપું છું. જો તમે એને આત્મસાત્ કરી લેશો, તો તમારું મન નિર્મળ

અને પવિત્ર થઈ જશે. જ્યારે પણ તમારા મનમાં વૃત્તિને તૃપ્ત કરવાની ઇચ્છા થાય તો જરૂર કરવી, પરંતુ એવી જગ્યાએ છુપાઈને કરવી કે જેથી ઈશ્વર તમને જોઈ શકે નહિ.'

"ઓહ ! ઈશ્વર તો સર્વત્ર વ્યાપ્ત છે. એ કણ-કણમાં બિરાજમાન છે. આથી હું કોઈ અંધારી કોટડીમાં કે કોઈ ગુપ્ત ભોંયરામાં પાપકર્મ કરું, તોપણ એ જોઈ લેશે. માટે આ તો સાવ અશક્ય છે."

સંતે કહ્યું : "વત્સ ! તમે આ જાણો છો, તેમ છતાં તૃષ્ણા જેમ નચાવે તેમ નાચો છો. મનને નિર્મળ કરવું હોય તો કોઈ ઉપદેશ કે કશાય માર્ગદર્શનની જરૂર નથી. દૃઢ વિશ્વાસ અને મજબૂત ઇચ્છાશક્તિ સાથે ઉમદા કામ કરવાનો સંકલ્પ કરો, તો મન આપોઆપ નિર્મળ થઈ જશે. દૃઢતાથી સચ્ચાઈના પંથ પર ચાલશો, એ દિવસે તમારી ઇચ્છા વણમાગે પૂર્ણ થઈ જશે."

આખરે વૃદ્ધપુરુષને સંતની વાતનો મર્મ સમજાયો.